Website : www.rakhewaldaily.com Email : rakhewal@gmail.com

વર્ષ : 33 ● અંક : ૧૭૬
તા. ૩૧-૦૭-૨૦૧૭, સોમવાર
સંવત ૨૦૭૩ શ્રાવણ સુદ - ૦૮
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૧૦ સૂર્યાસ્ત : ૦૭:૨૨

તાપમાન: ડીસા ૩૦.૧ | અમદાવાદ ૨૯.૯ | ગાંધીનગર ૩૦.૨ | વડોદરા ૨૭.૬ | સુરત ૨૮.૨ | નલિયા ૩૦.૬

ચાંદી : ૩૮૮૦૦ સોનું : ૨૯૦૦૦

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71 Facebook.com/rakhewal

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

# રખેવાળ

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

# દેશના નિર્માણમાં યોગદાન આપવાનો સમય છે : મોદી

## મન કી બાત કાર્યક્રમમાં ઈકોફ્રેન્ડલી ગણેશની અપીલ : ૨૦૧૭ને સંકલ્પ વર્ષ તરીકે ઉજવવા માટેની પણ અપીલ

નવીદિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે સવારે ૩૪મી વખત મન કી બાત કાર્યક્રમમાં દેશના લોકો સાથે વાત કરી હતી. મન કી બાત કાર્યક્રમમાં મોદીએ જુદા જુદા વિષયો ઉપર વાત કરી હતી. તેમણે કહ્યું હતું કે, ભારત છોડો આંદોલનના ૭૫ વર્ષ પૂર્ણ થવા જઈ રહ્યા છે ત્યારે આ વર્ષે ૧૫મી ઓગસ્ટના દિવસે સંકલ્પ દિવસ તરીકે મનાવવાની જરૂર છે. મોદીએ ભારત છોડોનો નારો આપનાર સ્વતંત્રતા સૈનાની યુસુફ મહેલ અલીને યાદ કર્યા હતા. મોદીએ કહ્યું હતું કે, આજે ગંદગી ભારત છોડો, ગરીબી ભારત છોડો, જાતિવાદ ભારત છોડો, સાંપ્રદાયિકવાદ ભારત છોડો જેવા નારાની જરૂર છે. દેશની સાથે પોતાની વાતચીતમાં મોદીએ મહાત્મા ગાંધી, જયપ્રકાશ નારાયણ અને રામમનોહર લોહિયાને યાદ કર્યા હતા. તેમણે ઉમેર્યું હતું કે, હવે દેશ માટે જાન દેવાની જરૂર નથી પરંતુ જીવિત રહીને દેશ નિર્માણમાં યોગદાન આપવાની જરૂર છે. મોદીએ ઉમેર્યું હતું કે, ૨૦૧૭થી ૨૦૨૨ સંકલ્પ સિદ્ધિના વર્ષ છે. ૨૦૧૭ને સંકલ્પ વર્ષ તરીકે મનાવવાની અપીલ કરી હતી. પર્યાવરણની રક્ષા કરવા પણ તેઓએ અપીલ કરી હતી. આવનાર ગણેશ મહોત્સવ દરમિયાન ઈકો ફ્રેન્ડલી ગણેશ ઉત્સવ બનાવવાની અપીલ કરી હતી. માટીના ભગવાન ગણેશ બનાવીને ગરીબ લોકોની મદદ કરવા મોદીએ અપીલ કરી હતી. ભારતીય મહિલા ક્રિકેટ ટીમના શાનદાર દેખાવ બદલ તેમની પણ પ્રશંસા કરી હતી. હારી ગયા બાદ પણ દેશવાસીઓ જે રીતે સમર્થનમાં આગળ આવ્યા હતા તેને લઈને આભાર માન્યો હતો. દેશભરમાં અનેક રાજયોમાં પૂરની સ્થિતિ પ્રવર્તી રહી છે. આવી સ્થિતિમાં રાહત અને બચાવ કામગીરી માટે ૧૦૭૮ નંબરની શરૂઆત કરવામાં આવી છે. મોદીએ ઉમેર્યું હતું કે, આ વર્ષે ૧૫મી ઓગસ્ટના દિવસે તેમના લાલ કિલ્લા પરથી આપવામાં આવનાર ભાષણને ટુંકાવવાના તેઓ પ્રયાસ કરશે. સ્વતંત્રતા દિવસના ભાષણને લઈને હમેશા ચર્ચા થતી રહી છે.

## વિચાર વૈભવ...

### મા તો બધાની એક સરખી જ હોય ને !

મુંબઈ જેવા કોઈ મોટા શહેરની સિટી બસમાં એક માણસ ઉદાસ બેઠો હતો. ગામડેથી એ શહેરમાં કમાવા માટે આવ્યો હતો. એની ઘરડી મા ગામડે એકલી રહેતી હતી. આ માણસ શહેરમાં કાળી મજૂરી કરતો હતો. દર મહિને જે કાંઈ કમાણી થાય એમાંથી ૫૦૦ રૂપિયા પોતાની માને મનીઓર્ડરથી મોકલી દેતો. જો કે ગામડે રહેતી એની માને તો ૫૦૦ રૂપિયા પણ ઘણા બધા લાગતા. એ તો એટલા પૈસાથી પણ ખૂબ ખુશ થઈ જતી. ગામના ટપાલી પાસે એ કાગળ લખાવતી અને દીકરાને ખૂબ આશીર્વાદ આપતી.

પરંતુ આજે એ માણસ ઉદાસ બેઠો હતો, કારણ કે આજે એની નોકરી ચાલી ગઈ હતી. જેની નીચે એ કામ કરતો હતો એ શેઠે એને બીજા દિવસથી કામ પર આવવાની ના પાડી દીધી હતી. એને થતું હતું કે હવે શું થશે? ઘરડી માને 'આ વખતે ૫૦૦ રૂપિયા નહીં મોકલી શકાય' એવું લખેલું પોસ્ટકાર્ડ એણે પોતાના ખિસ્સાના પાકીટમાં રાખ્યું હતું. પરંતુ બપોરથી એ પોસ્ટ કરવાની એની હિંમત નહોતી ચાલતી.

વિચારોના વમળમાં ફસાયેલા અને ચિંતાના ચકરાવે ચડેલા મનને માંડ સંભાળતો એ પોતાનું સ્ટોપ આવતા બસમાંથી ઉતર્યો. પોતાની રહેવાની જગ્યા તરફ જતાં રસ્તામાં એને પોસ્ટનું લાલ ડબલું નજરે પડ્યું. એ સાથે જ એને માને લખેલ પોસ્ટકાર્ડ યાદ આવી ગયું. એને મનમાં થયું કે ભલે માને થોડું દુઃખ થાય, પણ એની સાચી વાત જણાવવી તો જોઈએ જ. મન મક્કમ કરીને અને હિંમત ભેગી કરીને એણે પોતાનું પાકીટ કાઢવા ખિસ્સામાં હાથ નાખ્યો.

એ સાથે જ એ એક ઊંડા આઘાતમાં સરી ગયો. એનું ખિસ્સું કપાઈ ગયું હતું. પાકીટ તો ગયું પરંતુ એમાં રાખેલ ૧૫૦/- રૂપિયા અને માને લખેલ પોસ્ટકાર્ડ પણ એની સાથે જ ગયા હતા. ફૂટપાથની બાજુમાં આવેલી પાળી પર એ બેસી ગયો. એને થતું હતું કે માને પોસ્ટકર્ડ તો ફરી લખી શકાશે પરંતુ ૧૫૦ રૂપિયા ગયા એનું શું? જેની નોકરી જતી રહી હોય એના માટે ૧૫૦ રૂપિયા ૧૫૦૦ થી પણ વધારે હોય એ સમજી શકાય એવી વાત છે.

થોડીવાર પછી એ ઊભો થઈને પોતાની ખોલી તરફ ચાલ્યો. ખોલી પર પહોંચીને એ ગુમસૂમ બેસી ગયો. એને કાંઈ સૂઝતું નહોતું. બે ચાર દિવસ એ ખોલીમાંથી બહાર પણ ન નીકળ્યો.

પાંચ દિવસ પછી એની માએ મોકલેલું કવર એને મળ્યું. એનું હૃદય એક ધબકારો ચૂકી ગયું. એને થયું જરૂર માએ પૈસા મંગાવ્યા હશે. બીતાં બીતાં એ કવર ખોલ્યું. ગામના ટપાલી પાસે માએ લખાવ્યું હતું. 'બેટા! તારૂં મોકલાવેલ રૂપિયા ૫૦૦/- નું મનીઓર્ડર મળી ગયું છે. તું કેટલો નિયમિત છે બેટા! ક્યારેય તું પૈસા મોકલવાની તારીખ ચૂકતો નથી! ભગવાન તને ખૂબ જ સુખી રાખે. તારી તબિયતનો ખ્યાલ રાખે. એ જ લિ. તારી મા!'

એ માણસને અત્યંત આશ્ચર્ય થયું. એને થયું કે પોતે તો માને પૈસા નહોતા મોકલ્યા તો પછી એને એ મળ્યા કઈ રીતે? એણે કાગળની તારીખ જોઈ. એ પણ બરાબર હતી. આખી ઘટના એને પારાવાર મૂંઝવણમાં મૂકી રહી હતી. એ ખૂબ મથ્યો પણ કોઈ કડી ન મળી તે ન જ મળી.

ચારેક દિવસ પછી એને એક પોસ્ટકાર્ડ મળ્યું. એના પર એકદમ ગડબડિયા અક્ષરે લખ્યું હતું, 'ભાઈ! તારા પાકીટમાંથી ૧૫૦ રૂપિયા અને એક પોસ્ટકાર્ડ મળ્યાં હતાં. એમાં તમારા બંનેનાં સરનામાં હતાં. તારા ૧૫૦ રૂપિયામાં ૩૫૦ બીજા ઉમેરીને કુલ ૫૦૦ રૂપિયા મેં તારી માને મોકલી આપ્યા છે. આપણો ધંધો ગમે તે હોય, પણ એને લીધે એક મા શું કામ ભૂખી રહે? મા તો બધાની એક સરખી જ હોય ને? એટલે તું આ મહિનાની ફિકર ન કરતો. તારૂં કામ થઈ ગયું છે. એ લિ. તારો ખિસ્સા કાતરૂં ભાઈ!'

હર્ષના આંસુઓની ધાર વચ્ચે એ માણસને હવે પોસ્ટકાર્ડના શબ્દો ઝાંખા દેખાતા હતા. આંખો બંધ કરીને એ ખાસ્સી વાર સુધી એમ જ બેઠો રહ્યો!

એવું નથી લાગતું કે દરેક માણસમાં હંમેશા કાંઈક સારૂં છુપાયેલું પડ્યું જ હોય છે. જરૂર હોય છે બસ એને બહાર આવવાની તક મળવાની!

(ડો.હેલી મેહુલ ઠાકરે મોકલેલ વોટ્સએપ મેસેજ પરથી)
- ડો.આઈ.કે.વીજળીવાળા

## ઝુંપડામાં રહેતા કોંગ્રેસી ધારાસભ્યએ ૧૫ કરોડની ઓફર ઠુકરાવી

# લોકશાહીને બચાવવા માટે લડી રહ્યા છીએ : શક્તિસિંહ

### ચૂંટણી પૂર્વે કોંગ્રેસના ૨૨ ધારાસભ્યોને તોડવાનો ભાજપનો પ્લાન હતો પરંતુ કોંગ્રેસના વફાદાર ધારાસભ્યોએ તેને ઉંધો વાળી દીધો : ધારાસભ્યો પર ગર્વ

અમદાવાદ

ભાજપની સત્તા અને પૈસાના જોરે કોંગ્રેસના ધારાસભ્યોને તોડી ભાજપમાં ખેંચી રહેલા ભાજપ દ્વારા લોકશાહીની હત્યા થઈ રહી છે અને તેથી લોકશાહીની રક્ષા અને અમારા ધારાસભ્યોની સુરક્ષા માટે કોંગ્રેસના ૪૨ ધારાસભ્યોને કર્ણાટકના બેંગ્લુરૂ લઈને આવ્યા છીએ. ભાજપે કોંગ્રેસના ધારાસભ્યોને તોડવા ધાકધમકીથી લઈ કરોડો રૂપિયાની ઓફરો થઈ પરંતુ અમારા વફાદાર ધારાસભ્યો તૂટયા નહી કે કોંગ્રેસ છોડીને ગયા નહી. આદિવાસી, ગરીબ અને ઝુંપડામાં રહેતા કોંગ્રેસના ધારાસભ્યોએ ભાજપની રૂ.૧૫ કરોડની ઓફર ઠુકરાવી છે. ભાજપ સમજી લે કે, અમને કોઈ ખરીદી ના શકે, કોઈ ડરાવી ના શકે. અમારા બધા ધારાસભ્યો એક પરિવારની જેમ સાથે છે અને અમને અમારા વફાદાર ધારાસભ્યો માટે ગર્વ છે એમ આજે કોંગ્રેસના સિનિયર નેતા શકિતસિંહ ગોહિલે કોંગ્રેસના ૪૨ ધારાસભ્યોને એકમંચ પર સાથે રાખીને કરેલી પત્રકારપરિષદમાં જણાવ્યું હતું. કોંગ્રેસના ૪૨ ધારાસભ્યો બેંગ્લુરૂ ગયા બાદ સૌપ્રથમવાર મીડિયા સામે આવ્યા હતા. શકિતસિંહ ગોહિલે ભાજપ પર આકરા પ્રહારો કરતાં જણાવ્યું હતું કે, ચૂંટણી પહેલાં કોંગ્રેસના ૨૨ ધારાસભ્યોને તોડવાનો અને રાજીનામા અપાવવાનો ભાજપનો પ્લાન હતો અને આ માટે લોકશાહીની હત્યા થાય તે પ્રકારે સામ, દામ, દંડ, ભેદની નીતિ અપનાવી છે. પરંતુ અમારા વફાદાર ધારાસભ્યોએ ભાજપનો મેલો મનુસબો પાર પડવા નથી દીધો. અમારી પાસે કોંગ્રેસના ૫૭, એનસીપીના ૨ અને જેડીયુના એક મળી ૬૦ ધારાસભ્યોનું સંખ્યાબળ છે અને રાજયસભાની બેઠક જીતવાના પૂરતા અંક અમારી પાસે છે જ.

# અહેમદ પટેલ ઇચ્છશે તો મારો મત તેમને જ રહેશે : શંકરસિંહ

### બેંગ્લોર ભાગેલા કોંગ્રેસી ધારાસભ્યોની બાપુએ ફરી ટીકા કરી : સંકટની ઘડીમાં સેવાના બદલે ભાગી જવું તે અયોગ્ય

અમદાવાદ

કોંગ્રેસપક્ષમાંથી તાજેતરમાં જ છેડો ફાડનાર વરિષ્ઠ નેતા શંકરસિંહ વાઘેલાએ આજે ફરી એ વાતનો પુનરોચ્ચાર કર્યો હતો કે, મારો મત રાજયસભાના કોંગ્રેસના ઉમેદવાર એહમદ પટેલને જ હશે. જો એહમદભાઈ પટેલને મારો મત જોઈતો હશે તો હું ચોક્કસપણે તેમને જ મત આપીશ. સાથે સાથે વાઘેલાઓ બેંગ્લુરૂ ભાગી ગયેલા કોંગ્રેસના ધારાસભ્યોના મુદ્દે પણ ફરી ટીકાત્મક પ્રહાર કરતાં જણાવ્યું હતું કે, પૂરની સંકટની ઘડીમાં લોકોની સેવા કરવાને બદલે મોજ માટે બેગ્લુરૂ રિસોર્ટમાં ભાગી જવું કોઈપણ રીતે યોગ્ય નથી. દુઃખની આ ઘડીમાં કોંગ્રેસના ધારાસભ્યોએ લોકોની સેવા કરવી જોઈએ, જે તેમની ફરજ છે. વાઘેલાએ પ્રદેશ કોંગ્રેસ નેતાગીરીને પણ ટોંણો મારતાં જણાવ્યું હતું કે, કોંગ્રેસના નેતાગીરીને શા માટે પક્ષના ધારાસભ્યો પર ભરોસો કે વિશ્વાસ નથી. ખરેખર, કોંગ્રેસ નેતાગીરીને તેમના ધારાસભ્યો પર સંપૂર્ણ વિશ્વાસ હોવો જોઈએ, નહી તો, તેઓને બેંગ્લુરૂ લઈ જવાની જરૂર જ ના પડે. ટિકિટ અંગેના એક પ્રશ્નના જવાબમાં તેમણે સ્પષ્ટ કર્યું હતું કે, અગાઉ ખુદ એહમદભાઈએ જ તેમને રાજયસભા માટે ટિકિટની ઓફર કરી હતી પરંતુ તેમણે તે સ્વીકારી ન હતી. રાજયસભાના કોંગ્રેસના ઉમેદવાર એહમદભાઈ ઈચ્છશે તો મારો મત તેમને જ રહેશે. ભાજપની ટિકિટના પ્રશ્નના પ્રત્યુત્તરમાં તેમણે જણાવ્યું કે, તેઓ કિંગ મેકર છે, ટિકિટ વહેંચે છે, ટિકિટ માટે લાઈનમાં નથી ઉભા રહેતા. તેમણે પ્રજાના હિત માટે તેમણે પક્ષોનું બંધન છોડયું છે પરંતુ લોકકલ્યાણનું તેમનું જાહેરજીવન યથાવત્ છે. દરમ્યાન કોંગ્રેસના ધારાસભ્ય મહેન્દ્રસિંહ વાઘેલાએ પણ બેંગ્લુરૂ ભાગી ગયેલા કોંગ્રેસના ધારાસભ્યોના વલણ અને કોંગ્રેસની નેતાગીરી સામે શંકાના સવાલો ઉઠાવ્યા હતા અને જણાવ્યું હતું કે, કોંગ્રેસ નેતાગીરીને તેમના ધારાસભ્યોની નિષ્ઠામાં શંકા છે, તેથી જ તેમને બળજબરીથી બેંગ્લુરૂ લઈ જવાયા છે.

# અહેમદ પટેલની સીટ બચાવવા બેંગ્લોર ગયેલા ધારાસભ્યોને પ્રજા માફ નહી કરે : રૂપાણી

### મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ધાનેરાના પુર અસરગ્રસ્તોની મુલાકાત લીધી


એન.કે.મોદી

તા.પ્રતિ. ધાનેરા

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ગઈકાલે ધાનેરાના પૂર અસરગ્રસ્ત લોકોની મુલાકાત લીધી હતી. અને જણાવ્યું હતું કે પૂરમાં જે લોકો મૃત્યુ પામ્યા છે તેમને સરકાર દ્વારા ૬ લાખ રૂપિયાની તાત્કાલીક સહાય ચુકવી દેવામાં આવશે.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી સાથે શંકરભાઈ ચૌધરી, ભુપેન્દ્રસિંહ ચુડાસમા, કે.સી. પટેલ, વસંતલાલ પુરોહીત સહિત ભાજપ અગ્રણીઓ હાજર રહ્યા હતા. આ પ્રસંગે વિજયભાઈ રૂપાણીને પુછવામાં આવેલ પ્રશ્ન કે કોંગ્રેસ આક્ષેપ કર્યો છે કે પુરઅસરગ્રસ્ત માટે સરકાર દ્વારા૬૦૦ કરોડની સહાય આપવામાં આવી છે તે ઓછી છે ? તેનો જવાબ આપતા જણાવ્યું હતું કે સોનીયા ગાંધીએ પુત્રના પ્રેમમાં એટલે કે રાહુલ ગાંધી માટે દેશની કોંગ્રેસને ડુબાડી છે અને અહેમદ પટેલની રાજયસભાની સીટ ટકાવી રાખવા માટે ગુજરાતના પુરપીડીતોને એકલા મુકી જે કોંગ્રેસના ધારાસભ્યો બેંગ્લોર ગયા છે. તે ગુજરાત માંથી જીત નહી શકે અને લોકો પણ માફ નહી કરે.

# કાંકરેજ તાલુકાના "ખારીયા" પૂરગ્રસ્તોની મુખ્યમંત્રીએ મુલાકાત લઈ સહાનુભૂતિ દર્શાવી

### તમામ પ્રકારની સહાય ચૂકવવાની ખાત્રી આપી : ભવિષ્યમાં આવી હોનારત ન સર્જાય તેવા સાઈફન બનાવાશે





(તા.પ્રતિનિધિ) થરા

કાંકરેજ તાલુકામાં બનાસનદી તટ વિસ્તારના ગામડાઓમાં તા.૨૪/૦૭/૨૦૧૭ ના આવેલા ઘોડાપૂરે જાનહાની, માલ સામાન, જમીન, કૃષિ પાકને ભારે નુકશાન પહોંચાડ્યું છે. ધસમસતા પૂરના પાણી આવ્યાને એક સપ્તાહ જેટલો સમય થયો છતાં વહીવટી તંત્ર હજુ કેટલાક વિસ્તારોમાં પહોંચી શક્યું નથી. આ ઘોડાપૂરના પાણીમાં ખારીયા, ટોટાણા, કારોર (ખારીયા / જામપુરા), ઉણ, રામપુરા (ઉણ), માનપુરા (ઉણ), ભદ્રેવાડી, સોહનપુરા, નાના - મોટા જામપુર, ચાંગા, રાણકપુર, અણંદપુરા, નવા, વાલપુરા સહિત કેટલાય ગામડા તેમજ થરા નગરપાલીકાના આંબલીવાસ, ધનાસરી વિસ્તાર સુધી પાણી પહોંચ્યા હતા અને પશુઓના મોત થયા છે. ૩૪ જેટલા માનવ મૃતદેહો મળ્યા છે જેમાં સૌથી વધુ ૨૧ જેટલા ખારીયા ગામના છે.

આ ભયાનક સ્થિતિનો તાગ મેળવવા ગઈકાલે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી હેલીકોપ્ટર મારફત થરા શિશુ મંદિર ગ્રાઉન્ડ ખાતે સવારે ૧૦ : ૦૦ કલાકે ઉતરાણ કરી સીધા મોટર માર્ગે ખારીયા જવા રવાના થયા હતા. ખારીયા ગામે પૂરની સ્થિતિનું નિરીક્ષણ કરી પૂરગ્રસ્ત લોકોને સહાયના ચેક આપી સહાનુભૂતિ દર્શાવી હતી. મુખ્યમંત્રીએ નર્મદા નહેરના સાયફનથી આ વિસ્તારમાં તારાજી વધુ સર્જાઈ છે તેવી રજુઆતના જવાબમાં કહ્યું હતું કે, આ સાયફન નવું બનાવવામાં આવશે. જેથી ભવિષ્યમાં આવી કયારેય હોનારત ન સર્જાય. કાંકરેજ તાલુકામાં સર્જાયેલી તબાહીનું રાજ્ય સરકાર પુરૂં વળતર આપશે.

અનુસંધાન પાના નં.૬

### જિલ્લામાં ૧.૯૨ કરોડની સહાય અપાઈ

જિલ્લામાં રૂા.૧,૯૨,૦૦,૦૦૦/- ના ચેકનું વિતરણ કરાયું છે. ઝડપથી પરિસ્થિતિ થાળે પડે તે માટે તંત્રને સૂચના આપી છે ૭૫ જેટલા માનવ મૃત્યુ થયા છે.

### રાહત સામગ્રીનો અતિરેક થઈ પડ્યો

કાંકરેજ તાલુકામાં ઘોડાપૂરના પાણી હજુ કેટલાક વિસ્તારોમાં ફરી રહ્યાં છે કે જે તે ગામના સંપર્ક વિહોણા છે. પાંચ - દશ કી.મી. ચાલીને જ આ વિસ્તારોમાં જઈ શકાય છે. રાહત સામગ્રીનો અતિરેક થઈ ગયો છે. હવે સેવાભાવી સંસ્થાઓ, લોકો આડેધડ વસ્તુઓ ન આપે કે મૂકે. આ વિસ્તારના લોકોને પીવાના પાણી, ઘાસચારો - દાણ, રસોડાની સામગ્રીની જરૂર છે. ફુડ પેકેટને કપડાંનો ખોટો બગાડ થઈ રહ્યો છે ને કેટલાક લોકો રસ્તા ઉપર ઉતરી આવી દિવસભર આવી વસ્તુઓ ભેગી કરવામાં પડ્યા છે. આવા લોકો ક્યાંથી આવ્યા છે. એટલે તંત્ર અને સેવાભાવિ સંસ્થા લોકો હવે જે ગામડામાં નથી પહોંચી શકાયું તેવા કાંકરેજ, સમી, રાધનપુર, હારીજ, સાંતલપુર તાલુકાના ગામડાની મુલાકાત ફુડ પેકેટ, રાહત સામગ્રી સાથે પહોંચે.

### તંત્રને ઝડપી કાર્યવાહી કરી પૂરગ્રસ્તોને થાળે પાડવા સૂચન કર્યું : સ્થાનિક નેતાઓ જોડાયા

# બનાસકાંઠાને કચ્છની જેમ ફરી બેઠુ કરાશે : મુખ્યમંત્રી

### રેલ નદીનો નડતર રૂપ રપટ તોડવાની ખાત્રી આપી


એન.કે.મોદી

તા.પ્રતિ. ધાનેરા

ધાનેરા ખાતે વિજયભાઈ રૂપાણીએ આમ પ્રજા સહિત ખેડૂતો, વેપારીઓને પ્રોટોકોલ તોડીને મળ્યા હતા અને કચ્છમાં જે પરિસ્થિતી થઈ હતી અને જે રીતે બેઠુ કર્યુ તેના કરતાં વધુ સારી રીતે ધાનેરા અને બનાસકાંઠા ને બેઠુ કરીશું તેમજ હું પાંચ દિવસ બનાસકાંઠામાં રોકાઈને તમામ અભ્યાસ કરી ઘટતું કરીશ તેવી ખાત્રી આપી હતી.

ગઈકાલે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી હેલીકોપ્ટરમાંથી ઉતરી સીધા પ્રોટોકોલ તોડી લોકોને મળ્યા હતા. જ્યાં રેલ નદી ઉપર જ્યાં યોગેશભાઈ ત્રિવેદીની સાથે ૪૦૦ લોકો એ ધાખાનો રપટ તોડવાથી ધાનેરા બચી શકશે તેમ જણાવતાં મુખ્યમંત્રીએ રપટ તોડવાની ખાત્રી આપી હતી. ત્યારબાદ માર્કેટયાર્ડની ઓફીસે આવી ૧૨ વેપાર, પદાધિકારી તથા ખેડૂત

અનુસંધાન પાના નં.૬

ધાનેરાના અસરગ્રસ્તની વહારે આવેલા મુખ્યમંત્રીએ માર્કેટયાર્ડની ઓફીસમાં મીટીંગ પૂર્ણ કરી બહાર વેપારીઓની દર્દનાક રજુઆત સાંભળી જણાવેલ કે પૂર અસરગ્રસ્તોને કચ્છથી પણ સારીરીતે બેઠુ કરીશું આથી વેપારીઓએ ભારત માતા કી જય બોલાવી ગણ ગણાટ શરૂ કર્યા હતા કે ૨૦૧૫ માં અસરગ્રસ્ત વેપારીઓને ૩૫૦૦૦ પ્રમાણે ૨૫૦ વેપારીઓને આજદીન સુધી સહાય ચુકવાઈ નથી તે તો પહેલા ચુકવવા કંઈક કરો અને આરીતે જાહેરાત કરવાથી અમારૂ કાળજુ કપાઈ જાય છે તેવો નાદ વ્યકત કર્યો હતો.

**સૂર્યોદય - ૬.૧૦ સૂર્યાસ્ત - ૭.૨૧**

## તિથિદર્શન
શ્રાવણ સુદ-૮ સોમવાર ૨૦૭૩




વિક્રમ સંવત : ૨૦૭૩, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૩ શ્રાવણ સુદ :આઠમ સોમવાર નક્ષત્ર :સ્વાતી સવારે ૯.૪૫ પછી વિશાખા યોગ: શુભ કરણ:બાલવ આજે જન્મેલા બાળકની રાશી તુલા (ર.ત.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન
- સુરેશ પ્રા.ભટ્ટ

**સહસા વિધ્ધીત ન ક્રિયામ વિવેકઃ પરમા પદાં પદમ્ વૃણતે હી વિમૃશ્યકારિણં ગુણલબ્ધાં સ્વયમેવ સંપદઃ**

'ઉતાવળમાં કોઈ પણ કાર્ય ન કરવું જોઈએ, અવિચારીપણું એ પરમ આપત્તિનું પગલું છે, ખરેખર! વિચારીને કામ કરનારને સદ્ગુણની સંપત્તિ આપોઆપ મળે છે.'

કેટલાક લોકો 'યા હોમ' કરી નિર્ણયો લેતા હોય 'પૂર્વાપર' નો, પરિણામનો વિચાર કર્યા વિના કૂદી પડે છે અને પછી પોતનાં અવિચારી પગલાંનો ખરાબ અંત ભોગવે છે.

કેટલાક માણસો બોલવામાં પણ વિચાર કરતા નથી અને એમ ને એમ બોંબ વરસાવે છે, જેનું પરિણામ સામેવાળાનું હૃદય તો ભસ્મીભૂત થઈ જ જાય છે પણ બોલનારને પણ એ અગ્નિ દઝાડે છે.

આપણા એક શબ્દથી સાંભળનારની શી હાલત થશે, કેટલું દુઃખ થશે, શી અસર થશે, એનો વિચાર કર્યા વિના બોલતા શબ્દો પણ ઉતાવળે કરેલા અવિચારી કાર્ય જેવું જ છે.

આયોજનપૂર્વક કાર્યની પૂર્વતૈયારી- અમલ અને પરિણામનો વિચાર કરી કરેલું કોઈ પણ કામ સફળ જ થાય છે. આવી સફળતાનો યશ માનવીને મળે, સફળ માનવી મળે, સફળ માનવીને 'સદગુણો' નો સાથ પણ આપોઆપ મળતો રહે છે. આથી વગર વિચાર્યે બોલવું નહીં અને અવિચારી કાર્યમાં ઉતાવળે ઝંપલાવવું નહીં.

સુરેશ પ્રા.ભટ્ટ

### સમય મર્યાદા લંબાવવાની યોજના નથી
## ઇન્કમટેક્સ રિટર્ન ભરવાની આજે છેલ્લી તારીખ જ રહેશે

નવીદિલ્હી

ઈન્કમટેક્સ રિટર્ન (આઈટીઆર) ભરવા માટેની છેલ્લી તારીખ લંબાવવામાં આવશે નહીં. આઈટીના વિભાગે આજે આ અંગેની જાહેરાત કરીને નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ માટે હજુ સુધી આઈટીઆર દાખલ નહીં કરનાર લોકોની ઉંઘ હરામ કરી દીધી છે. આઈટીઆર દાખલ કરવા માટેની છેલ્લી તારીખ ૩૧મી જુલાઈ જ રાખવામાં આવી છે. અધિકારીઓએ કહ્યું છે કે, વિભાગને પહેલાથી જ બે કરોડથી વધુ ઈલેક્ટ્રોનીકલીરીતે દાખલ રિટર્ન મળી ચુક્યા છે. વિભાગે સમયસર તેમના રિટર્ન દાખલ કરવા કરદાતાઓને અપીલ કરી છે. આવતીકાલે ૩૧મી જુલાઈના દિવસે આઈટીઆર દાખલ કરવાની છેલ્લી તારીખ છે. કેટલીક ગુંચવણનો સામનો કરી રહેલા લોકોએ ઈ-ફાઈલિંગ વેબસાઈટને લઈને પણ ફરિયાદો ઉઠાવી છે. ઈ-ફાઈલિંગની વેબસાઈટ ઉપર કોઈપણ પ્રકારની દુવિધા નથી. વિભાગે અગ્રણી રાષ્ટ્રીય અખબારોમાં થોડાક દિવસ પહેલા જ જાહેરાતો પણ આપી હતી જેમાં જણાવવામાં આવ્યું હતું કે, કરદાતાઓને સમયસર તેમની સાચી માહિતી સાથે રિટર્ન દાખલ કરવા જોઈએ.

## આજનો દિન મહાન
- યશવંત કડીકર

ભારતના મહાન સમાજ સુધારક, કેળવણીકાર અનેસંસ્કૃતના પ્રકાંડ પંડિત ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરની પુણ્યતિથિ છે.

એમનો જન્મ તા. ૨૬-૯-૧૮૨૦ ના રોજ બંગાળના મિદનાપુર જિલ્લાના બિરસીંઘા ગામે થયો હતો.

તેમણે ૧૬ જેટલા ગ્રંથોનું સ્વતંત્ર લેખન કર્યું અને ૧૦ જેટલા ગ્રંથોનું સંપાદન કરીને સાહિત્ય શિક્ષણ, સમાજ સુધારણાના ક્ષેત્રે મોટું પ્રદાન કર્યું હતું.

આ મહાન સુધારકનું તા. ૨૮-૭-૧૮૯૧ ના રોજ અવસાન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
**માનવમંદિર, ડીસા.** ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
**અમદાવાદ ઓફીસ :-** ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
**પાલનપુર ઓફીસઃ-** ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

## આપનું અઠવાડિયું કેવું જશે ?

મેષ : આ સપ્તાહ દરમિયાન તમે તમારી મનની મુરાદ પૂરી કરી શકશો. ગમે તેવા અવરોધો આવે પણ તમે તમારા ધારેલા કાર્યમાં સફળ રહેશો. વાહન-જમીનને લગતી ખરીદી-વેંચાણમાં જરા સાવધાની રાખવી. સંતાનના આરોગ્ય અંગેની ચિંતા દૂર થાય. આર્થિક રીતે આ સમય તમારા માટે સારો જાય. રોકાયેલા નાણાં છૂટા થાય. ક્યાંકથી અણધાર્યો ધનલાભ થાય. મિત્ર-વર્તુળની મદદ મેળવવામાં પણ સફળતા મળે. તમારી ગણતરી મુજબના કાર્યો પાર પડવાથી મન પ્રફુલિત રહે.

વૃષભ : તમારે હજુ સફળતા મેળવવા માટે પરિશ્રમ વધારવો પડશે. આ ઉપરાંત નાની-મોટી ચિંતાવાળા પ્રશ્નોનો સામનો કરવો પડશે. નિરાશા અને હતાશાને ખંખેરી નાખી મક્કમ મને કાર્ય કરતા રહેજો. નવી ખરીદી કે અગત્યના નિર્ણય હાલમાં ટાળવા હિતાવહ છે. જો કે, તમારી નાણાંકીય સમસ્યા હશે તો તેમાંથી માર્ગ કાઢી શકવાનો યોગ છે. વડીલ વર્ગ સાથે ઘર્ષણમાં ન ઉતરવું તમારા માટે ભવિષ્યમાં લાભદાયી નીવડે.

મિથુન : આ સમય દરમિયાન તમારા આરોગ્ય અંગેના પ્રશ્નોનો ઉકેલ આવે. નાણાંકીય આકસ્મીક લાભ મળે. નાનકડો કોઇ એવો સુંદર જગ્યાનો પ્રવાસ થાય. સામાજિક માન-પ્રતિષ્ઠામાં વધારો કરનારી કોઇ ઘટના બને. નોકરીયાત વર્ગ કે ધંધાદારી વર્ગ માટે આ સમય દરમ્યાન ક્રોધ પર કાબુ રાખવો જરૂરી બને. પારિવારીક જીવનમાં ભરપુર આનંદ રહે. શત્રુવર્ગ ગુપ્ત રીતે તમને પીડા ઉપજાવવા માટે પ્રયત્નશીલ બને પણ તેમને યોગ્ય સફળતા ન મળે.

કર્ક : આ સપ્તાહ દરમિયાન તમારા કાર્યો અટકી-અટકીને પાર પડે. પરિવારના સભ્યો દ્વારા ખોટી ચિંતાનો તમને અનુભવ થાય. વ્યર્થ વાદ-વિવાદથી દૂર રહેવું નહિંતર ઝગડાનો પ્રસંગ બને. તમારા સહયોગી દ્વારા તમને પૂરતો પ્રેમ અને સહકાર મળી રહે. યાત્રા-પ્રવાસ-મુસાફરી ટાળવી હિતાવહ છે. માતૃપક્ષ તરફથી કે શ્વસુર પક્ષ તરફથી કોઇ આકસ્મીક લાભ મળી જાય. જીવન સાથીના શુભ સહકાર વડે મહત્વના નિર્ણયો લઇ શકશો.

સિંહ : આ સપ્તાહ તમારા માટે મિશ્રફળ આપનારો રહેશે. જરાવાર તમે માનસિક પ્રફુલિતતા અનુભવશો તો થોડીવારે મનમાં નિરાશા અનુભવાય. ભાઇ-બહેન સાથે વાણી ઘર્ષણ ન થાય તેની તકેદારી રાખવી હિતાવહ. એકાદ એવી ઘટના બને કે તમારા આત્મવિશ્વાસમાં અચાનક વધારો થાય. આરોગ્ય અંગે જરા સંભાળવા જેવું ખરું. ખાસ તો ખાવા-પીવામાં કાળજી રાખવી જરૂરી છે. નાણાંકીય આવક-જાવક સરભર રહેશે.

કન્યા : હાલના સમયમાં વ્યવસાયિક કાર્યોમાં અણધારી પ્રગતિ કરી શકશો. કોઇ ખાસ વ્યક્તિની મુલાકાત થાય. જેને કારણે નોકરી-ધંધાના કાર્યમાં પ્રગતિ થાય. ઘરમાં કોઇ માંગલિક પ્રસંગનું આયોજન થાય. ધાર્મિક અભિરૂચિમાં વધારો થાય. જીવનસાથીની મનની ઈચ્છી પૂર્ણ કરી શકશો. સંતાન વર્ગ દ્વારા અગત્યના કાર્યમાં સફળતા મળે. માનસિક રીતે આનંદની સાથે સામાજિક ક્ષેત્રે પણ પ્રતિષ્ઠામાં વધારો કરનારી ઘટના બને.

તુલા : આ સમય નાણાંકીય લાભ માટે ભલે મધ્યમ રહે પરંતુ ભવિષ્ય માટેના કેટલાક મહત્વના આયોજનો માટે તમે નક્કર પગલા લઇ શકશો. જીવનસાથી સાથે વાદ-વિવાદ ન થાય તે જોજો. અલબત્ત પરિવારજનોનો શુભ સહકાર મળી રહે. તેવી જ રીતે નોકરીયાત વર્ગને તેમના સહકર્મચારીઓ કે ભાગીદારીમાં ધંધા-રોજગાર કરનારને ભાગીદારી વર્ગ દ્વારા પણ પૂરતો સહકાર મળી રહે. કોઇ મનગમતી વસ્તુની ભેટ મળે તેવી સંભાવના છે.

વૃશ્ચિક : વ્યર્થ માનસિક ચિંતાની સાથે-સાથે શત્રુવર્ગની પીડાનો પણ સામનો કરવો પડે. આકસ્મીક ખર્ચના પણ ભોગ બનવું પડે. તેમ છતાં બહુ લાગણીશીલ ન રહેતા વ્યવહારીક બની જવું તમારા માટે વધારે હિતાવહ છે. તમારા કૌટુંબિક સભ્યો પણ આ સમય દરમિયાન તમારા વિચારો સાથે સહમત ન થાય તેવું બને. મિત્ર-વર્તુળ સાથે પણ વિચારભેદ રહે. તેમ છતાં તમારા જીવનસાથીનો સહકાર તમને ભરપૂર મળી રહે અને તે દ્વારા તમારું મનોબળ મજબુત બને.

ધન : હાલના તબક્કે તમે તમારી નિર્ણયશક્તિ બાબતે જરા ચિંતા અનુભવશો. તેમ છતાં તમે જે નિર્ણય લીધા હશે તે અંતે સફળ નીવડશે. જો કે, કેટલીક જવાબદારી કે નવી ફરજોમાં વધારો થાય તેવા સંજોગો છે. સામાજિક કે ધાર્મિક કાર્યમાં આ સમય દરમિયાન વિશેષ અભિરૂચિ રહે. પડોશી વર્ગને મદદરૂપ બનવું પડે. જમીન-મકાનને લગતા કોઇ પ્રશ્નો હોય તો તેનો ઉકેલ આવે. કોર્ટ-કચેરીને લગતા કાર્યમાં પણ સફળતા મેળવી શકશો. આરોગ્ય બાબતે ચિંતા દૂર થાય.

મકર : તમારા આવક વૃધ્ધિના પ્રયત્નોમાં થોડી સફળતા મળે. સાથે-સાથે ખોટા ખર્ચમાંથી બહાર આવી શકશો. સહયોગીઓના સહકાર વડે તેમારા કાર્યક્ષેત્રમાં સફળતા મેળવી શકશો. જૂની ઓળખાણ એકાદ મહત્વનો લાભ આપી જાય. વ્યર્થ દોડા-દોડી કરવાનું તમારા માટે આ સમય દરમિયાન હિતાવહ નથી. સગપણ-લગ્ન અંગેના પ્રશ્નો હશે તો તેનો અણધાર્યો ઉકેલ આવી જાય. મિત્ર, ભાઇ-બહેનને રાજી રાખી શકશો. અધ્યાત્મિક અભિરૂચિમાં વધારો થાય.

કુંભ : આરોગ્ય બાબતે સાવચેત રહી દરેક કાર્યો કરવા. જૂના બાકી રહેતા લેણાની રકમ આકસ્મીક રીતે પરત મળે. કૌટુંબિક મતભેદ હોય તો તે દૂર થાય. નવિન શુભ સમાચાર મળે. ધંધો-વિકસાવવાની નવી દિશા મળે. તેમ છતાં પણ ક્યાંય ખોટી લાગણીના વહેણમાં તણાઇ ન જતા તેની ખાસ તકેદારી રાખજો. ખોટા ઉશ્કેરાટથી દૂર રહેવા પ્રયત્નશીલ રહેજો.

મીન : આ સપ્તાહમાં પ્રવાસ-પર્યટન કે મુસાફરીના યોગ છે. તમારા યશ-માન-પ્રતિષ્ઠામાં વધારો કરનારી મહત્વની ઘટના બને. આર્થિક રીતે હવે તમે ધીરે-ધીરે સ્થિરતા અનુભવી શકશો. સાથે-સાથે આરોગ્ય અંગેની ચિંતા દૂર થશે. સરકારી કાર્યોમાં ધારી સફળતા મેળવી શકશો. નોકરીયાત વર્ગ કે ધંધાદારી વર્ગ બંનેને અનેરી હળવાશનો અનુભવ કરાવતો આ સપ્તાહ સમાન્ય રીતે બધી જ રીતે ખૂબ જ સારું રહે તેવો સમય છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

## પૂરગ્રસ્તોને મદદ કરવા વહીવટીતંત્ર અને વિવિધ ટીમો રાત દિવસ કામગીરી કરે છે : કલેક્ટર

**હેલીકોપ્ટરો ધ્વારા ૧૩ લાખ ફૂડ પેકેટ અને પાણીના પાઉચનું વિતરણ કરાયું : આર્મી, એન.ડી.આર.એફ. અને વિવિધ ટીમોની મદદથી ૫,૦૦૦ લોકોને બચાવાયા**

પાલનપુર

પૂરની પરિસ્થિતીમાં ચાલતી રાહત અને બચાવ કામગીરી વિશે કલેકટરશ્રી દિલીપ રાણાએ જણાવ્યું હતુ કે ભારે વરસાદની પરિસ્થિતીમાં લોકોને બચાવવા જિલ્લા વહીવટીતંત્ર, આર્મી, બી.એસ.એફ., એન.ડી.આર.એફ. સહિત વિવિધ ટીમો રાત દિવસ અથાક પ્રયાસો કરી રહી છે. કલેકટરશ્રીએ કહ્યું કે આ બધી ટીમોના પ્રયાસોથી ૫,૦૦૦ જેટલાં લોકોને બચાવી લેવાયા છે. તેમણે કહ્યું કે હવામાન વિભાગ ધ્વારા જયારે ભારે વરસાદની આગાહી કરવામાં આવી ત્યારે જિલ્લા વહીવટીતંત્ર ધ્વારા નદી કિનારાના ગામોના અને નીચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકોને એલર્ટ કરવામાં આવ્યા હતા. ગામેગામ માણસો મોકલીને સરપંચશ્રીઓ તથા લોકોને સમજાવીને તથા બલ્ક એસ.એમ.એસ. અને મિડીયા ધ્વારા લોકોને સાવધ કરાતાં પૂરની પરિસ્થિતી રહેલાં ૨૦,૦૦૦ લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા હતા.

કલેકટરશ્રીએ જણાવ્યુ કે હેલીકોપ્ટરો દ્વારા એરલીફટીંગથી ૪૦૦ માણસોને બચાવી લેવાયા તથા હેલીકોપ્ટરો ધ્વારા ૧૩ લાખ જેટલાં ફુટપેકેટ અને પાણીના પાઉચનું વિતરણ કરવામાં આવ્યું છે. તેમણે કહ્યું કે ધાનેરા વિસ્તારમાં પૂરના પાણી ઓસરી ગયાં છે. હવે સંખ્યાબંધ સફાઇ ટીમો દવા છંટકાવમાં લાગી ગઇ છે. પાણી પુરવઠાની લાઇનો ચાલુ કરવામાં આવી છે તથા મોટાભાગના વિસ્તારોમાં વીજ પુરવઠો પૂર્વવત કરવામાં આવ્યો છે. કલેકટરશ્રીએ કહ્યું કે લોકોને જરૂરી તમામ સહાય કરવા વહીવટીતંત્રે કમર કસી છે તથા સહાયની કામગીરીમાં કોઇ કચાશ રખાશે નહી. મૃતકોને સહાય અને નુકશાની માટે ચુકવણા અંગે ઝડપભેર કાર્યવાહી કરાશે. તેમણે કહ્યું કે થરાદથી ડીસા અને ડીસાથી ધાનેરા રસ્તાને રિપેર કરી ચાલુ કરી દેવાયો છે.

### સરદાર સરોવરની જળસપાટી ૧૨૦.૩૭ મીટર
## ગુજરાતના ૨૦૩ જળાશયો પૈકી ૪૯ હાઈએલર્ટ ઉપર

અમદાવાદ

રાજયના જળસંપત્તિ વિભાગ દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ રાજયના ૨૦૩ પૈકી ૪૯ જળાશય હજુ હાઈએલર્ટ ઉપર છે. ૨૩ જળાશયોમાં ચેતવણી જારી કરાઈ છે. તંત્ર દ્વારા સ્થિતિ ઉપર ચાંપતી નજર રાખવામાં આવી રહી છે. ભારે વરસાદના કારણે અનેક જળાશયોમાં આવક વધી ગઈ છે જ્યારે કેટલાક જળાશયો ઓવરફ્લો થયા છે. રાજયના ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા મળેલા અહેવાલ મુજબ છેલ્લા ૨૪ કલાકમાં વરસાદનું જોર ઘટ્યું છે. રાજયના ૨૦૩ જળાશયો પૈકી ૪૯ જળાશયો હાઈએલર્ટ ઉપર છે જયારે ૧૮ જળાશયો એલર્ટ પર છે જયારે ૨૩ જળાશયોને ચેતવણી આપવામાં આવી છે. રાજયના ૨૦૩ જળાશયોના પાણી સંગ્રહની ક્ષમતા ૧૫૭૭૦.૩૯ મિલિયન ક્યુબીક મીટર પૈકી હાલ ૮૬૩૧.૮૮ મિલિયન ક્યુબિક મીટર પાણીનો સંગ્રહ થયો છે. એટલે કે ૫૪.૭૩ ટકા જેટલા જળાશયો ભરાઈ ગયા છે. રાજયની જીવાદોરી સમાન નર્મદા યોજના સરદાર સરોવર ડેમ ૧૨૦.૩૭ મીટરની સપાટીએ પહોંચ્યો છે. આ સાથે સરદાર સરોવર ડેમ ૯૪.૬૭ ટકા જેટલો ભરાયો છે. રાજયના જે જળાશયો ૯૦ ટકાથી વધુ ભરાયા છે તેમાં ધ્રોલી, મછાનલ, કબુતરી, ઉમરિયા, કાલી-૨, સાનાન્દ્રો, ફતેહગઢ, ગજાનસાર, મીત્તી, વડિયાનો સમાવેશ થાય છે. ધરોઈ સહિત કુલ ૧૯ જળાશયોને એલર્ટ કરાયા છે. ભારે વરસાદના પરિણામ સ્વરુપે તમામ જળાશયોમાં પાણીની આવકમાં સતત વધારો થઇ રહ્યો છે. આગામી દિવસોમાં ભારે વરસાદની ચેતવણી જારી હોવાથી સ્થિતિમાં જળાશયોમાં પાણીની આવકમાં વધુ વધારો થવાની શક્યતા છે. રાજયમાં જળાશયની સ્થિતી હવે સુધરી રહી છે. પાણીની આવક સતત વધી રહી છે.

### કોંગ્રેસ હવે જાહેરમાં ભાજપનો વિરોધ કરશે
## કોંગ્રેસ આજે ભાજપ સામે દેખાવ અને પ્રદર્શન કરશે

**જેપી ચોક ખાતે ઉગ્ર વિરોધ થશે : સલામતીના કારણોસર લોખંડી સુરક્ષા વ્યવસ્થા**

અમદાવાદ

ભાજપ સત્તા અને પૈસાના જોરે પોતાના ધારાસભ્યોને તોડી રહ્યું હોઇ તેની પોલ ખોલવા માટે કોંગ્રેસ દ્વારા આવતીકાલે અમદાવાદ શહેરમાં ભાજપ સામે જાહેર વિરોધ છેડશે. આવતીકાલે સાંજે ૪-૦૦ વાગ્યે જે.પી.ચોક, ખાનપુર ખાતે યોજાનારા ભાજપ સામેના દેખાવો-વિરોધ પ્રદર્શનના કાર્યક્રમમાં કોંગ્રેસના ગુજરાતના પ્રભારી અશોક ગેહલોત, પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકી સહિતના નેતાઓ અને કોંગ્રેસના કાર્યકરો ખૂબ મોટી સંખ્યામાં હાજર રહેશે. કોંગ્રેસના ધારાસભ્યોને ભાજપની તોડફોડ નીતિથી બચાવવા રાજય બહાર બેંગ્લુરૂ લઇ ગયા બાદ સ્થિતિ વધુ વિવાદીત બનતાં કોંગ્રેસ દ્વારા હવે ભાજપ સામે ખુલ્લી લડતનું જાણે એલાન કરાયું છે. કોંગ્રેસના દેખાવોને લઇ સમગ્ર ખાનપુર વિસ્તારમાં ખાસ કરીને જે.પી.ચોક વિસ્તારમાં ભાજપે પણ પોલીસ બંદોબસ્ત અને સુરક્ષા વ્યવસ્થા ખડકી દેવાની તજવીજ હાથ ધરાઇ છે. ગુજરાત કોંગ્રેસમાંથી જે પ્રકારે ભાજપે તેના છ ધારાસભ્યોને તોડયા છે તે જોઇને કોંગ્રેસ જબરદસ્ત ભડકી છે. ગુજરાત કોંગ્રેસના સ્થાનિક નેતાઓથી લઇ દિલ્હી હાઇકમાન્ડ સુધીના કોંગ્રેસના તમામ નેતાઓ ભાજપના આ ગંદા રાજકારણથી ખિન્ન બન્યા છે. કોંગ્રેસે સત્તા અને પૈસાના જોરે તેમ જ પોલીસ અને ગુંડાઓની મદદથી ભાજપ તેમના ધારાસભ્યો તોડી રહ્યું હોવાનો ગંભીર આક્ષેપ કરી રહી છે અને તેથી ભાજપની લોકશાહીના મૂલ્યોને નેવે મૂકતી પોલ ખુલ્લી પાડવા હવે કોંગ્રેસ ભાજપ સામે ખુલ્લી લડત માંડી છે અને તેના ભાગરૂપે આવતીકાલે સાંજે ૪-૦૦ વાગ્યે ખાનપુર વિસ્તારમાં જે.પી.ચોક ખાતે ભાજપ કચેરી સામે ઉગ્ર દેખાવો, ધરણાં અને વિરોધ પ્રદર્શનના આશ્ચર્યકારક કાર્યક્રમો યોજવામાં આવનાર છે. કોંગ્રેસે જણાવ્યું છે કે, ગુજરાતના પ્રજાજનો સત્તાનું પરિવર્તન ઈચ્છી રહ્યા છે ત્યારે ભાજપ તેની સત્તા ટકાવવા માટે ગંદા રાજકારણ, કાવાદાવા, કાવતરા અને અનૈતિક પધ્ધતિઓનો સહારો લઇ રહી છે, કોંગ્રેસના આવતીકાલના દેખાવો અને વિરોધ પ્રદર્શનમાં પ્રમુખ ભરતસિંહ સોલંકીના,પૂર્વ પ્રમુખ અર્જનુભાઇ મોઢવાડિયા, સિધ્ધાર્થ પટેલ, અમ્યુકોના વિપક્ષના પૂર્વ નેતા સુરેન્દ્રભાઇ બક્ષી, શહેર પ્રમુખ ચેતન રાવલ, વિધાનસભા કોંગ્રેસ પક્ષના દંડક શૈલેષ પરમાર સહિતના નેતાઓ, આગેવાનો અને સેંકડો કોંગી કાર્યકરો ખૂબ મોટી સંખ્યામાં જોડાશે.

## સ્વર્ગ કે નરક જેવું નથી કયાંયે રે ! કરેલા કર્મનાં તો બદલા અહીંયા રે !!

સમુદ્રનાં મોજાં કીનારાના સાથે અથડાઈને એક ધ્વનિદોષ ઉત્પન્ન કરી રહ્યો છે. ચારે તરફ અંધકાર છવાઈ રહ્યો છે. મંદ મંદ વાતા પવનની લહેરખી ખાતા ભુતકાળમાં ખોવાઈ ગયેલા યુવાને પોતે શું મેળવ્યું ને શું ગુમાવ્યું એનો તાળો મેળવવાની કોશીશ કરી રહ્યો છે.

તેનું નામ છે ભવ્ય. ઝરણાં નામની યુવતી અને ભવ્ય વર્ષોથી એકબીજાના ગળાડુબ પ્રેમમાં હતા. લગ્ન માટે બંનેના પરિવાર તૈયાર હતા પરંતુ ભવ્યના પિતાની ફેકટરીમાં અચાનક આગ લાગતાં ઘણું બધું નુકશાનથઈ ગયું અને નુકશાનનું વળતર મેળવવા માટે અતિ ધનાઢય ઘરની એકની એક દિકરી નિશાની સાથે ભવ્યનું વેવિશાળ નક્કી થઈ ગયું. સારો ભણેલો ગણેલો, રૂપાળો જમાઈ કોને ના ગમે અને એ પણ પોતાની અપંગ દિકરી માટે. લગ્ન પણલેવાઈ ગયા. નિશા અઢળક દહેજ લઈને આવી. જે દેવું ભરપાઈ થતા પણ ચાર પેઢી સુધી ચાલે એટલું હતું.નિશા ખુબ જ ડાહી અને રૂપાળી હતી. અપંગ હોવા છતાં ઘરની તમામ જવાબદારી એણે ઉપાડી લીધી.બધાની હેતથી સેવા કરતી, ભવ્યને પણ ખુબ જ વહાલથી સાચવતી, સાસુ સસરાનો પડયો બોલ ઝીલતી. દરેકના હૃદયમાં પોતાનું સ્થાન બનાવવા હંમેશા પ્રયત્ન કરતી પણ એવું દુર્ભાગ્ય કે એની શારીરીક ખોડને કારણે તે કયારેય સાસુ સસરાની લાડકી પુત્રવધુ ના બની શકે કે ના ભવ્યના દિલની રાણી. કહેવાય છેકે પૈસો પૈસાને ખેંચે. ભવ્યની જાહોજલાલીવધતી જતી હતી. કારોબાર ચારે તરફ વિસ્તરતો જતો હતો. નવા નવા વહેપારી સંબંધો સ્થપાતા જતા હતા.એક દિવસ...

નિશા.. આજેઘેર નાની એવી પાર્ટીનું આયોજન કરવાનું છે. ફોરેનની એક કંપનીના મેનેજર આવવાના છે. એમની સાથે બીજા પચ્ચીસેક માણસો હશે. બરાબર વ્યવસ્થા કરી લેજે..

ઓકે ભવ્ય.. તમે કાંઈ ફિકર ના કરો... બધું સરસ ગોઠવાઈ જશે.. તમે નિશ્ચિત થઈને જાઓ..

આખો દિવસ નિશા કામમાં રોકાયેલી રહી.સાંજ પડતાં મહેમાન આવી ગયા..પાર્ટીની શરૂઆત થઈ ગઈ.. ધીમું ધીમું સંગીત ચાલતું હતું.. જામ પર જામ પીવાતા હતા ત્યાં નિશા સરસ મજાની બ્લ્યુ રંગની સાડી પહેરી હોલમાં આવી પણ ઠેસ વાગતાં તે નીચે પડી ગઈ.રંગમાં ભંગ પડયો.. બધા ભેગા થઈ ગયા.પેલા મેનેજરે પુછયું કોણ છે આ ? અપંગને પોતાની પત્ની કહેતાં શરમ આવી એટલે કહ્યું અમારા એક રીલેટીવની દિકરી છે. બિચારીનું હવે આ દુનિયામાં કોઈ નથી રહ્યું.. અનાથ છે.. તો અહીં અમારી સાથે ભવ્યની જીભ થોથવાતી હતી.. નિશા ભવ્યના આ ત્રુટક ત્રુટક શબ્દોને સ્તબ્ધ બની સાંભળતી રહી. એના શરીરમાંથી જાણે ચેતના જ ચાલી ગઈ. કંઈપણ બોલ્યા વિના તે પોતાના રૂમમાં ચાલી ગઈ.. એ રાત્રે ભવ્ય સાથે એને તકરાર થઈ. કારણ કે એનું દિલ વેદનાથી ભરાઈ ગયું હતું. હાડોહાડ અપમાનથી એને હૃદયમાં આઘાત લાગ્યો હતો. આટલી નિરાધાર લાચાર પોતાની જાતને એણે કયારેય અનુભવી નહોતી.

ભવ્ય આજે મને ખબર પડી કે તું મારા જેવી અપંગ છોકરી સાથે લગ્ન કરવા કેમ તૈયાર થઈ ગયો હતો ? તે મારી સાથે નહીં પણ મારા પિતાની સંપત્તિ સાથે લગ્ન કર્યા છે. તને મારા કરતાં મારા દાયજામાં વધારે રસ હતો ખરૂં ને ?

તું જે માને તે.. પણ લગ્ન કરીને મેં તને દુઃખી નથી કરી. લહેર કરીશ.. મારા ઘરમાં.. પછી શું જોઈએ છે તારે ?

પૈસો જ માત્ર સુખ નથી ભવ્ય ! હું તો તારા દિલની રાણી બનવા આવી હતી પણ તેં મનેકયારેય મનથી તારી પત્ની માની જ નથી. છતાં મેં તને કયારેય કોઈ ફરીયાદ કરી નથી. મને વિશ્વાસ હતો કે મારા હેત અને પ્રેમથી હું તારું હૃદય જીતી લઈશ પણ એ તો કયારેય નહીં બને...!

તો ભવ્ય રાજીખુશીથી તું મને છુટાછેડા આપી દે.. એ તમામ સંપત્તિ આપી દેજે. જે હું મારી સાથે લઈને આવી છું. હું લાગણીના સંબંધોમાં માનું છું દુનિયાના જડ વહેવારોમાં નહીં.. આ ઘરમાં હવે મારો જીવ મુંઝાય છે. જયાં મારૂં કોઈ જ નથી ત્યાં હું મારૂં જીવન પસાર નહીં કરી શકું.. તું તારી રીતે સ્વતંત્ર છે મને પણ આ ગુંગળામણમાંથી મુક્તિનો શ્વાસ લેવા દે.. હું શારીરિક રીતે ભલે નબળી હોઈશ પણ મારૂં મનોબળ ખુબ મક્કમ છે. તારી યાદોમાં આખી જીંદગી પસાર કરી લઈશ. હું કાલે જ પપ્પાને અહીં બોલાવું છું..

નિશાની વાત સાંભળી ભવ્ય ડઘાઈ ગયો. એક પણ શબ્દ બોલ્યા વિના મમ્મી-પપ્પાને વાત કરી. એમના પેટમાં પણ તેલ રેડાયું. ચિંતા વધી ગઈ. નિશાના પાછા ફરવાના નિર્ણયથી નહીં પણ દહેજ પાછું આપવાની વાતથી ત્રણે જયાં મુંઝવણમાં બેઠા હતા ને ઝરણાનો ફોન આવ્યો. હેલો ભવ્ય ! ઝરણા બોલું છું.

અહીં ઝરણા કેમ છે તું ? ઘણાં સમયે ફોન કર્યો. કયારે આવી દિલ્હીથી ?

જાનુ..! તારી અનેતારી યાદોથી દુર ભાગતી રહી પણ તને ભુલી જવો મારા માટે અશકય છે. તું મને નહીં મળે તો હું આત્મહત્યા કરી લઈશ.. તું મને આમ તરછોડીને નિશા સાથે સુખ નહીં ભોગવી શકે...

સુખી તો હું પણ કયાં છું ઝરણા એનાથી પીછો છોડાવવા મથું છું. સંજોગો એવા સર્જાયા હતા કે મારે એની સાથે લગ્ન કરવા પડયા. બાકી એ કયાં સ્વપ્ન સુંદરી છે કે એના સુખમાં હું પાગલ થઈને ફરૂં ? પ્રેમ તો મેં તને કર્યો છે અને હંમેશા તને મેળવવાના સપનાં જોઉં છું.

તો પછી એને છુટાછેડા કેમ નથી આપી દેતો...

એ પણ શકય નથી. હવે બીજો કોઈ ઉપાય વાતને અધવચ્ચે જ અધુરી મુકી ભવ્યએ ફોન કાપી નાખ્યો. એના ચિત્તભ્રમમાં ઝરણા વસી ગઈ. રોમે રોમમાં ઝરણા સમાઈ ગઈ. પ્રેમમાં વ્યાકુળ બની ગયો. હવે નિશા એને એના પ્રેમના માર્ગ શુળનીજેમ ભોંકાવા લાગી. મધ્યરાત્રી સુધી તે આમથી તેમ આંટા મારતો રહ્યો. એની ઉંઘ નિશાની વાત સાંભળી હરામ થઈ ગઈ હતી. એશોઆરામની જીંદગી હવે એને કોઠે પડી ગઈ હતી અને પાછું બધું સમેટીને નિશાના પપ્પાને પાછું આપી દેવાનું મંજુર ન હતું.વળી દિલમાં ઝરણાનો પ્રેમ દરીયાના તોફાની મોજાની જેમ ઉછાળા મારતો હતો. ઝરણા એની બાળપણની પ્રીત હતી. નિશાને માર્ગમાંથી હટાવવાનો એક જ ઉપાય હતો. કંઈક નિશ્ચય સાથે તે રૂમમાં ગયો. નિશા ગાઢ નિંદ્રામાં સુતી હતી.

## ટીવી ચેનલો મનોરંજક નહિ પરંતુ મનોભંજક છે?? : રાજરક્ષિતવિજયજી મ.

નવસારી

શ્રી વાસુપૂજય જિનાલય-મહાવીર સોસાયટીમાં આચાર્ય હંસકીર્તિસૂરિજીની પાવન નિશ્રામાં ચાતુર્માસિક પ્રવચનોમાં ભાઈ-બહેનો સુંદર લાભ લઈ રહ્યા છે. ભરચક સભાને સંબોધતા પંન્યાસ ભવ્યકીર્તિવિજય, પંન્યાસ રાજરક્ષિતવિજયજીએ જણાવ્યું કે, નીચે જોઈને ચાલનાર નીચે નથી જતો પરંતુ નીચા લક્ષ્યવાળો નીચે જાય છે ખોટા આચરણવાળો કે ખોટા વ્યવહારવાળો નીચે જ જાય છે એ નક્કી નથી. પણ ખોટા વિચારવાળો તો ૧૦૦ % (સો ટકા) નીચે જ જાય છે. એમાં કોઈ જ શંકા નથી. આકાશમાં ઉડનારી સમડીનું મન નીચે રહેલા સડેલા ક્લેવર ઉપર હોય છે. જ્યારે જમીન ઉપર ઠેકડા મારીને સૂર્યને પકડવા મથતું ચંડોલ પક્ષીની કવિઓએ ખૂબ જ પ્રશંસા કરી છે. તમે ક્યાં છો તે મહત્વનું નથી પરંતુ તમારું લક્ષ્ય કેટલું ઊંચુ છે. તે જ મહત્વનું છે. માટે હંમેશા ઉચ્ચવિચાર રાખવા જોઈએ.

મુનિશ્રીએ કહ્યું કે મનને ભડકાવવામાં સૌથી મોટો ફાળો ટીવી ચેનલોનો છે. હોરર અને બિભત્સ ચેનલોના સતત આક્રમણથી નવી પેઢી માનસિક સમસ્યાનો શિકાર બની ગઈ છે. માત્ર મુંબઈમાં દર વરસે ડૉક્ટરો, સી.એ., અભિનેતા, અભિનેત્રીઓ સેંકડોની સંખ્યામાં આપઘાત કરીને જીવન ટુંકાવી રહ્યા છે. લાખોની સંખ્યામાં યુવાનો-યુવતિઓ ચરસ, ગાંજા, કોકેનના રવાડે ચડી ગયા છે. સ્કૂલ-કોલેજોમાં ભણી રહેલા વિદ્યાર્થીઓ સતત તનાવમાં જીવી રહ્યા છે. આજની ટીવી ચેનલ મનોરંજક નહિ પરંતુ મનોભંજક છે. જેણે ''પર સ્ત્રી માતા સમાન'' ના આદર્શનો ભાંગીને ભુક્કો કર્યો છે. સ્કુલ- કોલેજમાં ભણી રહેલ યુવક-યુવતીઓના હાથમાં સ્માર્ટ મોબાઈલ ફોન અને ધૂમ સ્ટાઈલનું બાઈક આપી દેવાની આજના મમ્મી- પપ્પાઓએ જે ઉદારતા દાખવી છે એ જોતા એમ લાગે છે કે અનાચારના ભૂતકાળના તમામ રેકોર્ડો આજની આ વંઠેલ પેઢી વહેલામાં વહેલી તકે તોડી નાંખશે?? વિવેકાનંદ ચન્દ્રશેખર આઝાદ, ભગતસિંહ માત્ર ઈતિહાસમાં જ જીવંત રહેશે??

## અમરનાથ દર્શન માટે ૩૦૯ શ્રદ્ધાળુની નવી ટુકડી રવાના

શ્રીનગર

અભૂતપૂર્વ ઉત્સાહની વચ્ચે વાર્ષિક અમરનાથ યાત્રા યથાવતરીતે જારી રહી છે. આજે સઘન સુરક્ષા વ્યવસ્થા વચ્ચે ૩૦૯ શ્રદ્ધાળુઓની નવી ટુકડી રવાના થઇ હતી. આઠ વાહનોમાં તમામ શ્રદ્ધાળુઓ વહેલી પરોઢે ૨.૫૦ વાગે રવાના થયા હતા. સવારમાં ભગવતી નગર નિવાસ ખાતેથી તમામ શ્રદ્ધાળુઓ રવાના થયા ત્યારે સાવચેતીના તમામ પગલા લેવામાં આવ્યા હતા. સવારમાં જે શ્રદ્ધાળુઓનો કાફલો રવાના થયો હતો તેમાં ૨૩૬ પુરૂષો અને ૭૩ મહિલાનો સમાવેશ થાય છે. અધિકારીઓના કહેવા મુજબ ૨૧૩ શ્રદ્ધાળુઓ બલાતાલ બેઝ કેમ્પ માટે રાવાના થયા હતા. આવી જ રીતે ૯૬ પહલગામ બેઝ કેમ્પ મંટે રવાના થયા હતા. શ્રદ્ધાળુઓ માટે પહેલગામ અને બલતાલ બન્ને સ્થળ પર હેલિકોપ્ટર સેવા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. આ વર્ષે યાત્રામાં હજુ સુધી ૪૮ શ્રદ્ધાળઓના મોત થયા છે જે પૈકી માર્ગ અકસ્માતમાં ૧૭ના અને ૧૦મી જુલાઇના દિવસે કરવામાં આવેલા ત્રાસવાદી હુમલામાં આઠ શ્રદ્ધાળુઓના મોત થયા હતા. કુદરતી કારણોસર ૨૩ શ્રદ્ધાળુઓના મોત થયો છે. શ્રદ્ધાળુઓને સુરક્ષા આપવા માટે સેના, સીઆરપીએફ, સશસ્ત્ર સીમા બળ, ઈન્ડો તિબેટ બોર્ડર પોલીસ અને રાજય પોલીસના ૩૫૦૦૦ જવાનો તૈનાત કરવામાં આવ્યા છે.અત્રે નોંધનીય છે કે, હાલમાં જ ગુજરાતના અમરનાથ શ્રદ્ધાળુઓની બસ પર ત્રાસવાદી હુમલો કરાયો હતો

### પાંડવો વખતનું પ્રાચીન ૫૦૦૦ વર્ષ પુરાણુ

# વાવના કપિલેશ્વર મહાદેવનું શીવધામ

**વિશ્વનું પ્રાચીનતમ શિવધામનો અનેરો મહિમા**


વિષ્ણુ પરમાર

(તા.પ્રતિનિધિ) વાવ

વાવથી ગોલગામ રોડ પર માત્ર ૫ કી.મી.ના અંતરે કપિલેશ્વર મહાદેવનું પ્રાચીન શીવધામ આવેલું છે. આ શીવધામ સાથે પાંડવોનો ઈતિહાસ વણાયેલો છે. વિશ્વના ૧૨ જયોતિર્લીંગ કરતાં આ જયોતિલીંગનો મહીમા અનેરો છે. પાંડવોએ ૧૪ વર્ષના વનવાસ દરમિયાન મોટાભાગનો સમય આ વિસ્તારમાં પસાર કર્યો હતો. જેના દર્શનિક પુરાવાના ભાગરૂપે પાંચ કૂવા, મોઈદંડો, શીવ ધામ જેવા પુરાવાઓ મોજુદ છે. અહીંયા પાંડવોના વનવાસ દરમિયાન ભીમને એવી ટેક હતી કે શીવની પૂજા કર્યા વિના ભોજન ન લેવું ત્યારે તે સમયે પાંડવોએ વિશ્વકર્માને આહ્‌વાન કરી એક રાતમાં આ મંદીર બંધાવ્યું હતું અને ત્યારબાદ ભીમે સ્નાન કરવા માટે પાંચ કૂવાઓ બનાવ્યા હતા અને શીવપૂજા કરી હતી. અંદાજે ૫૦૦૦ (પાંચ હજાર) વર્ષ પુરાણું જયોતિર્લીંગ છે. આ મંદીર ઉપર કપિલ મૂનિએ પૂજા કરી હોવાથી તેનું નામ કપિલેશ્વર મહાદેવ રખાયું છે. શ્રાવણ માસમાં અહીંયા શિવભક્તોની ભારે ભીડ જામે છે. છેક ગુજરાતના કચ્છ, સૌરાષ્ટ્ર, દક્ષિણગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્રમાં શિવભક્તોની ભારે કતારો લાગે છે. આ અતિ પૂરાણા શિવ મંદીરને ખંડીત કરવા માટે મહમદ ગઝનીએ બંદૂકોની ગોળીઓ વરસાવી હતી. તે ગોળીઓના નિશાનો હાલમાં મોજુદ છે. જો કે ભમરાઓ ઉડતા બાદશાહ ત્યાંથી પોતાનું લશ્કર મૂકીને ભાગી છુટયો હતો. કપીલેશ્વર મહાદેવના શીવધામના જયોતિર્લીંગનો મહીમા વિશ્વની એક અજાયબી છે.

## લાખણી તાલુકા પંચાયતના બે સદસ્યો ભાજપમાં જોડાતાં કોંગ્રેસ અચંબામાં

(પ્રતિનિધિ) લાખણી

પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ કોંગ્રેસમાંથી રાજીનામું આપ્યુ ત્યારથી કોંગ્રેસના ધારાસભ્યો તથા બીજા હોદ્દેદારોએ રાજીનામાં આપવાની તથા પક્ષ પલ્ટો કરવાની શરૂઆત કરી દીધી છે અને જેની અસર લાખણી તાલુકામાં પણ જોવા મળી છે.

ગત રોજ લાખણી તાલુકા પંચાયતના પ્રમુખ અને ઉપપ્રમુખની ટર્મ પુરી થતાં ચૂંટણી યોજવામાં આવેલ. જેની સાથે જ કોંગ્રેસના બે તાલુકા પંચાયત સદસ્યો કોંગ્રેસ છોડીને ભાજપમાં જોડાઈ ગયેલ છે. જેમાં ગણતા સીટના સદસ્ય મફાભાઈ જેઠાભાઈ ઠાકોર તથા નાણી તા.પં.સીટના સદસ્ય હંસાબેન જેઠાભાઈ પરમાર તા.પં.ની ચૂંટણી વખતે ભાજપમાં જોડાતાં દિયોદરના ધારાસભ્ય, રાજયમંત્રી અને બનાસકાંઠા જીલ્લા ભાજપના પ્રમુખ કેશાજી ચૌહાણે તેમને ભાજપનો ખેસ પહેરાવી આવકાર્યા હતાં. આ પ્રસંગે બનાસકાંઠા જીલ્લા શિક્ષણ સમીતીના ચેરમેન બાબરાભાઈ પટેલ, લાખણી તાલુકા ભાજપ પ્રમુખ હેમરાજભાઈ, જી.ભાજપ મંત્રી ટી.પી.રાજપુત, મહામંત્રી ગણેશભાઈ રબારી, બેરાજી ઠાકોર, સવજીભાઈ રાજપુર વગેરેએ હાજર રહી સદસ્યોને ઉમળકાભેર વધાવી લીધા હતા.

## ભીલડીની સેવાભાવી સંસ્થાઓ તેમજ વેપારીઓ દ્વારા કાંકરેજ તાલુકાના અસરગ્રસ્ત ગામોમાં સહાય જીવન જરૂરી સહાય અપાઈ


કંચનજી ઠાકોર

પ્રતિનિધિ ભીલડી

બનાસ નદીમાં આવેલ પુરના કારણે કાંકરેજ તાલુકાનાં ગામડાઓમાં પાણી ફરી વળતા મોટા પ્રમાણમાં નુકશાન થવા પામેલ છે.ભીલડી રામસેવા સમિતિ, ભીલડી લાયન્સ કલબ તેમજ શ્રીમતી શારદાબેન નાનુભાઈ ચેરીટેબલ ટ્રસ્ટ ભીલડી, મનમોહન કનૈયા ડેકોરેશન વિગેરે સંસ્થાઓ દ્વારા કાંકરેજ તાલુકાના ગામો જેવા કે, મોટા જોમપુરા, નાના જામપુરા, નવા માનપુરા, જુના માનપુરા કસરા, ભદ્રેવાડી વગેરે ગામોમાં પાંચ જેટલા વાહનોમાં જીવન જરૂરીયાત વસ્તુઓ આપવામાં આવી હતી.જેમાં ૧૦૦ ગાદલા, ૧૦૦ રજાઈ, મનમોહન ડેકોરેશન તરફથી આપવામાં આવી હતી.તેમજ કપડા, ફ્રુટ પેકેટ સરપંચ મહેશભાઈ મોદી દ્વારા ફુડપેકેટ, નટુભાઈ ઠક્કર દ્વારા પાણીના પાઉચ આપવામાં આવ્યા હતાં.આ ભગીરથકાર્યમાં ભીલડીના સરપંચ મહેશભાઈ મોદી બાબુભાઈ પાનકુટા(ડીરેક્ટર બનાસબેંક), રમેશભાઈ જોષી(ધનાસરા), નરેશવન ગૌસ્વામી, નટુભાઈ ઠક્કર, રઘુભાઈ રાજગોર, લલીતભાઈ ઠક્કર, નારણભાઈ જોષી, સોયલા સુરેશ સીલવા, બળદેવભાઈ જોષી(મુડેઠા), દશરથભાઈ પટેલ, શૈલેષભાઈ ઠક્કર, વિનોદભાઈ જોષી, સ્વરૂપજી ઠાકોર, વિષ્ણુ પ્રજાપતિ, ભરતભાઈ ઠક્કર, નટુભાઈ દેસાઈ, લાલાભાઈ જોષી, જગદીશભાઈ દવે, આદિત્ય ઠક્કર, શાંતીભાઈ જોષી, દિલીપભાઈ ઠાકોર, હસમુખભાઈ જોષી, અરવિંદભાઈ પટેલ, અમૃતભાઈ જોષી, દાનાભાઈ જોષી નાનપુરા ગામમાં ૩ કી.મી ચાલીને ૧૦૦ મીટર પાણીમાંથી પસાર થઈને ગ્રાજનોને સહાય અપાઈ હતી.

## કેન્દ્રીય મંત્રીઓએ લાખણીના કુડા, કોટડા, ગણતા ગામના પુર અસરગ્રસ્તોની મુલાકાત લીધી


દિલીપ પુરોહિત

પ્રતિનિધિ લાખણી

લાખણી તાલુકાના ખેડૂતોને પણ પુરના કારણે ખુબ નુક્શાન થયેલ છે તેનું જાત નિરીક્ષણ કરવા કેન્દ્ર સરકારના કૃષિ મંત્રી રાધા મોહનસિંગ તથા રાજયકક્ષાના મંત્રી પુરષોત્તમ રૂપાલા તથા લઘુ અને મધ્યમ ઉદ્યોગ મંત્રી હરીભાઈ ચૌધરી સાથે કેન્દ્રીય મંત્રીઓએ લાખણી તાલુકાના કુડા, ગામનાં પુરના પાણીથી જે ખેતરો એકદમ ધોવાઈ ગયાને નદીનો પટ બની ગયો છે તેની મુલાકાત જેને વધુ નુક્શાન હોય તેમને વધારે અને ઓછુ નુક્શાન હોય તેમને તેમના પ્રમાણમાં ખેડૂતોને વળતર મળી રહે તેવા પ્રયાસ કરીશું એવું કૃષિ મંત્રીઓએ જણાવ્યું હતું. બાદમાં અન્ય તાલુકાના અસર ગ્રસ્તોની મુલાકાતે રવાના થયા હતા.

જોકે કેન્દ્રિય મંત્રી હરીભાઈ ચૌધરીને પોતાનો મત વિસ્તાર હોવાથી કુડા બાદ કોટડાના ધોવાણ થયેલા ખેતરોમાં જઈ ખેડૂતોને અશ્વાસન આપતાં જણાવેલ કે વહેણમાં જેના ઘર તથા ખેતર સાફ થઈ ગયા છે તેમને અન્ય જગ્યાએ શક્ય હશે તો જમીન ફાળવવા રજુઆત કરીશું તેમજ બનતી સહાય માટે વડાપ્રધાનને પણ જણાવીશ બાદમાં ગણતાં ગામના પુર ગ્રસ્તોની મુલાકાત લઈને જે પુલ હમણાંજ બન્યો તે તુટી ગયો તેની ગામ લોકોની રજુઆત સાંભળી કેન્દ્રીય સ્તરપર પગલાં લેવા તથા ખેડૂતોને નુક્શાન ના પ્રમાણમાં વળતર મળે તે સાચા અસર ગ્રસ્તને સહાય મળે તે માટે પ્રયત્ન કરીશ તેમ જણાવી તમામ ખેડૂતોની રજુઆત સાંભળી હતી. આ પ્રસંગે તેમની સાથે મંત્રી અને દિયોદર ધારાસભ્ય કેશાજી ચૌહાણ, બાબરાભાઈ પટેલ, હેમરાજભાઈ પટેલ, ટી.પી. રાજપુત, ભુપતસિંહ વાઘેલા વગેરે કાર્યકર્તાઓ સાથે જોડાયેલ.

## વિહોતર ગૃપ ઓફ બનાસકાંઠા દ્વારા પુરગ્રસ્ત વિસ્તારોમાં સેવાની સરવાણી


નરસિંહ દેસાઈ

પ્રતિનિધિ વડાવળ

બનાસકાંઠા જિલ્લામાં આવી પડેલી આકશી આફતના પગલે અનેક માલજાનનું નુકશાન થવા પામ્યું છે. ત્યારે સેવાભાવી સંસ્થાઓ પણ લોકોને પડેલી મુશ્કેલીમાં સહભાગી થવા માટે કામે લાગી ગઈ છે. ત્યારે બનાસકાંઠા જિલ્લામાં રબારી સમાજના યુવાનોનું બનેલ સંગઠન વિહોતર ગૃપ ઓફ બનાસકાંઠાએ પણ જિલ્લામાં આવેલ ભયાનક પૂરમાં અસરગ્રસ્ત લોકોની સેવામાં લાગી જતાં ગતરોજ ધાનેરા-કાંકરેજ લાખણી અને ડીસા તાલુકાના જળપ્રભાવિત ગામોમાં જઈ લોકોને જરૂરિયાત મુજબની વસ્તુઓ આપી સેવાની સરવાણી રેલાવી હતી. અગાઉ ૨૦૧૫ ના વર્ષમાં વિહોતર ગૃપ લોકોની સેવામાં તત્પર રહ્યું છે. ત્યારે ફરી પાછા આવેલ ભયાનક પૂરમાં લોકોની સેવામાં વિહોતર ગૃપ ઓફ બનાસકાંઠાના જિલ્લા સંયોજક જીવરાજભાઈ આલ અને તેમની ટીમે દ્વારા પૂરપ્રભાવિત દરેક ગામોમાં જઈ લોકોની સેવા કરી હતી. તેમની વેદનાઓ સાંભળી સરકારી તંત્ર સુધી પહોંચાડવાનું કામ કરવામાં આવી રહ્યું છે. તેમની આ દારૂણ પરિસ્થિતિમાં ફરી પાછા ઉભા થવાની ભગવાન શક્તિ આપે તેવી પ્રાર્થના કરવામાં આવી રહી છે.

# વાવના નાયબ મામલતદારની બઢતી સાથે બદલી



(તા.પ્રતિનિધિ) વાવ

તાજેતરમાં રાજય સરકારે ૨૨૭ નાયબ મામલતદારોને મામલતદાર તરીકે બઢતી આપી છે ત્યારે વાવ તાલુકાના ચૂવા ગામના વતની અને વાવ મામલતદાર કચેરી ખાતે નાયબ મામલતદાર (મ.ભો) માં ફરજ બજાવતા બેચરભાઈ વખતરામભાઈ પંડયાને રાપર (કચ્છ) મામલતદાર તરીકે બઢતી મળી છે. બેચરભાઈ વી. પંડયા એક કાર્યકુશળ, પ્રામાણીક અધિકારી તરીકેની છબી ધરાવે છે. જેઓએ વાવ ખાતે મહેસૂલ, મ.ભો. સર્કલ ઓફીસર, જમીન જેવા વિવિધ હોદ્દા ઉપર ઉમદા ફરજ બજાવી છે તેમજ જિલ્લા કલેકટર કચેરી પાલનપુર ખાતે પૂરવઠા વિભાગમાં સપ્લાય ઈન્સ્પેકટર તરીકે ઉમદા સેવા આપી ચૂક્યા છે તેમને મામલતદાર તરીકે બઢતી મળતાં તેમના મિત્ર વર્તુળમાં આનંદની લાગણી જોવા મળી છે.

આ ઉપરાંત વાવ તાલુકાના ભાચલી ગામના વતની અને થરાદ મામલતદાર કચેરી ખાતે નાયબ મામલતદાર તરીકેની ફરજ બજાવતા એમ.કે.લીડીયાની પાટણ જિલ્લાના ચાણસ્મા મામલતદાર મુકામે બઢતી સાથે બદલી થઈ છે. જેઓ પણ સ્વચ્છ પ્રતિભા ધરાવતા અધિકારી તરીકેની છબી ધરાવે છે. આમ વાવ તાલુકાના બે નાયબ મામલતદાર મિત્રોને મામલતદાર તરીકેની બઢતી મળતાં વાવ પંથકમાં ખુશીનું મોજુ પ્રસર્યું છે. જેઓએ વાવ પંથકનું ગૌરવ વધાર્યું છે.

## પાલનપુરમાં ભાજપ ડોક્ટર સેલ દ્વારા પૂરગ્રસ્તો માટે મેડિકલ કેમ્પ યોજાયો

પાલનપુર

બનાસકાંઠામાં અતિવૃષ્ટિના કારણે જનજીવન ખોરવાયું છે. પાલનપુરના વિવિધ વિસ્તારો વધુ વરસાદના કારણે રોગજન્ય બન્યા છે. આ સંદર્ભે ભારતીય જનતા પાર્ટી ડૉક્ટર સેલ, બનાસકાંઠા અને પંડિત દિનદયાલ ઉપાધ્યાય સ્મૃતિ ટ્રસ્ટના ઉપક્રમે પાલનપુર ખાતે વિવિધ વિસ્તારોમાં મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જેમાં ગતરોજ પાલનપુરના હરીપુરા વિસ્તારમાં રાત્રિ મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મેડીકલ કેમ્પમાં પાલનપુરના જાણીતા ફિઝીશીયન ડૉ.સુરેન્દ્ર ગુપ્તા, ઈ.એન.ટી. સર્જન ડૉ.કૌશલ પ્રજાપતિ, બાળરોગ નિષ્ણાત ડૉ.હર્ષ પ્રજાપતિ અને ડો. સાબિર સુમરાએ સેવા આપી હતી. આ મેડિકલ કેમ્પમાં ૧૨૪ જેટલા જરૂરિયાતમંદ દર્દીઓએ સેવાનો લાભ લીધો હતો. જેમાં તમામને દવાઓ મફત આપવામાં આવી હતી. આ મેડિકલ કેમ્પ માટે કેમીસ્ટ સતિષ ગુપ્તા, સ્થાનિક કોર્પોરેટર વિપુલભાઈ જોષી, બી.જે.પી. પ્રશિક્ષણ સેલના બ.કાં. કન્વીનર પૂરવ મોદી અને નયન ચતરીયાએ ભારે જહેમત ઉઠાવી હતી. પાલનપુરના અન્ય તમામ વોર્ડમાં દરરોજ રાત્રિ મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવશે.

## બનાસકાંઠા જિલ્લાના તમામ તાલુકાઓમાં નવા મામલતદારોની નિમણુંક

**૧૪ નાયબ મામલતદારોને મામલતદારની બઢતી મળતાં અન્ય જિલ્લામાં મુકાયા**

તા.પ્રતિનિધિ થરા

રાજયના મહેસુલ વિભાગ દ્વારા ૧૧૭ જેટલા મામલતદારોની બદલી અને ૨૨૭ નાયબ મામલતદારોને મામલતદાર તરીકે બઢતી આપી વિવિધ સ્થળે નિમણુંક કરવામાં આવી છે. બનાસકાંઠા જિલ્લામાં અમીરગઢ અને વાવ મામલતદારની બદલી તથા ૧૪ જેટલા નાયબ મામલતદારોને મામલતદાર તરીકે બઢતી આપવામાં આવી છે.

**બનાસકાંઠા જિલ્લામાં નિમણુંક પામેલા મામલતદારોમાં**

૧ ૧.બી.જી.વર્મા મામલતદાર-વિભાગ મામલતદાર અમીરગઢ,
૨. એન.અસ.ડામોર મામલતદાર ભાવનગર ગ્રામ્ય) મામલતદાર ડીસા
૩. જે.સી.ગરાસીયા મામલતદાર ધારી-મામલતદાર થરાદ
૪. એસ.એ.ચૌહાણ નાયબ મામલતદાર-સા.કાં. મામલતદાર કાંકરેજ
૫. આર.એમ.ચાવડા નાયબ મામલતદાર સા.કાં. મામલતદાર વડગામ
૬. અચ.એચ.પંજાબી ના.મામલતદાર આણંદ મામલતદાર દાંતા
૭. બી.એસ.ખરાડી ના.મામલતદાર સા.કાં. મામલતદાર ધાનેરા
૮. એચ.એસ.પટેલ ના.મામલતદાર પાટણ મામલતદાર દાંતીવાડા
૯. આઈ.એમ.ઠાકોર ના.મામલતદાર પાટણ મામલતદાર ભાભર
૧૦. પી.એસ.પંચાલ ના.મામલતદાર પાટણ મામલતદાર દિયોદર
૧૧. સી.એન.રાણા ના.મામલતદાર સુરત મામલતદાર પાલનપુર
૧૨. ડી.સી.પરમાર ના.મામલતદાર કચ્છ મામલતદાર લાખણી
૧૩. સી.બી.નિનામા ના.મામલતદાર કચ્છ મામલતદાર વાવ
૧૪. આર.વી.પટેલ ના.મામલતદાર મહેસાણા મામલતદાર ડીઝાસ્ટર સેલ કલેકટર ઓફિસ પાલનપુર

**બનાસકાંઠા જિલ્લામાંથી નાયબ મામલતદારને બઢતી આપી મામલતદાર બનાવાયા**

૧. એમ.એન.કોદરવી-મામલતદાર સરસ્વતી પાટણ
૨. એ.એન.સોલંકી મામલતદાર વિસનગર
૩. જી.ડી. ગમાર મામલતદાર ખેડા
૪. એ.જે.પારેગી મામલતદાર નાની બચત મહેસાણા
૫. એમ.કે.લીડીયા મામલતદાર ચાણસ્મા
૬. વી.એમ.કટારીયા મામલતદાર ખેરાલુ
૭. વી.એસ.મકવાણા મામલતદાર ડીઝા. મે.ને. મહેસાણા
૮. વી.ડી.પુજારા મામલતદાર અબડાસા કચ્છ
૯. બી.વી.પંડયા મામલતદાર રાપર કચ્છ
૧૦. એ.પી.ઠક્કર મામલતદાર નખત્રાણા કચ્છ
૧૧. એચ.બી.કોદરાવી મામલતદાર વાગરા (ભરૂચ)
૧૨. ડી.એસ.પ્રજાપતિ મામલતદાર જાવડા મહેસાણા
૧૩. આર.કે.પટણી મામલતદાર રીકવરી કલેકટર અમદાવાદ
૧૪. એ.જે.ત્રિવેદી મામલતદાર મુંદ્રા કચ્છ

# દીઓદરમાં જળ સંકટ ચર્ચા કરતા સરપંચ


અશોક શેઠ

તા.પ્રતિનિધિ દીઓદર

ગુજરાત પાણી પુરવઠા વિભાગ દ્વારા સામલા(વ.) નર્મદા મુખ્ય કેનાલ પરના ફીલ્ટર પ્લાન્ટમાંથી દીઓદર તથા ભાભર પંથકના ગામોને પીવાનું પાણી પુરૂ પાડવામાં આવે છે.તાજેતરમાં આવેલા ભારે વરસાદ બાદ નર્મદાની કેનાલ અનેક જગ્યાએ તુટી જવા પામેલ જેના કારણે બંન્ને તાલુકાના ગામડાઓમાં જળ સંકટ પેદા થવાની શક્યતા દેખાય છે.

તાલુકા મથક દીઓદર ખાતે પણ નર્મદા કેનાલ દ્વારા પુરા પડાતા પીવાના પાણી બંધ થતાં ઉદભવનારી પરિસ્થિતિની ચર્ચા વિચારણા કરવા માટે આજરોજ દીઓદર સરપંચશ્રી ગીરીરાજસિંહજી વાઘેલાએ તલાટી કમ મંત્રી પી.એન.ચૌધરી તથા સ્ટાફ, બોર ઓપરેટરો,ગ્રામ પંચાયતના સદસ્યો સાથે બેઠક બોલાવી ચર્ચા - વિચારણા કરેલ.

શ્રી ગીરીરાજસિંહજી વાઘેલાએ જણાવેલ કે દીઓદરમાં હાલે નર્મદાનું પાણી બંધ થતાં ગંભીર સમસ્યા ઉભી થનાર છે.હાલે દીઓદર ગ્રામ પંચાયતમાં ૪ બોર ચાલુ છે.જેમાં બે બોર જ ફુલ ફોર્સથી પાણી નીકાળે છે.દરેક વિસ્તારોને આ બોરથી આવરી લેવા માટે ૧૮૦૦ ફુટ જેટલી પાઈપ લાઈન તાત્કાલીક ધોરણે નાખવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.જેથી એક બીજા વિસ્તારમાં પાણી પહોંચાડી શકાય.જે બોરોમાં તકલીફ છે ત્યાં નવી મોટર તથા સ્ટાર્ટસ નાખવામાં આવ્યા છે. તેમજ એક નવીન બોર તાત્કાલીક બનાવવાનું આયોજન વિચારણા હેઠળ છે.હાલે નર્મદાનું પાણી ચાલુ હોઈ દિવસે પ્રજાને પાણી આપી રાત્રે સંપો ભરવામાં આવી રહ્યા છે જેના કારણે શરૂઆતમાં તકલીફ ઓછી પડે.

# ૩૫૦૦ કરોડનો ૧૫૦૦ કિલો હેરોઈનનો જથ્થો જપ્ત

અમદાવાદ

ભારતીય કોસ્ટગાર્ડના અધિકારીઓએ આજે એક મહત્વના ઓપરેશનમાં ગુજરાતના પોરબંદરના દરિયાઇ વિસ્તારમાંથી એક વિદેશી જહાજને ઝડપી તેમાંથી રૂ.૩૫૦૦ કરોડના ૧૫૦૦ કિલો હેરોઇનનો જંગી જથ્થો પકડી પાડયો છે. ગુજરાતના દરિયાઇ વિસ્તારમાં આટલી મોટી માત્રામાં ડ્રગ્સ કન્સાઇનમેન્ટ પકડાતા જબરદસ્ત સનસનાટી મચી ગઇ છે.

બીજીબાજુ, આ સમગ્ર મામલામાં ઈન્ડિયન કોસ્ટગાર્ડની સાથે સાથે હવે આઇબી, પોલીસ, કસ્ટમ, એનસીબી, એટીએસ સહિતની સુરક્ષા એજન્સીઓ પણ ચિત્રમાં આવી છે અને સઘન તપાસનો દોર આરંભ્યો છે. નોંધનીય છે કે, ગુજરાતના દરિયાઇ વિસ્તારમાં સૌપ્રથમવાર આટલી મોટી માત્રામાં હેરોઇનનો જથ્થો ઝડપાયો છે. દેશના ઈતિહાસમાં ડ્રગ્સનું આ સૌથી મોટુ કન્સાઇમેન્ટ દરિયામાંથી પ્રથમવાર પકડાયો હોવાનું પણ મનાઇ રહ્યું છે. ઈન્ટેલીજન્સ બ્યુરોના ઈનપુટ્સના આધારે ભારતીય કોસ્ટગાર્ડે આજે સમુદ્રપાવક નામના જહાજને ગુજરાતના પોરબંદરના દરિયાઇ વિસ્તારમાંથી ઝડપી પાડયું હતું. આ જહાજ અંગે આઈબીના ઈનપુટ્સ બાદ ઈન્ડિયન કોસ્ટલ ગાર્ડના અધિકારીઓએ પોરબંદર સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપની મદદથી પોરબ-દરથી ૨૮ નોટીકલ માઇલ દૂર દરિયાઇ વિસ્તારમાંથી આ જહાજને આંતર્યુ હતું અને તેમાંથી રૂ.૩૫૦૦ કરોડની કિંમતના ૧૫૦૦ કિલો હેરોઇનનો જથ્થો મળી આવતાં સુરક્ષા એજન્સીઓના અધિકારીઓ પણ ચોંકી ઉઠયા હતા. કોસ્ટગાર્ડે ૧૫૨૫ જેટલા ડ્રગ્સના પેકેટ સાથેના આટલા મોટા ડ્રગ્સ કન્સાઇનમેન્ટ સાથે બોટમાંથી આઠ લોકોને પણ ઝડપી લીધા છે અને તેની ઝીણવટભરી પૂછપરછ હાથ ધરી છે. પકડાયેલા લોકો પાસેથી બે સેટેલાઇટ ફોન સહિતનો મુદ્દામાલ પણ પકડાયો છે. આટલુ મોટુ કન્સાઇનમેન્ટ પકડાયા બાદ કસ્ટમ, એનસીબી, ગુજરાત એટીએસ સહિતની સુરક્ષા એજન્સીઓ પણ હરકતમાં આવી હતી અને ડ્રગ્સનો આટલો મોટો જથ્થો કોના ઈશારે કયાંથી લવાયો હતો અને કોને પહોંચાડવાનો હતો અને સમગ્ર નેટવર્ક કઇ રીતે ચાલે છે તે સહિતના મુદ્દાઓની ગંભીર અને સઘન તપાસ હાથ ધરી છે. જો કે, ભારતીય કોસ્ટગાર્ડના આજના સફળ ઓપરેશનને પગલે ડ્રગ્સ માફિયોમાં ફફડાટની લાગણી ફેલાવા સાથે જ જબરદસ્ત ચકચાર મચી ગઇ હતી.

# ગુજરાતી વિદ્યાર્થી માટે રાજ્ય સરકાર તાકીદે વટહુકમ લાવે

અમદાવાદ

નીટ-૨૦૧૭ની પરીક્ષામાં બેઠેલા ગુજરાતી માધ્યમના ૪૭,૫૮૩ વિદ્યાર્થીઓ માટે ભાજપ સરકારે કોઇ હકારાત્મક નક્કર પગલાં નહી લેતાં મેડિકલમાં પ્રવેશ માટેની કારકિર્દી પર પાણી ફરી વળે તેવી સ્થિતિનું નિર્માણ થયું છે. ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓના હિતમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રવકતા ડો.મનીષ દોશીએ વિદ્યાર્થીઓનું શૈક્ષણિક ભવિષ્ય બચાવવા ભાજપ સરકાર દ્વારા તાત્કાલિક વટહુકમ જારી કરવામાં આવે તેવી માંગણી કરી છે. જો સરકાર ગુજરાતી વિદ્યાર્થીઓના હિતમાં વટહુકમ લાવશે તો, કોંગ્રેસ પક્ષ સંપૂર્ણ ટેકો જાહેર કરશે એમ પણ તેમણે જણાવ્યું હતું. તેમણે ઉમેર્યું કે, નીટની પરીક્ષામાં ગુજરાતી માધ્યમના ૪૭,૫૮૩ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જેમને અલગ-અલગ પેપર કાઢીને સીબીએસઇ અને કેન્દ્ર સરકારે ભારોભાર અન્યાય કર્યો છે. આ ગુજરાતી વિદ્યાર્થીઓ અને વાલીઓ દ્વારા છેલ્લા ત્રણ મહિનાથી સતત રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર સમક્ષ રજૂઆત કરી રહ્યા છે પરંતુ હજુ સુધી સરકારે આ મામલે કોઇ હકારાત્મક નિર્ણય કર્યો નથી. કોંગ્રેસપક્ષ તરફથી પણ આ મામલે ગુજરાત સરકારને ઉગ્ર રજૂઆત કરવામાં આવી હતી, છતાં હજુ સુધી સરકારે કોઇ પગલાં લીધા નથી. કોંગ્રેસ પ્રવકતા મનીષ દોશીએ વધુમાં ઉમેર્યું કે, જે રીતે મેડિકલ પ્રવેશ સમિતિ દ્વારા મેરિટલીસ્ટ જાહેર કરાયું તેમાં ગુજરાતી માધ્યમના માત્ર ૧૫ ટકા વિદ્યાર્થીઓનો જ એમબીબીએસના મેરિટલીસ્ટમાં સમાવેશ થયો હોવાનું જાણવા મળે છે. તેનો અર્થ એ થયો કે, છેલ્લા ૨૫ વર્ષમાં જે રીતે મેડિકલ પ્રવેશ પ્રક્રિયામાં સીબીએસઇ અને અન્ય બોર્ડના વિદ્યાર્થીઓને ૧૦ ટકા જેટલી બેઠકો મળતી હતી અને આજે ગુજરાત બોર્ડના વિદ્યાર્થીઓને માત્ર ૧૫ ટકા બેઠકો મળે તેવી દયનીય પરિસ્થિતિનું નિર્માણ થયું છે.

## દર્દીના સગા પાસે રૂપિયા વસુલાવાની ફરિયાદો

અમદાવાદ

શહેરના મણીનગર વિસ્તારમાં આવેલી મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત એલ.જી.હોસ્પિટલમાં પુત્ર જન્મ થયો છે કહી દર્દીના સગા પાસેથી અપમાનિત કરી ધમકાવીને રૂપિયા એક હજારની રકમ વસુલવામાં આવી હોવાનો ગંભીર આક્ષેપ હોસ્પિટલના સુપ્રિટેન્ડન્ટ સમક્ષ લેખિત રજુઆત દ્વારા કરવામાં આવ્યો છે.આ અંગે શહેરના રામોલ-હાથીજણ વોર્ડના કોર્પોરેટર અતુલ પટેલે એક નિવેદનમાં કહ્યુ કે,૨૪થી ૨૬ જુલાઈ દરમિયાન ફરજાનાબાનુને એલજીમાં ગાયનેક વોર્ડમાં પ્રસુતિ માટે દાખલ કરવામાં આવ્યા હતા.આ સમય દરમિયાન ગાયનેક વોર્ડના ડોકટરના હાથ નીચે કામ કરી રહેલા સ્ટાફ દ્વારા દર્દીના બહેન સમીમબાનુ સૈયદને તમારા બહેને પુત્રને જન્મ આપ્યો છે એમ કહી રૂપિયાની માંગણી કરવામાં આવી હતી.

**જાહેર નોટીસ**

દિયોદરના મહે.સોચા એડીશનલ ડીસ્ટ્રીક્ટ જજશ્રી, બી.એલ.ચૌધરી સાહેબની કોર્ટમાં, મુ.દિયોદર

## તંત્રી સ્થાનેથી ...

**અહિંસા વિના મનુષ્યના જીવનમાં સુખ નથી આવતું.**

# પાકિસ્તાનમાં કોઈ સરકાર પાંચ વર્ષ ટકી શકી નથી

ભારતના વિદેશ મંત્રી સુષ્મા સ્વરાજની મદદ માગનારાઓને સોશિયલ મીડિયા પર તરત જ જવાબ આપવામાં આવે છે. સુષ્મા સ્વરાજના વલણની પાકીસ્તાનની મહિલાઓ પ્રશંસા કરી રહી છે.જ્યારે વિદેશની ધરતી પર કોઈપણ ભારતીયની હત્યા થાય છે કે ત્યાંની સરકાર દ્વારા કનડગત થાય છે ત્યારે સુષ્મા સ્વરાજ જે માનવીય અભિગમ વ્યક્ત કરે છે તે જગજાહેર છે.

હિઝાલ આસિફ નામની પાકિસ્તાની એક મહિલાએ એક ટ્વિટ પર લખ્યું છે કે જો સુષ્મા સ્વરાજ પાકિસ્તાનના વડાપ્રધાન હોત તો દેશ બદલાઈ ગયો હોત અને વિશ્વમાં પાકિસ્તાનની નામના હોત વાસ્તવમાં પાકિસ્તાની આ મહિલાએ પાકિસ્તાનના એક નાગરિકના રોગની સારવાર માટે વિઝા મેળવવા સુષ્મા સ્વરાજની મદદ માગી છે. પાકિસ્તાની એક વ્યક્તિ ભારત આવવા માગતી હતી પરંતુ તેને પાકિસ્તાનમાં મેડિકલ વિઝા આપવા આનાકાની કરવામાં આવી હતી. જો કે સુષ્મા સ્વરાજે હિઝાઈ નામની મહિલાને નિરાશ કર્યા વિના ઈસ્લામાબાદ ખાતે ભારતીય હાઈ કમિશનને જાણ કરી હતી. અને પાકિસ્તાની વ્યક્તિને વિઝા આપવા અનુરોધ કર્યો હતો.

સદર કેસ સંદર્ભે સુષ્મા સ્વરાજે પાકિસ્તાનના વડાપ્રધાનના વિદેશી બાબતોના સલાહકાર સરતાજ અઝીઝની ઝાટકણી કાઢી હતી, સ્વરાજે હિઝાબ આસિફ નામની મહિલાને ટ્વિટ કરતાં લખ્યું હતું કે, 'શું તમારા જેવા સિરિયલ કેસમાં પણ સરતાઝ અઝિઝી ભલામણપત્ર આપવાનો ઈન્કાર કર્યો?

જવાબમાં હિઝાબે લખ્યું કે મેડમ ... સરકારમાં તમારા જેવા કોઈ નથી. અમારી પાસે સરતાઝ અઝીઝ છે. પરંતુ તેઓ છે કે કેમ તેની કોઈને ખબર નથી અમે ભારતથી નફરત નથી કરતાં હું ભારત અને ભારતીયોને ખૂબ જ પ્રેમ કરું છુ. વાસ્તવમાં અહીંના લોકો ભારત અને ભારતીયોને ખૂબ ચાહે છે. પાકિસ્તાન મહિલાના વિચારો ખૂબ જ આદર્શ છે. પરંતુ ત્યાંના રાજકારણમાં એટલો ગંદવાડ છે કે અત્યાર સુધીની કોઈ સરકારે તેમના કાર્યકાળના પાંચ વર્ષ પુરા કર્યા નથી. માત્ર કાવાદાવા, ગેરરીતિ અને આતંકીઓને સલામી મારતા રાજકારણીઓથી પાકિસ્તાનની જનતા ખુબ જ નારાજ છે. નવાઝ શરીફને મળીને અત્યાર સુધી કુલ ૨૬ વડાપ્રધાનો સત્તા પર આવ્યા પરંતુ પાંચ વર્ષ સુધી ટકી શક્યા નથી. નવાઝ શરીફ જો એક વર્ષ સત્તા સ્થાને રહ્યા હોત તો પોતાનો પાંચ વર્ષનો કાર્યકાળ પુરો કરી શક્યા હોત!

પાકિસ્તાનના પ્રથમ વડાપ્રધાન લિયાકત અલીખાનની હત્યા કરવામાં આવી હતી. ૧૯૭૦ ની લોકશાહી ચૂંટણીઓ પછી લોકશાહી સરકાર બનવાના બદલે દેશના ભાગલા પડી ગયા અને બાંગલાદેશ નામનો નવો દેશ બની ગયો. જેને ભારત અને અમેરિકા તમામ પ્રકારની મદદ કરે છે. ૧૯૭૩ માં ઝુલ્ફિકાર ભુટ્ટો વડાપ્રધાન બન્યા હતા. પરંતુ ૧૯૭૭ માં જનરલ ઝિયા ઉલ હકે ભુટ્ટોને ફાંસી આપી દીધી હતી. ૧૯૮૫ માં ચૂંટણી થતાં મુહમ્મદ જુનેજો વડાપ્રધાન બન્યા પરંતુ એમની સરકાર ટકી નહિં. ૧૯૯૯ માં પરવેઝ મુશર્રફના લશ્કરી બળવા બાબતે એ સ્પષ્ટ હતું કે દેશમાં લોકશાહી સાથે કોઈ નિસ્બત નથી મુશર્રફ પછી બેનઝીર ભુટ્ટો સરકારની શરૂઆત થઈ પરંતુ એક ચૂંટણી રેલીમાં બેનઝીરની હત્યા થઈ ગઈ. બાદમાં ૨૦૦૮ માં યુસુફ રઝા લાલાની વડાપ્રધાન બન્યા અને એવું લાગ્યું કે તેઓ પાંચ વર્ષ ટકશે પરંતુ ૨૦૧૧ માં દેશમાં ચૂંટાયેલા વડાપ્રધાનને હટાવી દેવામાં આવ્યા. બાદમાં નવાઝ શરીફની સરકાર આવી પરંતુ ચાર વર્ષના અંતે તેમની પર સંપત્તિ એકત્ર કરવાનો આરોપ મુકાતાં રાજીનામું આપવું પડ્યું... જો કે પાકિસ્તાનની જનતાને કોઈ લોકપ્રિય નેતા આજદિન સુધી મળ્યો નથી!

# અંતર્દષ્ટિ-પરમ સત્તાનું બળ

સ્વયં મનુષ્ય પોતાના જોરે ગમે તેટલું પરાક્રમ કરી લે, જ્યાં સુધી પરમ સત્તાનું બળ તેની સાથે નથી જોડાતું ત્યાં સુધી તે પ્રગતિના ઉચ્ચતમ સોપાનો પર નથી ચડી શકતો. લૌકિક જીવનમાં આવનાર અડચણો પણ કંઈક એવી જ હોય છે કે તે સમયે સમયે પરીક્ષા લેતી રહે છે. ક્યારેક ક્યારેક સુપાત્રોએ પણ આકરી પરીક્ષામાંથી પસાર થવું પડે છે. સદ્ગુરુ ભગવદ્ સત્તાના ઉદ્દેશ્યોની પૂર્તિ માટે માનવમાત્રના કલ્યાણ માટે અવતરિત થાય છે. તેઓ ભવસાગરની પાર લઈ જવામાં માનવ માટે મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. તેમનું સૌથી મોટું કાર્ય હોય છે- સાધકના મનોબળને અધિક વધારવું. તેને એવી સ્થિતિમાં પહોંચાડી દેવો, જ્યાંથી તે પોતાના જીવનનાં લ-ય નિર્ધારિત કરી શકે.

વિભૂતિઓ ઉચ્ચસ્તરીય પ્રતિભાઓ રૂપે અવતરિત થતી રહે છે, જે સમયે સમયે સમાજમાં આવતી રહે છે અને પોતપોતાની જવાબદારીનું વહન કરતી રહે છે. આ સંદર્ભે આપણી સ્વતઃ ગુરુ પરંપરાએ મોટું યોગદાન આપ્યું છે. આદિકાળથી ચાલી આવતી આ પરંપરાએ દૈવીય માર્ગદર્શક રૂપે અનેકાનેક પ્રતિભાઓને ઉભારી છે. ગાયત્રી સાધના ઉચ્ચસ્તરીય પ્રતિભાઓ અને વિભૂતિઓનો ભંડાર છે. આજના નવયુગનું સ્વપ્ન એ જ સાધનાના પાયા પર સાકાર થતું જોઈ શકાય છે. જો ક્યાંક આશાનું કિરણ દેખાય છે તો જન-જનના મનમાં આકાંક્ષા જગાવવાનું કાર્ય ગાયત્રી સાધાનાથી જ સંપન્ન થઈ શકે છે. પરમસત્તા ગુરુસત્તા રૂપે આંગળી પકડીને માર્ગ દેખાડે છે. વ્યક્તિગત સાધનાને આગળ વધારીને તેને સમાજની સાધના બનાવવી એક મહાન કૃત્ય છે. એમાં જ માનવ કલ્યાણ છે.

ધ્યાનમાં જો આત્મજયોતિનું દર્શન થાય છે તો સમજવું જોઈએ કે સાધના સફળતાપૂર્વક ચાલી રહી છે. તેને ગાયત્રી માતાનાં દર્શન જ માની લેવાં જોઈએ. કોઈને રોમાંચ રૂપે, કોઈને પ્રકાશ રૂપે, કોઈને પ્રતિમા રૂપે દર્શન થાય છે, જેને ગાયત્રી માતાનો સાક્ષાત્કાર જ સમજવો જોઈએ.

**આત્મચિંતન**

# શ્રેય અને પ્રેય બંને માર્ગ ખુલ્લો છે

અહીં દરેક શ્રેષ્ઠ વ્યક્તિને મુશ્કેલીઓની તથા અસુવિધાઓની અગ્નિપરીક્ષામાંથી પસાર થવું પડે છે.જેઓ વિવેકને અપનાવતા રહે છે.પ્રલોભનોથી સ્ખલિત થતા નથી અને સન્માર્ગમાંથી કોઈ પણ કારણે પાછા પગલા ભરતા નથી તેઓ જ ખરેખર આ ભવસાગરને પાર કરે છે.તેઓ જ માયાના જાદુથી બચી જાય છે.તેમનું માનવ શરીર ધારણ કરવું સાર્થક બને છે.કલ્યાણનો માર્ગ મહાન છે.પુણ્ય પરમાર્થના, શ્રેષ્ઠતા અને મહાનતાના, ધાર્મિકતા અને આસ્તિકતાના પુણ્ય પથ પર ચાલવું અઘરું નથી એ દિશામાં ચાલતાં ચાલતાં નિરંતર મળતી શાંતિને પ્રાપ્ત કરવી પણ અઘરી નથી.આવશ્યકતા કેવળ એટલેજ છે કે મનુષ્ય ત્વરિત લોભનો ત્યાગ કરીને દુરગામી પરિણામો પર વિચાર કરે અને તેના આધાર પોતાની પ્રવૃત્તિઓનું નિર્માણ કરવા માટે કૃત સંકલ્પ તથા કટિબધ્ધ બને.બંન્ને માર્ગ ખુલ્લા છે.બંને માંથી કયો માર્ગ પસંદ કરવો અને તેનો આધાર આપણા પર રહેલો છે.

સભ્ય સમાજની રચના થવી કે વર્તમાન અસભ્યતાનું દિવસે દિવસે વધતા જવું તે આપણી પસંદગી પર આધારિત છે.એક શ્રેય છે, બીજુ પ્રેય છે.આ બંન્ને ઉમેદવારો ઉભા છે.એ આપણી પોતાની પસંદગીની બાબત છે કે આમાંથી કોને મત આપીને વિજયી બનાવવો..

**ગાયત્રી શક્તિપીઠ,ડીસા**

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

# નિઃસ્વાર્થ ભાવે હજારો લોકોને મદદ કરનારાઓને દેખીને છાતી ગદગદ જરૂર ફુલે..

**સંવેદના**
**પ્રવિણ એમ. નાઈ**

ગુજરાતમાં બનાસકાંઠા જિલ્લો હંમેશા સુકો રહ્યો છે. દાંતીવાડા અને સીપુ ડેમ તો કોઈપણ રીતે ભરાય જ નહીં.. એવી સ્થિતિ પણ ઉભી થાય.. ગુજરાતના બીજા બધા ડેમો છલોછલ હોય ત્યારે બનાસના ધરોહર સમાન દાંતીવાડા અને સીપુ ખાલીખમ હોય પણ છેલ્લા ત્રણેક વર્ષથી ઉત્તર ગુજરાત ઉપર મેઘરાજા શાના કારણે આટલા બધા મહેરબામન થયા છે એ જ ખબર પડે તેમ નથી. બનાસકાંઠા અને માઉન્ટ આબુનો વિસ્તાર આમ તો દરીયાથી ખુબ જ દુર છે.. મોસમનો વિધિસરનો વરસાદ જો કહેવો હોય તો કેરલ રાજય, મુંબઈ થઈને સૌરાષ્ટ્રમાં પ્રવેશતાં વરસાદમાં પવનો, સૌરાષ્ટ્રમાં વરસાદ આપ્યા બાદ કચ્છ અને ઉત્તર ગુજરાતને વરસાદ આપે. કોઈક વાર મુંબઈ ઉપરથી વરસાદના પવનો દક્ષિણ ગુજરાતના ભાગો ઉપરથી વડોદરા, અમદાવાદ થઈને ઉત્તર ગુજરાતને વરસાદ આપે.. છેક ઉત્તર ગુજરાત સુધી પવનો આપે ત્યાં સુધીમાં તેનો ભેજ ઘટી ગયો હોય અને વરસાદની માત્રા પણ ઘટી ગઈ હોય.. પરંતુ છેલ્લા ત્રણેક વર્ષથી ઉત્તર ભારતના ભાગો ઉપર ભૌગોલિક કારણ જવાબદાર જરૂર છે. લો પ્રેશરની અસર બનાસકાંઠા અને માઉન્ટ આબુને થઈ રહી છે. ૨૦૧૫ ની સાલમાં આવી જ રીતે ઉત્તર ગુજરાતમાં વરસાદ પડયો હતો. ઉત્તર ગુજરાતને અડીને આવેલા રાજસ્થાનના ભાગોમાં પણ વરસાદ પડતાં રાજસ્થાનનું પાણી ગુજરાતમાં આવી ગયું હતું અને કેટલાય ગામો, ઘરો પાણીમાં ડુબમાં ગયા હતા. આ વખતે ફરીથી ૨૦૧૭ માં એવી જ સ્થિતિ સર્જાઈ છે. જેના લીધે લોકો હાલાકી ભોગવી રહ્યા છે. દાંતીવાડા સીપુ ડેમના પાણી અને વરસાદના લીધે લોકો ખુબ જ અડચણ ભોગવી રહ્યા છે. ઉપરવાસમાં ભારે વરસાદના કારણે દાંતીવાડા - સીપુ ડેમ ઝડપથી ભરાઈ ગયા.. ખેડૂત અને આમ જનતાએ ખુશી પણ અનુભવી પણ ખુશીને પણ કંઈક સીમા હોય.. ની જેમ આ ખુશી પણ સમય ન હતી. અને ધસમસતા નખદીના પ્રવાહે કેટલાયના જીવ લીધા.. કેટલાયની ઘરવખરી તણાઈ.. કેટલાયના ઢોરઢાંખર ખોવાણા અને કેટલાય લોકોની ફળદ્રુપ જમીન પણ નાશ પામી.. લોકોએ પોતાની જીંદગીમાં કોઈ દિવસ આટલું પાણી ન દેખ્યું હોય તેનાથી વધુ પાણી જોવા મળ્યું. જમીનના તળ તો ઉંચા આવ્યા પણ પોતાનો કરેલો વિકાસ તળીયે બેસી ગયો એનું હવે શું થશે ? કાંકરેજના કેટલાંક ગામો તથા ધાનેરા અને તેની આજુબાજુના ગામો ફરીથી કયારે બેઠા થશે.. અને વિકાસ થયો એટલો વિકાસ ફરીથી કરતાં વર્ષોલ લાગી જશે.

જ્યારે જ્યારે બનાસકાંઠા ઉપર કંઈક કુદરતી આફત આવી ચડે ત્યારે અહીંના લોકોને ફરીથી બેઠા કરવા માટે કુદરતન કંઈક બીજી જ રીત અજમાવતો હોય તેવું જરૂર દેખાઈ આવે. હશે કયાંક સેલ્ફી ખેંચાઈને ફોટા પડાવીને પેપરમાં આવીને મદદ કરવાની ટેવ વાળા લોકો પણ એથી ય વધુ અહીં આ ધરા ઉપર એવા પણ લોકો વસે છે કે જેઓ કાંઈ પણ જગ્યાએ જાહેરમાં આવવા માગતા જ નથી અને ચોરીછુપીથી લોકોની જેટલી મહેનત થાય તેવું કરી રહ્યા છે. અહીં ઘણાએ એવા લોકો રહે છે કે પોતાનું ઘર પણ ભુલીને કુદરતી આફત સામે લડી રહ્યા છે અને લોકોને ઉગારી રહ્યા છે. ફુડપેકેટ આપવા, મેડીકલ દવા પુરી પાડવી, જીવન જરૂરીયાતની વસ્તુઓ આપવા જેવી અત્યંત ઉપયોગી વસ્તુઓ સ્વખર્ચે આપવા માટે જઈ રહ્યા છે. આ સમયે આવા નિઃસ્વાર્થી લોકોને સલામ કે જેઓ લેશમાત્ર મનમાં સ્વાર્થ લાવ્યા વગર પરોપકારની પ્રવૃત્તિ કરી રહ્યા છે. વહીવટી તંત્ર તો એમનાથી બનતો બધો જ પ્રયાસ કરવા કટીબદ્ધ છે જ પણ આવા સમયે વહીવટી તંત્રને સાથ આપવો એ પણ માનવ ધર્મ છે. ટ્રાફિક ન કરીએ ખોટી અફવાઓ ના ફેલાવીએ જેવી સામાન્ય વાતો પણ આવા કપરા સમયે ધ્યાન રાખશો તોય ઘણો બધો ફાયદો થઈ શકશે.

વર્તમાન સમયમાં એકબીજાના ઉપર દોષ દીધા વગર માનવતાના ધોરણે ખભે ખભો મિલાવીને બેઠેલાને ઉભો કરવો એ આપણી નૈતિક ફરજ છે. ઘણા બધા લોકો આવી ફરજ અદા કરી જ રહ્યા છે. ચાલો આપણે પણ આવા નિઃસ્વાર્થી લોકોની સાથે જોડાઈએ અને તેમના કામમાં સાથ આપીએ.

મોબાઈલના વોટશોપમાં એક મેસેજ આવે છે કે વરસાદ રહી ગયા બાદ પંખીને અનાજના દાણા નાખવાનું ભુલતા નહીં. જયારે કુદરતી આફત આવે છે ત્યારે સૌથી વધુ અસર પશુપંખી જેવા અબોલ જીવને થાય છે. મનુષ્ય અને પાળેલા પ્રાણીઓ જ્યારે જીવ ગુમાવે છે ત્યારે તેની નોંધ તો રખાય છે પણ જેનો કોઈ આધાર નથી તેનું મૃત્યુ થાય તો તેની નોંધ કોણ રાખતું હશે ? વરસાદના કહેરથી કેટલાય પંખીઓ અને પશુઓ મોતને ભેટે છે પણ કુદરત આગળ આપણે સૌ લાચાર છીએ પરંતુ જે પંખીઓ જીવી ગયા છે તેમને અનાજના કણ કયાંક.. સુકી જગ્યા ઉપર કે ચબુતરાના સ્થળે નાખવા એ આપણા સૌની ફરજ છે. જેનાથી જે પંખીઓની જીંદગી રહી ગઈ છે તેને ફરીથી કોઈ આંચકી ન લે, ઝાડની ડાળીમાં કે બખોલમાં છુપાઈને બેઠેલું પંખી એવું વિચારે છે કે આ વરસાદ રહી જશે ત્યારે અમે કયાંકથી અનાજના બે કણ મેળવીશું.. અને પેટ ભરીશું જ્યારે વરસાદ રહી જાય ત્યારે તે પોતાના ઘરેથી બહાર નીકળે છે અને અનાજના કણ શોધે છે પણ સ્થળ ત્યાં જળ.. થઈ ગયું હોય તો અનાજ કયાંથી મળે ? સદનસીબે પરોપકારી અને દયાળુ માણસે કયાંક સુકી જગ્યા ઉપર અનાજના દાણા નાખ્યા હશે.. અને એ પંખી લેશે.. ખાશે.. પેટ ભરશે તો તેના અંતરમાં તે કેટલું રાજી થશે...? કદાચ અનાજના દાણા નાખનારને આશીષ પણ મળે અને અંતમાં...

જયારે જયારે આવી વિકટ પરિસ્થિતિ આવે છે ત્યારે જે દયાળુ, પરોપકારી લોકો છે એમનામાં આપોઆપ સામર્થ્ય આવી જાય છે અને તેઓ નિર્દયી અને ગરીબ લોકોને મદદ કરવા લાગી જાય છે. આ પણ પરમાત્માનો જ કંઈક સંકેત હોય તોય શી ખબર...?

**પ્રવિણ એમ.નાઈ**
**રતનગઢ (તા.કાંકરેજ)**

## સ્વ. શ્રી અબ્દુલ કલામની આત્મકથાથી પ્રેરિત થઈને યુવા લેખકે યુવા લેખકે યુવા લેખકે લખ્યું 'ટીનએજ ક્લાઉન'



અમદાવાદ

હાલમાં જ દેશવાસીઓ રાષ્ટ્રના ૧૩મા રાષ્ટ્રપતિ તરીકે શ્રી રામનાથ કોવિંદ ચૂંટાઈઆવ્યા તેના સાક્ષી બન્યા છે, આપણે જાણીએ છીએ કે આપણા દેશના ૧૧મા રાષ્ટ્રપતિ સ્વ. ડો. એ પી જે કલામ આજેપણ યુવાનોને પ્રેરણા આપે છે. તેમની જ આત્મકથા 'વિંગ્સ ઓફ ફાયર' અને તેમની વાતોથી પ્રેરિત થઈને યુવાન પ્રથમ રૈનાએ આજે તેની આત્મકથા 'ટીનએજ ક્લાઉન' સમાજના કેટલાક અન્ય અગ્રણીઓની ઉપસ્થિતિમાં રજૂ કરી હતી. પ્રતિષ્ઠિત કેલોરેક્સ-ઓલિવ ઈન્ટરનેશનલ સ્કૂલના પૂર્વ વિદ્યાર્થી પ્રથમે આ ફંકશનમાં માનનીય ચીફ ગેસ્ટ તરીકે કેલોરેક્સગ્રૂપના એમડી અને સીઈઓ શ્રીમતી ડો. મંજુલા શ્રોફને આમંત્રિત કર્યા હતા અને તેમની સાથે અન્ય માનનીય મહેમાનોજેમકે સોલા ભાગવત વિદ્યાપીઠના જાણીતા સંત શ્રી ભાગવત ઋષિ શાસ્ત્રીજી, લેખિકા તથા પૂર્વ આરજે ભૂમિકા ત્રિવેદી,જાણીતા કન્સલ્ટન્ટ રેડિયોલોજિસ્ટ ડો. મૃગેશ રજનીકાન્ત તથા જાણાતી વકીલ અને લીડ ઈન્ડિયા કેમ્પેનના અગ્રણી શ્રીદેવાંગ નાણાવટી ઉપસ્થિત રહ્યા હતા.પોતાના પુસ્તક 'ટીનએજ ક્લાઉન' અંગેના પોતાના અનુભવો વર્ણવતા પ્રથમે કહ્યું હતું, 'ટીનએજ ક્લાઉન'નો વિચારમને ભારતના ૧૧મા રાષ્ટ્રપતિ સ્વ. શ્રી એપીજે અબ્દુલ કલામની આત્મકથા 'વિંગ્સ ઓફ ફાયર'થી પ્રેરિત થઈને આવ્યોહતો અને જેના કારણે હું મારી આત્મકથા લખવા માટે પ્રેરાયો અને નાની વયમાં જ મેં અનુભવેલા સંઘર્ષો વિશે લખવાનું શરૂ કર્યું પરંતુ ત્યારે એક નોવેલ કરતા મારી વાતોનો સાર લખવાનો હતો પરંતુ મેં જોયું કે ઈશ્વરની યોજના કંઈક અલગ જ હતી અને મને પરિવારજનો અને મિત્રો પાસેથી અનેક વાતો જાણવા મળી. અને હું લખતો જ ગયો વધુને વધુ લખતો ગયો. આખરે મેં તેને ફિક્શનનું સ્વરૂપ આપ્યું. આનાથી મને મારી આસપાસના લોકો પાસેથી પૂરતું કન્ટેન્ટ મળ્યું અને મારા પોતાના અનુભવોથી મને મારી વાર્તાને વધુ વેગ મળ્યો. એટલું જ નહીં કે આ બધુ લખવાની પ્રેરણા મળી પણ સાથે તે અનેક કારણોસર યાદગાર પણ બની રહેશે. પરિવર્તન સાથે જોકરના આંસુ ટીનએજ ક્લાઉનમાં બદલાયા.'


## SEIKO: બહેનો માટે રાખી ભેટ



આ રક્ષાબંધનના દિવસે તમારા હાથમાં બાંધેલી રાખડીના બદલામાં પોતાની બહેનને ભેટ આપો ખાસ કાંડા ઘડીયાળ.SEIKO ની લેડીઝ વોચ કલેક્શનમાંથી પંસદ કરીને તમારી બહેનને જીવનભરની ભેટ. આ કાંડા ઘડીયાળ ખાસઆકર્ષક ડિઝાઈન, ઉચ્ચત્તમ ચોક્કસાઈ અને હાઈ પર્ફોમન્સથી સજ્જ છે. કોઈપણ સંબધમાં ટાઈમનો ખુબ જ મહત્વનું હોય છે ત્યારે SEIKO ની આ અતિસુંદર કાંડા ઘડીયાળ તમને એકબીજાની વધુ નજીક લાવવાનું કામ કરશે.. કિંમત રૂપિયા ૧૭,૫૦૦થી લઈને ૨૩,૦૦૦ સુધી


## ગાંધીનગરમાં છઠ્ઠા પેટ્રોકેમિકલ કોન્કલેવને ખુલ્લુ મુકતા કેન્દ્રિય પેટ્રોલિયમ મંત્રી ધમેન્દ્ર પ્રધાન



ગાંધીનગર

ભારત સરકાર પૂર્વ, પશ્ચિમ અને દક્ષિણ ભારતમાં પેટ્રોલિયમ ક્લસ્ટર્સ સ્થાપવાનું આયોજન કરી રહી છે. આ ક્લસ્ટર્સ વિવિધ ઔદ્યોગિક ક્ષેત્રોમાં પોલિમર્સ, પ્લાસ્ટીક્સ અને સ્પેશ્યાલિટીકેમિકલ્સની વધી રહેલી માગને પહોંચી વળવામાં મદદરૂપ થશે, તેમ કેન્દ્રના પેટ્રોલિયમ અને કુદરતી ગેસબાબતો (સ્વતંત્ર હવાલો)નાં રાજયકક્ષાના મંત્રી શ્રી ધર્મેન્દ્ર પ્રધાને આજે છઠ્ઠા પેટ્રોકેમિકલ્સ કોન્કલેવને ખુલ્લુમુકતા જણાવ્યું હતું. આ કોન્કલેવમાં વિશ્વની ૭૦થી પણ વધુ કંપનીઓ અને દેશ-વિદેશના ૮૦૦થી પણ વધુડેલિગેટ્સ ભાગ લઈ રહ્યા છે. છઠ્ઠા પેટ્રોકેમિકલ્સ કોન્કલેવમાં ભારત અને વિદેશનાં ૮૦૦થી પણ વધુ ડેલિગેટ્સ ભાગ લઈ રહ્યા છે.'ભારતીય અર્થતંત્રનાં મુખ્ય સેક્ટરોજેવા કે કૃષિ, આંતરમાળખુ, સ્વાસ્થ્ય, ટેક્સટાઈલ્સ, પેકેજિંગ અને કન્ઝ્યુમર ડુરેબલ્સ વગેરેને પેટ્રોકેમિકલ્સસેકટર મહત્વનું પ્રદાન કરે છે. ભારતમાં માથા દીઠ આવકનો થઈ રહેલો વધારો અને સમજપૂર્વકના વપરાશનેકારણે ખર્ચની પધ્ધતિમાં પણ ઘણું પરિવર્તન આવી રહ્યું છે. મેટલ્સમાંથી બનાવેલી પ્રોડક્ટસથી લઈને આપરિવર્તનને કારણે ફાયબર્સ અને પ્લાસ્ટીક્સની પ્રોડક્ટ તૈયાર થઈ રહી છે. જેને કારણે સામાન્ય માનવી માટેપોષાય તેવા ભાવોમાં લાંબા સમય સુધી ચાલતી પ્રોડક્ટસ શક્ય બની છે.'ભારતમાં માથાદીઠ પ્લાસ્ટીકનો વપરાશ ૧૦ કિલોનો છે, જે વિશ્વની ૩૨ કિલોગ્રામની સરેરાશથી ઘણો ઓછો છે.ભારતની પેટ્રોકેમિકલ્સની જરૂરિયાત ૩૮ મિલિયન મેટ્રિક ટનની છે. વર્ષ ૨૦૦૦થી ૨૦૧૬ના સમયગાળામાંભારતમાં પોલીમર્સનો વૃધ્ધિ દર ૧૪ ટકાનો નોંધાયો છે અને પોલીમર્સ ૧૦ એમએમ ટીપીએનું બજાર ધરાવે છે.પીવીસીમાં વાર્ષિક ૧૦ટકાનો વૃધ્ધિ દર નોંધાયો છે. ભારતની પીઈટી અને સ્પેશ્યાલિટી કેમિકલ્સની માંગ વાર્ષિક ૧૪ ટકાના દરે વધી રહી છે તેમ શ્રી ધર્મેન્દ્ર પ્રધાને જણાવ્યું હતું. 'આગામી પાંચથી ૧૦ વર્ષમાં પેટ્રોકેમિકલ્સ ઉદ્યોગનાં પોષણક્ષમ વિકાસ માટે આયાત વૈકલ્પિકતા અનિવાર્ય બની રહેશે.

*ઈન્ડીયા પ્રોટિન સર્વે*

## અમદાવાદના ૮૬ ટકા લોકો પ્રોટિનની ઉણપ ધરાવે છે.

અગ્રણી સંસોધન સંસ્થા આઈએમઆરબીએ ભારતીયોમાં પ્રોટિનની સમજ અનેગેરસમજોના અંતર વિષે દેશભરમાં સંસોધન કર્યું હતું. આ સંસોધનમાંપૂર્વ,પશ્ચિમ, ઉત્તર અને દક્ષિણ ભારતમાંથી ૧૮૦૦ લોકોના પ્રતિભાવ મેળવવામાં આવ્યા હતા.આ અભ્યાસમાં પ્રોટિન અને તેના ઉપયોગ વિષેની જાગરૂકતાના સ્તરોમાં નોંધપાત્રઅંતર જાણવા મળ્યુ હતું. પ્રોટિન માનવ શરીર માટે આવશ્યક પોષક તત્વોમાંથી એક છે અનેસર્વેમાં લોકોએ તેના પ્રભાવને સહજકરીતે સ્વીકાર્યો હતો. તેઓ માને છે કેપ્રોટિન બાળકોની વૃદ્ધિ માટે આવશ્યક છે, મગજને તેજ બનાવે છે, માંસપેશિયોના નિર્માણમાટે આવશ્યક છે, રોગ પ્રતિકારક ક્ષમતા માટે સારૂ છે, ત્વચા અને વાળ માટે સારૂ છે વગેરે.લોકો દ્વારા તેમને સ્વાસ્થ્ય લાભો આપતા પોષક તત્વોમાં પ્રોટિનની સરેરાશસૌથી વધારે ૫૩ ટકા હતી, જયારે કેલ્શિયમની ૪૮ ટકા, વિટામિનની ૪૩ ટકા અનેકાર્બોહાઈડ્રેટસની ૩૨ ટકા હતી. પ્રોટિનની ઉણપની પ્રતિકુળ અસરો વિષે સામાન્યભારતીયો સારી જાણકારી ધરાવતા નથી, માત્ર ત્રીજાભાગના લોકો માને છે કે પ્રોટિનનીઉણપ હોવાથી અશક્તિને અને થાક લાગે છે.આ સંસોધનમાં એ જાણવાનો પ્રયાસ કરવામાં આવ્યો શું ભારતીયો તેમના શરીરનાવજન પ્રમાણે દૈનિક આહારમાં યોગ્ય માત્રામાં પ્રોટિન લઈ રહયા છે?

અને લોકોનાઆહારનું વિશ્લેષણ કરવામાં આવ્યું. વિશ્લેષણમાં જાણવા મળ્યું કે ૭૩ ટકા ભારતીયોપ્રોટિનની અલ્પતાવાળુ ભોજન લે છે. ૮૪ ટકા શાકાહારી લોકોમાં પ્રોટિનની ઉણપજોવા મળી હતીં

## આઈઆઈપી અમદાવાદ બ્રાન્ચ ખાતે ફ્લેકસીબલ પેકેજીંગ પર ટ્રેનીંગ કોર્સનુ સફળતાપુર્વક આયોજન કરાયુ

ઈન્ડિયન ઈન્સ્ટીટયુટ ઓફ પેકેજીંગ ની અમદાવાદ ખાતેની નવી શરુ કરાયેલ બ્રાન્ચમાં ફ્લેકસીબલ પેકેજીંગ ઉપર ૫ દિવસીય ટ્રેનીંગ કોર્સનુ સફળ આયોજન કરાયેલ છે. આ પ્રોગ્રામનું ઉદઘાટન , ડો.રત્નકંવર એચ.ગઘવીચરન, આઈએએસ, કમિશ્નર, માઈક્રો , સ્મોલ એન્ડ મિડીયમ એન્ટરપ્રાઈઝ , અને જોઈન્ટ મેનેજીંગ ડીરેકટર , જીઆઈડીસે, ગર્વમેન્ટ ઓફ ગુજરાત દ્વારા કરવામાં આવ્યુ. આ પ્રોગ્રામમાં ફ્લેકસીબલ પેકેજીંગ ને લગતા વિવિધ પાસાઓ પર માહીતી પુરી પાડવામાં આવી. આ કાયક્રમમાં ૨૦ થી વધુ ડેલીગેટસ એ ભાગ લીધો જેમાં રો મટીરીયલ કન્વટર્સ, લઘુ અન મધ્યમ ઉધોગોના ઉધોગ સાહસિકો, ફ્લેકસીબલ પેકેજીંગના ઉપયોગકર્તાઓ , ટ્રેડર્સ, ડીલર્સ, નિકાસકારો વગેરેનો સમાવેશ છે.

અમદાવાદાદ ખાતેની અમારી શાખા એકસકલુઝીવ ટ્રેનીગ પ્રોગ્રામથી કાર્યરત થઈ ગઈ છે.ફ્લેકસીબ પેકેજીંગ પેકેજીંગની સૌથી ઈકોનોમીકલ પદ્ધતિ છે અને તેની વિવિધ સેકટરમાં ખુબ માંગ છે. અમને આનંદ થાય છે કે ગર્વમેન્ટના અધિકારીઓ ઈન્ડસ્ટ્રીના નિષ્ણાતો આ પ્રોગ્રામમાં સામેલ થયા.

## NSELમાં ઊભી કરાયેલી કટોકટીનો ઉપયોગ કરીને જિજ્ઞેશ શાહ દ્વારા સર્જવામાં આવેલા સામ્રાજ્યને તોડી પાડતા રાજકીય ષડ્યંત્રની દાસ્તાન



ગુજરાતીઓની ઉદ્યોગસાહસિકતા અને માર્કેટની નાડપારખુ શક્તિ સમગ્ર વિશ્વમાં જાણીતી છે.ભારતીય ઔદ્યોગિક જગતના ઈતિહાસમાં એક નહીં પણ અનેક વખત ગુજરાતીને ખતમકરવાના અનેક કારસાઓ ઘડાયાના દાખલા છે. ગુજરાતી સાથે અન્યાયનો આ સિલસિલોહજુ પણ ચાલુ છે. બહુ જ નાની વયે પોતાના બૌદ્ધિક કૌશલ્યથી ભારતમાં એક વિશ્વકક્ષાનીમાર્કેટ ખડી કરીને ભારતને મુઠ્ઠીઉંચેરું સ્થાન અપાવનાર જિજ્ઞેશ શાહના વિજયરથનેરાજકીય કાવાદાવા અને નિમ્નકક્ષાના ષડયંત્ર દ્વારા તોડી પડાયું તેની ઝીણવટભરી વિગતોનું આલેખન વરિષ્ઠ પત્રકાર શાંતનૂ ગૂહા રેએ 'ધ ટાર્ગેટ' નામના પુસ્તકમાં કર્યું હતું.શાંતનૂ ગૂહા રેના પુસ્તક 'ધ ટાર્ગેટ'ની અંગ્રેજીને મળેલા અભૂતપૂર્વ પ્રતિસાદના કારણે 'ધ ટાર્ગેટ'ની ગુજરાતી આવૃત્તિ પ્રગટ કરાઈ છે.

૨૫૩ પાનાંનું આ પુસ્તક ગુહા રેની બે વર્ષની ઊંડી તપાસનું પરિણામ છે. તેમણે કેટલીકગોપનીય સરકારી ફાઈલો ઉથલાવીને અને માહિતગાર લોકો સાથેની વાતચીત મારફતેઆંચકાદાયક ઘટસ્ફોટ કર્યા છે. તેમણે કહ્યું છે કે એનએસઈએલને બંધ કરવાનું કહેવું એએક્સચેન્જને અને તેના મારફતે જિજ્ઞેશ શાહ તથા તેમનાં તમામ સંશોધનાત્મક સાહસને નુકસાન પહોંચાડવા માટેનું કારસ્તાન હતું. આ ષડ્યંત્ર રચાયું તેની પાછળનું કારણ એ હતુંકે જિજ્ઞેશ શાહે પોતાના આગવા સંશોધનોને વડે જે નવા સાહસો ઊભા કર્યા હતા તેને લીધેમાર્કેટનાં વગદાર લોકોની ઈજારાશાહી તૂટી ગઈ હતી. ગુહા રે કહે છે તેમ, જેમના પર આંત્રપ્રેન્યોરશિપ અને ટેક્નોલોજી આધારિત ઈનોવેશન કરવાની જવાબદારી હતી એવા જ લોકોએ તેનું ગળું ઘોંટી દેવાનું કામ કર્યું.

## સ્ટાર ગોલ્ડ ડિઝની.પિક્સર્સની ફાઈન્ડિંગ ડોરીનું હિંદીમાં વર્લ્ડ ટેલિવિઝન પ્રસારણ કરશે




આ રવિવારે બ્લોકબસ્ટર પ્રસારણોનું ગૃહ સ્ટાર ગોલ્ડ તમારે માટે ડિઝની.પિક્સર્સની ફાઈન્ડિંગ ડોરીનું હિંદી વર્લ્ડટેલિવિઝન પ્રસારણ લાવી રહી છે. ૩૦ જુલાઈ, ૨-૦૧૭ના રોજ બપોરે ૧૨ વાગ્યાથી સ્ટાર ગોલ્ડ પર તે જોઈ શકાશે.ડોરી તેના ફ્રેન્ડ્સ નેમો અને માર્લિન સાથે નવા ધ્યેય પર નીકળી રહી છે ત્યારે તેમની સાહસિક મજેદાર યાત્રામાં તમે પણજોડાઈ જાઓ.

૨૦૦૩ની એનિમેટેડ હિટ- ફાઈન્ડિંગ નેમોની સિક્વલ ફાઈન્ડિંગ ડોરી મોજમસ્તીભરી અને ભાવનાત્મક વારતા છે, જેમાંમંત્રમુગ્ધ કરનાર એનિમેશન તમને સંપૂર્ણ નવી દુનિયામાં લઈ જશે. એન્ડ્ર્યુ સ્ટેન્ટન દિગ્દર્શિત ફાઈન્ડિંગ ડોરી ડોરીનોપ્રવાસ છે, જે ટૂંક સમય માટે સ્મૃતિભ્રંશનો શિકાર બને છે અને તેના વાલી ચાર્લી અને જેનીને શોધવાના ધ્યેય પર નીકળીપડે છે. માતા- પિતાથી તે નાનપણમાં જ વિખૂટી પડી ગયેલી હોય છે.ડોરીનો આ ચમત્કારી પ્રવાસ જોવાનું ચૂકશો નહી, ફક્ત સ્ટાર ગોલ્ડ પર, ૩૦મી જુલાઈ, બપોરે ૧૨ વાગ્યાથી!

## બોલિવુડ ફિલ્મ પાગલપંતી નું શુટિંગ પૂર્ણ , સપ્ટેમ્બરમા રિલિઝ થશે



અમદાવાદ

ગુજરાતી ફિલ્મ ડિરેક્ટર, રાઈટર અને પ્રોડ્યુસર જેકી પટેલની બિગ બજેટ ફિલ્મ પાગલપંતીનું અંતિમ શિડ્યુઅલ આજે પૂર્ણ થવા સાથે ફિલ્મની પોસ્ટ પ્રોડક્શન કામગીરીનો પ્રારંભ થયો છે. આ પ્રસંગે હિન્દી અને ગુજરાતી ફિલ્મ તથા કમર્શિયલમાં પ્રસંશનીય અભિનય કરનાર ફોરમ મહેતા, અબતક છપ્પન સહિતની હિટ ફિલ્મોમાં દમદાર અભિનય કરનાર દિનેશ લામ્બા, હેમંત ઝા, મુકુલ દેવ, જયવિજયસચાન, રાહુલ દેવ, અલિ અસગર, મુની ઝા અને સુનિલ વિશરાની સહિતના દિગ્ગજ કલાકારો ઉપસ્થિત રહ્યાંહતાં અને તેમણે ફિલ્મના શુટિંગ અંગે પોતાના અનુભવો વર્ણવ્યાં હતાં.ઉલ્લેખનીય છે કે ૧૫મી સપ્ટેમ્બરના રોજ ગુજરાતના તમામ સિનેમાઘરોમાં રિલિઝ થનારી ફિલ્મ પાગલપંતીસમગ્ર પરિવાર સાથે જોઈ શકાય તેવી એક રોમેન્ટિક, કોમેડી ડ્રામા ફિલ્મ છે અને મોટાભાગની ફિલ્મનું શુટિંગ ન્યુઝિલેન્ડ પાસેના ફિઝિ આઈલેન્ડ ઉપર થયું છે. ફિલ્મની વાર્તા કોહીનુર હિરાની આસપાસ ફરે છે કે જેને પામવામાટે આઈલેન્ડ ઉપરના તમામ લોકો પેંતરા કરે છે અને તેનાથી સર્જાતી કોમેડીથી દર્શકો પેટ પકડીને હસવા મજબૂર બનશે. આ સાથે ફિલ્મમાં દેશભક્તિનો પણ સંદેશો આપવાનો પ્રયાસ કરાશે.

ફિલ્મની સિનેમેટોગ્રાફી રાજુ બાદિગર,કેમેરામેન અને ડીઓપી અતુલ તિવારી, પ્રોડક્શન હાઉસ લાઈવફોરએવર પ્રોડક્શન્સ, કો-પ્રોડ્યુસર જેઆરકે ફિલ્મસ તથા ખુંત પ્રોડક્શન છે. મહત્વપૂર્ણ છે કે શુટિંગમાં અદ્યતનકેમેરા અને ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવશે.“પાગલપંતી ફિલ્મ ગુજરાતી ફિલ્મ ઉદ્યોગ માટે માર્ગદર્શક બનીરહેશે. હાલમાં ગુજરાતી ફિલ્મ ઉદ્યોગ પ્રગતિના પંથે છે તથા નવી સ્ટોરી અને કોન્સેપ્ટ સાથે ફિલ્મો બની રહી છેતેવા સંજોગોમાં ફિલ્મોની ગુણવત્તાને નવા સ્તરે લઈ જવામાં પાગલપંતી ખુબજ ઉપયોગી બની રહેશે.“ડિસ્ટ્રિબ્યુટર્સના સહયોગથી ગુજરાતી ફિલ્મોને ખાસ કરીને મલ્ટીપ્લેક્ષ થિયેટરમાં વધુ સ્ક્રીન મળે તે આવશ્યક છે.આનાથી ગુજરાતી ફિલ્મોને પ્રોત્સાહન મળશે. ઘણાં સંજોગોમાં ગુજરાતી ફિલ્મ સારી હોવા છતાં તેને પૂરતી સ્ક્રીનનથી મળી રહેતી અને પરિણામે ફિલ્મ ફ્લોપ થઈ જાય છે. આ સમસ્યાઓનો તમામ લોકો ભેગા મળીને ઉકેલલાવે તે આવશ્યક છે. હાલના સમયમાં ગુજરાતી ફિલ્મ જગત ઝડપી વૃદ્ધિ સાધી રહ્યો છે તે આપણા સૌ માટે ગર્વની બાબત છે, તેમ તેમણે ઉમેર્યું હતું.”

# ચારે બાજુ પાણી જ પાણી હતુ ત્યારે મિલીટરીના ભાઈઓએ આવીને અમને ૧૫ માણસોને બચાવ્યાં છે : સજ્જનબા કિર્તીસિંહ વાઘેલા

**ભારે વરસાદના સમયે વહીવટીતંત્રના પ્રયાસોને લીધે હજારો લોકોને બચાવી લેવાયા**

પાલનપુર

બનાસકાંઠા જિ?લામાં થયેલા ભારે વરસાદના સમયે વહીવટીતંત્રની સજાગતા અને પ્રયાસોને લીધે હજારો લોકોને બચાવી શકાયા છે. આવી વિગતો આ કૂદરતી સંકટમાંથી બચી ગયેલા લોકોના સ?વમુખે જાણવા મળી છે. કાંકરેજ તાલુકાના ખારીયા ગામના સજ્જનબા કિર્તીસિંહ વાઘેલાએ જણાવ્યું કે ભારે વરસાદ થયો, ચારેબાજુ જળબંબાકાર. ત્યારે બચવુ કેવી રીતે...... કયાં જઈને જીવ બચાવવો તેની જબરદસ્ત ચિંતામાં અમે હતાં ત્યારે મોત અમારી નજર સામે જ હતું. અમને એમ હતું કે બસ હવે તો મરી જ જઈશુ. અહીં અમને કોઈ બચાવી શકે તેમ છે જ નહિ. આટલુ કહેતાં કહેતાં સજ્જનબા અને તેમની સાથેના અસરગ્રસ?ત લોકોના ચહેરા પર એ સમયની વેદના જણાતી હતી. તેમણે કહ્યું પણ આ સમયે મોટો ચમત્કાર થયો..... અમને બચાવવા માટે મિલીટરીના ભાઈઓ હોડી લઈને આવ?યા ને અમને બધાયને હોડીમાં બેસાડી પાણીમાંથી બહાર લાવી અમને ૧૫ માણસોને બચાવી લીધાં. તેમણે કહ્યુ મીલીટરીના ભાઈઓ જયારે હોડી લઈને અમને બચાવવા આવતા હતા આ ઘટનાને અમે કયારેય ભુલી શકશું નહી.સજ્જનબાએ કહ્યું મિલીટરીના આ ભાઈઓને ભગવાન ખુબ ખુબ સુખ અને સમૃધ્ધિ આપે ને બહુ શકિત આપે. તેમણે કહ્યું આપણા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના અમે બધા ખુબ ખુબ આભારી છીએ જેમની દિર્ઘદ્રષ્ટિ અને પ્રયાસોને લીધે અમને સંકટ સમયે મદદ મળી. બચાવી લેવાયાં ૧૫ જણા પૈકી શ્રી જનકબા વાઘેલાએ કહ્યું સરકારે અમને પાણીમાંથી મરતાં મરતાં બચાવી લઈ સલામત સ?થળે લઈ જઈ નવુ જીવન આપ?યું છે. તેમણે કહ્યું સરકારે ભારે વરસાદની આ વિકટ પરિસથિતીમાં લોકોને બચાવવા ઘણાં હેલીકોપ્ટરો, હોડીઓ અને માણસોને મોકલ?યા છે. બધાયને રહેવા, જમવા અને ડોકટરી સારવાર પણ આપી છે. તેમણે કહ્યું થરા મુકામે મિલીટરીવાળાઓએ કરેલી આ હોસ્પિટલ ઘણાં લોકોને આશીર્વાદરૂપ નિવડી છે. જનકબાએ કહ્યું મિલીટરીના ભાઈઓ ખુબ જ સારા હોય છે. તેઓ જરૂરતમંદને મદદ કરે એ પણ પુરી કાળજી અને સાહસ સાથે. તેમણે કહ્યું આવા પૂરમાં સરકારે તાત્કાલીક મદદ ન કરી હોત તો મોટી ખુવારી થાત.

આ તો વાત થઈ અસરગ્રસ?ત એક બહેનના સુખદ અનુભવની પરંતુ આ સાથે એ પણ ઉલ્લેખનીય છે કે હવામાન વિભાગ ધ્વારા જયારે ભારે વરસાદની આગાહી કરવામાં આવી ત્યારે કલેકટરશ્રી દિલીપ રાણાની સુચના અનુસાર જિલ્લા વહીવટીતંત્ર ધ્વારા નદી કિનારાના ગામોના અને નીચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકોને એલર્ટ કરવામાં આવ્યા હતા. લોકોને સાવધ કરાતાં પૂરની પરિસ્થિતી પહેલાં ૨૦,૦૦૦ લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે ભારે વરસાદના સમયે કલેકટરશ્રી દિલીપ રાણા જીલ્લાના બધા અધિકારીઓ પાસેથી મોડી રાત સુધી વરસાદની સથિતી અંગે માહિતી મેળવતા રહીને રાહત અને બચાવ કામગીરી અંગે મોનીટરીંગ કરતા હતા. વહીવટીતંત્રની દિવસ-રાતની આવી કામગીરીથી મોટુ નુકશાન નિવારી શકાયું છે.

**સરકારે અમને મદદ મોકલી ને અમારુ પરિવાર મોતના મોંઢામાંથી બચી ગયું - ગીતાબેન કમશીભાઈ પટણી**

# ભારે વરસાદના સમયે વહીવટીતંત્રની સજાગતાને લીધે બનાસકાંઠામાં સેંકડો પરીવારો સલામત રહ્યા

પાલનપુર

બનાસકાંઠા જિલ્લામાં થયેલા ભારે વરસાદના સમયે વહીવટીતંત્રની સજાગતા અને પ્રયાસોની વિગતો પણ આ કૂદરતી સંકટમાંથી બચી ગયેલા લોકોના સ?વમુખે જાણવા મળી છે. કાંકરેજ તાલુકાના ખારીયા ગામના પટણી વાસમાં રહેતાં શ્રીમતી ગીતાબેન કમશીભાઈ પટણીએ જણાવ?યું કે ભારે વરસાદ થયો અને કયાં જઈને જીવ બચાવવો તેની જબરદસ્ત ચિંતામાં અમે હાંફળાંફાંફળાં આમથી તેમ દોડતાં હતાં ત્યારે મોત અમારી નજર સામે હતું. અમને એમ હતું કે ગણતરીની મીનીટોમાં અમારી જીવનલીલા સંકેલાઈ જ જવાની છે. અહીં અમને કોઈ બચાવી શકે તેમ છે જ નહિ. આટલુ કહેતાં કહેતાં ગીતાબેનની આંખોમાં આંસુ ભરાઈ આવ?યાં... તેમણે કહ્યું...., પણ આ સમયે સરકાર મા બાપે જાણે મોટો ચમત્કાર કર્યો ને અમને લેવા માટે મિલીટરીના જવાનો હોડી લઈને આવ્યા ને અમને બેસાડી પાણીમાંથી બહાર લાવી બચાવ?યાં. તેમણે કહ્યુ મીલીટરીના ભાઈઓ જયારે હોડી લઈને અમને બચાવવા આવતા હતા ત્યારે અમને તે દેવ જેવા લાગ્યા. આ ઘટનાને અમે કયારેય ભુલી શકશું નહી.

ગીતાબેને કહ્યું મારો ૧૫ વર્ષનો છોકરો ભરત બહેરો છે તે કશુ સાંભળી શકતો નથી એટલે મને એમ કે મિલીટરીના જવાનો કેવી રીતે મદદ કરે પણ ભાઈ આ મિલીટરીના જવાનોએ તો જરાય મુંઝાયા વિના ઈશારાથી વાતો કરી તેને મેડીકલ સારવાર આપી મને અને મારા વહાલા દીકરાને બચાવી લીધો છે.

ગીતાબેને કહ્યું અમે પૂરના પાણીમાં જયારે મરી રહ્યા હતા ત્યારે આપણા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ અને મુખ્યમંત્રીવિજયભાઈ રૂપાણીએ તાત્કાલીક વિમાનમાં મિલીટરીના જવાનો, હેલીકોપ્ટરો અને હોડીઓ મોકલી અમને બચાવી લીધાં છે અમે તો આ ભગવાન જેવા આપણા નેતાઓને નમસ્કાર કરી ખુબ ખુબ આભાર માનીએ છીએ.

ગીતાબેને કહ્યું સરકારે અમને પાણીમાંથી મરતાં મરતાં બચાવી લઈ આશરો આપ્યો. નવુ જીવન આપ?યું છે. થરા મુકામે મિલીટરીવાળાઓએ કરેલી આ હોસપિટલ અમારા જેવા ઘણાં લોકોને આશીર્વાદરૂપ નિવડી છે. ગીતાબેને કહ્યું અમને જીંદગીમાં પહેલીવાર મિલીટરીના જવાનો સાથે મુલાકાત થઈ પરંતુ આ ભાઈઓ ખુબ જ સારા હોય છે. તેમણે કહ્યું આપણા ઘરવાળા પણ આપણી કાળજી ન રાખે તેટલી કાળજી આ મિલીટરીના ભાઈઓ રાખે છે. ભગવાન તેમનું અને તેમના પરિવારનું ભલુ કરે.

આ તો વાત થઈ અસરગ્રસ્ત એક બહેનના સુખદ અનુભવની પરંતુ આ સાથે એ પણ ઉલ્લેખનીય છે કે હવામાન વિભાગ ધ્વારા જયારે ભારે વરસાદની આગાહી કરવામાં આવી ત્યારે કલેકટરશ્રી દિલીપ રાણાની સુચના અનુસાર જિલ્લા વહીવટીતંત્ર ધ્વારા નદી કિનારાના ગામોના અને નીચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકોને એલર્ટ કરવામાં આવ્યા હતા. ગામેગામ માણસો મોકલીને સરપંચશ્રીઓ તથા લોકોને સમજાવીને તથા બલ્ક એસ.એમ.એસ. અને મિડીયા ધ્વારા લોકોને સાવધ કરાતાં પૂરની પરિસ્થિતી પહેલાં ૨૦,૦૦૦ લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા હતા. વહીવટીતંત્રની આવી કામગીરીથી મોટુનુકશાન નિવારી શકાયું છે.

# ચોમાસામાં પાણીજન્ય રોગોના નિવારણ માટે પાણીમાં ફટકડી નાખી ગાળી તથા ઉકાળીને ઠારીને ઉપયોગ કરીએ

પાલનપુર

ચોમાસાના કારણે ઉત્તર ગુજરાત સહિતના તમામ ડેમોમાં તથા નર્મદા કેનાલમાં નવા પાણીની આવક વધેલ છે. બનાસકાંઠા, પાટણ તથા મહેસાણા જિલ્લાની જુદી જુદી જુથ પાણી પુરવઠા યોજના આધારિત પીવાનું પાણી મેળવતા ગામો-શહેરોમાં પાણીના જથ્થામાં ડહોળાશ રહેવાની સંભાવના છે. પરિણામે પાણીજન્ય રોગો નિવારવા માટે પાણીમાં ફટકડી નાંખી ઉકાળી ત્યારબાદ ઠારીને પીવું જોઈએ. ચોમાસા દરમ્યાન

પાણીના માટલામાં જરૂરી માત્રામાં કલોરીનની ટીકડી નાખી ઉપયોગ કરવો. ગ્રામ પંચાયતો દ્વારા ગંદા પાણીનો નિકાલ કરી સ્વચ્છતા રાખવી. પીવાના પાણીની ફળીયાઓની

લીકેજને સત્વરે રીપેરીંગ કરવા, બાળકોના આરોગ્ય ધ્યાને લઈ શાળા અને આંગણવાડીમાં પંચાયત દ્વારા કલોરીનયુક્ત પાણીનું વિતરણ કરવું.

જાહેર જનતાને વધુ માહિતી માટે પાલનપુર ખાતે ફોન નંબર-૦૨૭૪૨ ૨૫૭૧૬૧, પાટણ ખાતે ૦૨૭૬૬-૨૨૬૩૬૮ અને મહેસાણા ખાતે ફોન નંબર-૦૨૭૬૨-૨૨૫૩૪૫ના કાર્યપાલક ઈજનેરશ્રીના કંટ્રોલરૂમનો સંપર્ક કરવા ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગરે જણાવ્યું છે.

# ડીસામાં તિરૂમાલા રેસિડેન્સીમાં મહાદેવના મંદિરે પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો



ડીસા

ડીસાના પાટણ હાઈવે પર આવેલી તિરૂમાલા રેસિડેન્સી ખાતે નવનિર્મિત રાજેશ્વરી મહાદેવ મંદિરે પ્રાણ પ્રતિષ્ઠ મહોત્સવ યોજાયો હતો .સમગ્ર સોસાયટીના રહીશોના સહયોગ થી નિર્માણ પામેલ આ મંદિરે આ પાવન પ્રસંગે પ્રથમ દિવસે દેહ શુદ્ધિ પ્રાયશ્ચિત કર્મ, અગ્નિ સ્થાપન , કુટિર હોમ સહિત ધાર્મિક કાર્યક્રમો યોજાયા છે.જયારે દ્વિતીય દિવસે શોભાયાત્રા એ ભારે આકર્ષણ જમાવ્યું હતું બાદમાં મૂર્તિ ન્યાસ કરી સાયં પૂજન કરાયું હતું. ભજન ડાયરામાં ભક્તો તરબોતળ થઈ ગયા હતા.જયારે આજે તૃતીય દિવસે મંદિર વાસ્તુ , પ્રાણ પ્રતિષ્ઠા , ઉત્તર પૂજન તથા પંચ કુંડી મહાયજ્ઞમાં આચાર્ય દ્વારા વિધિવત હોમ કરાવતા યજમાનોએ યજ્ઞનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી. ઉપરા આ પાવન પ્રસંગે ભોજન પ્રસાદની વ્યવસ્થા કરતા હજારો ભક્તોએ દર્શન તથા ભોજન પ્રસાદનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી.

# સામઢીમાં ઘર પડી જતા નુકશાન



ચંદુભાઈ મકવાણા

પ્રતિનિધિ સામઢી

પાલનપુર તાલુકાના સામઢી મોટાવાસમાં સતત ભારે વરસાદના કારણે અને કાચા મકાનો અને ઝુંપડા પડી ગયા છે.જેમાં વિરાજી ભાથીજી ઘર પણ વરસાદ સામે ઝીંક ઝીલી ન શકતા ધરાશાઈ થઈ ગયું હતું.જોકે પરિવારજનોને બહાર કાઢી દેવાતા તમામનો બચાવ થયો હતો પરંતુ ઘરવખરીને નુકશાન થતા ગરીબ પરિવારની હાલત કફોડી બની ગઈ છે.તેથી સરકાર પરિવારને સહાય ચુકવે તેમ ગ્રામજનોએ જણાવ્યું હતું.

# પિલુચા- નગાણા વચ્ચે સતત વરસાદથી વિજ થાંભલો તેમજ વૃક્ષ ધરાશાઈ



પ્રતિનિધિ પિલુચા

વડગામના પિલુચા સહિતના ગામોમાં સતત વરસતા વરસાદના કારણે ચોમેર પાણી પાણી થઈ ગયુ છે. જેથી ખેતરોમાં પાણીથી ગરકાવ બની બેટમાં ફેરવાઈ ગયા છે. જ્યારે વરસાદી આક્રમણથી અનેક વૃક્ષો સાથે ઉત્તર ગુજરાત વિજકંપનીનો થાંભલો પણ ધરાશાઈ થઈ ગયો હતો. જેના કારણે જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું હતું. અને મેઘરાજાનું રૌદ્ર સ્વરૂપ નિહાળી પ્રજા અચંબામાં મુકાઈ ગઈ હતી.

બીજી બાજુ પિલુચા- નગાણા હાઈવે વચ્ચે બાવળનું વૃક્ષ પડી જવા પામ્યું હતું. જેના કારણે અવર-જવર કરતા વાહન ચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

# સામઢીનું જર્જરીત પંચાયતનું મકાન અતિ જોખમી બન્યું



ચંદુભાઈ મકવાણા

પ્રતિનિધિ સામઢી

પાલનપુર તાલુકાના સામઢી રાણાજીવાસ ગામે ગ્રામ પંચાયતનું બે માળનું મકાન છેલ્લા પાંચ વર્ષથી જર્જરીત બની પડવાના વાંકે ઉભું છે.જેથી મકાનના સમારકામ માટે પૂર્વ સરપંચ વેલજી ઉમેદજી ઠાકોર દ્વારા અવારનવાર રજૂઆતો કરવા છતાં તંત્ર દ્વારા વાત કાને ધરાઈ ન હતી.જેથી સતત ભારે વરસાદમાં આ મકાન ગમે ત્યારે તૂટી પડવાની શક્યતા છે.જેથી તલાટી કે સરપંચને અંદર બેસવું મુશ્કેલ થઈ પડ્યું છે.પંચાયતમાં લોકોની વધુ અવર જવર રહે છે ત્યારે પંચાયતના જર્જરીત મકાનની બાજુમાં બી.એસ.એન.એલ.ની ઓફિસ આવેલ છે તેથી મકાન તૂટી પડે તો મોટુ નુકશાન થાય તેમ છે તે પહેલા ઘોરતુ તંત્ર જાગે તેવો જનમત પ્રવર્તે છે.

# ડીસામાં વરસાદી પુરથી બાળકી ગભરાઈ

**સારવાર માટે ડીસાની સિવિલમાં લવાઈ**



ભરત

બનાસકાંઠા માં પુર પ્રકોપે અનેક ના ભોગ લીધા છે ત્યારે ડીસાના દામાં ગામે પુરના પાણીથી ડરી ગયેલી બાળકીની તબિયત લથડતા ડીસાની સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે લવાઈ હતી.

ડીસા તાલુકામાં ભારે વરસાદ અને પુર ની પરિસ્થિતિએ ભારે તબાહી સર્જાઈ છે.અનેક લોકોએ જિંદગી અને પોતાનું સર્વસ્વ ગુમાવ્યું છે.જેમાં નાના બાળકોની હાલત ખૂબ કફોડી થયી છે.ડીસા તાલુકાના દામાં ગામે રહેતા પ્રવીણભાઈ પંચાલની ૧૨ વર્ષની દીકરી પિંકી પુર જોઈને હેબતાઈ ગયી હતી અને બીમાર પડી ગયી હતી.તેણી વધુ બીમાર થતા ડીસા સિવિલમાં સારવાર માટે ડીસા સિવિલમાં લવાઈ હતી.

# ચંદ્રગ્રહણને જનોઈ- રાખડી બાંધવા સાથે સ્નાનસૂચક સંબંધ નથી : ચેરમેન પંડ્યા

**રક્ષાબંધન પર્વે દિવસભર બહેન ભાઈને રાખડી બાંધી શકશે: વિજ્ઞાન જાથા**

અમદાવાદ

જાથાના રાજ્ય ચેરમેન જયંત પંડ્યા જણાવે છે કે તા ૭ મી ઓગસ્ટ સોમવારે રક્ષાબંધન પર્વ નિમિત્તે બહેનો આખો દિવસ પોતાના ભાઈને રાખડી બાંધી શકે છે. કોઈપણ જાતની શંકા રાખવી નથી. ભદ્રાવિષ્ટિ યોગને દફનાવી પર્વની ઉજવણી કરવી. લોકોએ સકારાત્મક જ વિચાર રાખવો. જાથા વર્ષોથી ભદ્રાવિષ્ટિને જમીનદોસ્ત કરી પર્વની ઉજવણી કરે છે. આજદિન સુધી અશુભ થયું નથી. લોકો સ્વયંભૂ જાથાને ટેકો આપી અનુસરણ કરે છે. રક્ષાબંધન પર્વ ભાઈ- બહેનના સ્નેહ, પ્રેમ, લાગણીનું પ્રતિક હોઈ તેમાં મુહુર્ત જોવાની જરૂર નથી.

જાથાના જયંત પંડ્યા જણાવે છે કે, ભારતમાં નાગરિકોને માનવા- ન - માનવા, અનુસરવાનો હક્ક બંધારણે આપ્યો છે. ગ્રહણ અને ભદ્રાવિષ્ટિના કારણે જો સવારે રાખડી બાંધો તો અહિત- અશુભ થાય. હકીકતે કુદરતના દરબારમાં જપ- તપ, શુભ- અશુભ, પૂજા-પાઠ, દાનને કશી લેવા દેવા નથી. માનવીએ કુંડલી- ફુંડલી, યોગ-નક્ષત્ર, શુભ- અશુભ, પાપ- પુણ્ય બનાવ્યાં છે. લેભાગુઓની આજીવિકા માટે ભ્રમમાં નાખી કર્મકાંડ- ક્રિયાકાંડો બનાવ્યાં છે. વાસ્તવમાં નર્યું જુઠાણું છે. જાથાએ દાયકાઓથી નજરે જોયું છે જે જ્યોતિષ, શાસ્ત્ર, પિતૃ- સુરાપુરા કે નડતર, ભૂત-પ્રેત વગેરેમાં માને છે. તેને જ વધારે તકલીફ- પીડા સહન કરવી પડે છે. નબળા મનના લોકો જ અનુસરણ કરે છે. તેથી લેભાગુઓના ગતકડામાં ફસાયને પાયમાલી નોતરે છે.

# મજબુર જીવોની સેવા એ જ સાચો ધર્મ: રાજતિલક સાગરસૂરીશ્વરજી મ.સા.

**પાલનપુરમાં ચાતુર્માસ બિરાજમાન પૂજ્ય ભગવંતોની ટહેલ**



પાલનપુર

સર્વ જીવો પ્રત્યે કરૂણા અને દયાની ભાવના તથા અનુકંપાની લાગણી ક્ષમાયાચના અહિંસા ધર્મ પાળનારો જૈન ધર્મ છે. પાલનપુરમાં ચાતુર્માસની આરાધના કરવા આવેલા પ.પૂ.આચાર્યશ્રી રાજતિલક સાગરસૂરીશ્વરજી (રાજા) મ.સા. તેમજ પ.પૂ.આ.ભ.શ્રી કલ્યાણ સાગરસૂરીશ્વરજી મ.સા. તેમજ અન્ય મુનિ આચાર્ય ઉપાશ્રયમાં તપસ્યા અને ધર્મપ્રેમીઓને લાભ આપવા બિરાજમાન છે. જેમણે જણાવ્યું કે જળપ્રલયમાં પશુઓના અને માનવીઓના મોતથી ભલભલાના હૈયા હચમચી ગયા છે. જે સંળી દયાભાવ પ્રગટ થયો છે ને મદદની પોકાર કરતા આ જીવોનું રક્ષણ કરવું અને મદદ કરવી તે જ સાચો ધર્મ છે. આજે દેશના જવાનો, અધિકારીઓ આ સેવામાં લાગી ગયા છે. આ પુરગ્રસ્ત વિસ્તારોમાં વધુ રાહતકાર્યમાં ધાર્મિક અને સામાજીક સંસ્થાઓ જોડાય તેવી ભાવના વ્યક્ત કરી હતી.

હાલ ચાલતો શ્રાવણ માસ પવિત્ર માસ ગણાય છે અને પુરુષોત્તમ માસ પણ ગણાય છે. તેના સહયોગમાં જૈન ધર્મના ચાતુર્માસમાં પણ ઉપવાસ, તપસ્યા તહેવારોની હારમાળા મિલનનો ધાર્મિક સંગમ થાય છે. ત્યારે ગઠામણ દરવાજા વિસ્તારમાં આવેલા તપાગચ્છ જૈન ઉપાશ્રયમાં બિરાજેલા આચાર્ય શ્રી રાજતિલક સાગરસુરીશ્વરજી તપસ્યા સાથે પ્રવચન અને પ્રભુ ભક્તિની રમઝટ જમાવે છે. તેનો લાભ મોટી સંખ્યામાં ધર્મપ્રેમીઓ લે છે. પ્રવચનમાં જણાવતા કહ્યું કે ધંધો ખોટમાં જાય પણ ધર્મ ખોટમાં ન જવો જોઈએ. ધર્મની ધગશ ધોધમાર વરસાદ જેવી જોઈએ. મગ ખાવાથી પગ ચાલે પણ ગમ ખાવાથી જીવન ચાલે. તેમજ ધર્મથી આત્મા ચાલે આજ સંસારનો સાર છે.

હાલ પુરના જળપ્રલય દિલને હચમચાવી વેદનાઓ માનવીમાં ઉભી થઈ છે. જેની સેવા બજાવવા અને લાચાર માનવીઓને સેવા બજાવો એ જ સાચો ધર્મ છે.

# લોકનિકેતન વિનયમંદિર, લવાણામાં નાટ્ય - સ્પર્ધા યોજાઈ

પ્રતિ. લવાણા

લોકનિકેતન વિનયમંદિર લવાણામાં તા.૧૯/૭/૨૦૧૭ ને બુધવારના રોજ નાટ્ય - સ્પાર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. લોકનિકેતન વિનયમંદિર ખાતે વિદ્યાર્થીના સર્વાગીણ વિકાસના હેતુસર દર બુધવારે છેલ્લા બે તાસ દરમ્યાન વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન થતું હોય છે.જેમાં વિદ્યાર્થીઓ ઉત્સાહભેર ભાગ લઈ પોતાની અભિવ્યક્તિ કરતા હોય છે તેવી જ રીતે આ નાટ્ય - સ્પાર્ધામાં વિદ્યાર્થીઓ અભિનય કલા અને સંવાદકલાનો સુમેળ સાધી નાટકો રજુ કર્યા હતા. જેમાં પ્રથમ નાટકનો વિષય શિક્ષણ બચાવો થીમ પર શાળાના વિદ્યાર્થી મકવાણા શંભુભાઈ એસ. તથા મકવાણા માલાભાઈએ પોતાની અભિવ્યક્તિ થી મનોરંજન સાથે ઉપદેશાત્મક અભિનય કર્યો હતો. ત્યારબાદ શાળાની વિદ્યાર્થીનીયો દ્વારા 'હા અમે ગુજરાતી' વિષય પર ત્રિવેદી ડિમ્પલબેન, સોની વિધિબેન પ્રદેશવાદથી ઉપર રાષ્ટ્રવાદને મહત્વ આપતું નાટક રજુ કરી વિદ્યાર્થીયોને રાષ્ટ્રપ્રેમનો બોધ પાઠવ્યો હતો. જયારે ત્રીજાક્રમનું નાટક 'ડૉકટર સેવિકાબેન સેવાવાળી' વિષય પર હતું.જેમાં શાળાની વિદ્યાર્થીની મકવાણા કલાવતીબેન, વાઘેલા અમિતાબેન મુખ્ય ભૂમિકા ભજવી સાંપ્રત સમયમાં બોગસ ડિગ્રીધારક ડૉકટરોથી સાવચેત રહેવા સંદેશો પાઠવતું નાટક રજૂ કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ધોરણ - ૧૦ ની વિદ્યાર્થીની વાઘેલા પાયલબેન દુદાભાઈએ શિક્ષકોના માર્ગદર્શન હેઠળ કર્યું હતું શાળાના આચાર્ય ઓ.ટી. પ્રજાપતિ ભાગ લીધેલ બધા જ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવી તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે આર્શીવાદ પાઠવ્યા હતા.

# સિસરાણા મા.ઉ.મા. એન.અસ.એસ. ટીમ અને વિહિપ દ્વારા પૂરગ્રસ્ત પીડિતોને ફુટ પેકેટ કપડા વગેરે વસ્તુઓનું વિતરણ



સિસરાના

વિશ્વ હિન્દુ પરિષદ બનાસકાંઠા (પાલનપુર) દ્વારા પૂર ગ્રસ્ત પીડિતોને ફુટ પેકેટ કપડા વગેરે વસ્તુઓના વિતરણ સ્થળે સિસરાણા મા.ઉં.મા. હજજ ટીમ દ્વારા સેવા કાર્ય આ સેવા કેમ્પમાં શાળાના આચાર્ય પી.બી.ચંડીસા હજજ પ્રોગ્રામ ઑફિસર વસંતભાઈ પટેલ,સુભાષભાઈ વ્યાસ, પ્રકાશભાઈ જોડાયા હતા. આ સેવા કેમ્પની મુલાકાતે રણછોડભાઈ ભરવાડ (ઉત્તર ગુજરાત પ્રાંત સંગઠન મંત્રી ), કામેન્દ્રિસિંહજી રાઠોડ(ઉ.ગુ.પ્રાંત સંગઠન મંત્રી), કલ્પનાબેન વ્યાસ(ઉ.ગુ.મહિલા સન્યોજીકા અને પ્રભારી બ.કોં.)સુરેન્દ્ર સિઁહજી રાજપુત (પ્રાંત સંગઠન મંત્રી મહેસાણા),દિનેશભાઈ અવાના (જીલ્લા મંત્રી બ.કોં.) અન્ય હોદ્દેદારોમોં રજનીભાઈ બાપના,નટવરભાઈ પંચાલ, દીપકભાઈ પટેલ, કેતનભાઈ ગુપ્તા ,પ્રફુલ્લાબેન પટેલ અને સ્વયં સેવકોએ હાજર રહી સેવા કેમ્પના સ્થળે ઉમદા સેવા બજાવી રહેલ છે

# થરાદના કમાલીમાં મહિલાને ખેતરમાં જ સમાધિ અપાઈ

પ્રતિનિધિ થરાદ

થરાદ તાલુકાના કમાલી ગામમાં રેલ નદીના પાણીએ ભરડો લીધો હતો. અતિવૃષ્ટિના કારણે ગામના ૬૦ વર્ષિય પાર્વતીબેન હમીરાજી રબારી બિમાર પડયા હતા. જેમનું સારવારના અભાવે મોત નિપજ્યું હતુ. ગામમાં પાણી ભરાતા રસ્તા બંધ હોઈ વધુ સારવાર અર્થે દવાખાને પણ લઈ જઈ શકાયા ન હતા. સ્મશાનગૃહમાં પણ ભારે પ્રમાણમાં પાણી ભરાતા મહિલાને અગ્નિદાહ ન આપી શકાતા ખેતરમાં જ દફનાવવામાં આવ્યા હતા. આ ઘટનાથી ભારે ચકચાર મચવા પામી હતી.

## રાધનપુર કોલેજમાં રજતજયંતિનો કાર્યક્રમ યોજાયો



રાધનપુર

"હિમત વિદ્યાનગર" સ્થિત શ્રી અમરજ્યોત એજ્યુકેશન ટ્રસ્ટ, રાધનપુર સંચાલિત શ્રી ત્રિકમજીભાઈ ચતવાણી આર્ટસ એન્ડ જે.વી.ગોકળ ટ્રસ્ટ કોમર્સ કોલેજ, રાધનપુરનો પ્રારંભ ૧૯૯૨માં થયો હતો. ૨૩મી જુલાઈ ૨૦૧૭ ના રોજ કોલેજના ૨૫ વર્ષ પૂર્ણ થયા હોઈ તે અંગેનો કાર્યક્રમ કોલેજમાં યોજવામાં આવ્યો હતો.કાર્યક્રમના મુખ્ય મહેમાન નાયબ પોલીસ અધિક્ષક પૃથ્વીરાજસિંહ ગોહિલે વિદ્યાર્થીઓને માનનીય પ્રવચન આપ્યું હતું.અતિથી વિશેષશ્રી નાયબ કલેક્ટર એસ.ડી.ગિલવાએ જી.પી.એસ.સી.અને યુ.પી.એસ.સી. પરીક્ષાની ઉપયોગિતા દર્શાવી વિદ્યાર્થીઓને તેમાં આગળ વધવા અનુરોધ કરવામાં આવ્યો હતો.અધ્યક્ષ સ્થાનેથી ડો.મહેશભાઈ મુલાણીએ સંબોધન કર્યુ હતું.પ્રિ.ડો.સી.એમ.ઠક્કરે મહાનુભાવોને આવકારી કોલેજની શૈક્ષણિક અને સહઅભ્યાસની પ્રવૃત્તિઓની જાણકારી આપી હતી.આ પ્રસંગે મેનેજીંગ ટ્રસ્ટી રાયચંદભાઈ ઠક્કર, ઓનરરી સેક્રેટરી ડો.નવીનભાઈ ઠક્કર ઉપસ્થિત રહ્યા હતાં.કાર્યક્રમના ઉદઘોષક તરીકે કુસુમબેન અખાણી તથા આભારવિધિ પ્રા.વી.બી.ખમારે કરી હતી.

## ચાણસ્મા કોલેજમાં ગૃહવિજ્ઞાન વિષયની વિભાગીય પ્રવૃત્તિમાં વાનગી સ્પર્ધા યોજાઈ

ચાણસ્મા

''નિમા મેમોરિયલ'' ગ્રામ વિકાસ ટ્રસ્ટ, રૂપપુર- ચાણસ્મા સંચાલિત આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ચાણસ્મામાં ગૃહ વિજ્ઞાન વિષયની વિભાગીય પ્રવૃતિ નિમિત્તે વાનગી સ્પર્ધાનું તા. ૨૧/૭/૨૦૧૭ ને શુક્રવારના રોજ આયોજન કરવામાં આવ્યું. જેની થીમ ફરસાણ બનાવવું તે હતી જેમાં ૧૨ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. તેમના દ્વારા વિવિધ વાનગીઓ બનાવવામાં આવી. સ્પર્ધાના નિર્ણાયક પ્રા.વિ.એમ. ચૌધરી અને જે.એલ.ગજેરા દ્વારા પ્રથમ ક્રમે પટેલ દ્રષ્ટિ, પટેલ દેવિયા બી.એ. સેમેસ્ટર- ૩, દ્વિતિય ક્રમે પટેલ હેપ્પી બી.એ.સેમેસ્ટર- ૫ અને તૃતિય ક્રમે દરજી જલ્પા બી.એ. સેમેસ્ટર- ૫ માં આવેલ છે. આ સંપૂર્ણ સ્પર્ધા આચાર્ય ડૉ.રોહિતભાઈ દેસાઈના નેતૃત્વ હેઠળ કરવામાં આવ્યું.

## પંચાલ ગામનો આધેડ વાત્રક નદીમાં તણાઈ જતાં મોત

મોડાસા

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના પંચાલ ગામના આધેડ વાત્રક નદીનાં વાંઘાના ધસમસતા પ્રવાહમાં તણાઈ જતાં તેમનું મોત નીપજ્યું હતું મેઘરજ તાલુકાના પંચાલ ગામના મગનભાઈ હીતાભાઈ ડોડાએ આ બનાવની જાણ ગત શુક્રવારે મેઘરજ પોલીસને કરી હતી.જો કે પોલીસે અકસ્માત મોત ગણીને જાણવા જોગ નોંધ લીધી હતી. પોલીસના જણાવ્યા મગનભાઈ ડોડા(ઉ.વ.૨૪)ના પચાસેક વર્ષના આધેડ વયના હીતાભાઈ ધનજીભાઈ ડોડા વાંકાવાડા ગામથી પંચાલગામ તરફ નીકળતા હતા તે દરમ્યાન ધોધમાર વરસાદથી નદીનાળા છલકાઈ ગયા હતા, ત્યારે તેઓએ પંચાલ ગામ નજીકનું વાંઘુ પસાર કરવા જતાં તેવો પાણીના પ્રવાહમાં તણાઈ જતાં મૃત્યુ પામ્યા હોવાનો અંદાજ છે.

## ચાણસ્મા કોલેજનું ગૌરવ

ચાણસ્મા

"નિમા મેમોરિયલ"ગ્રામ વિકાસ ટ્રસ્ટ, રૂપપુર-ચાણસ્મા સંચાલિત આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ચાણસ્મા ખાતે શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮ થી ૭ બટાલીયન ગુજરાત, મહેસાણા દ્વારા વિદ્યાર્થી ભાઈઆ-બહેનો માટે એન.સી.સી.યુનિટની મંજૂરી મળેલ છે.સમાજશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ પ્રા.હિંમતભાઈ એસ.મુળાણીની સી.ટી.ઓ.તરીકે નિમણૂંક કરવામાં આવી છે.તે બદલ કોલેજ પરિવાર અને વિદ્યાર્થીઓ ગૌરવ અને આનંદની લાગણી અનુભવે છે.

## ઈન્કમ ટેક્સ રિટર્ન દાખલ કરવાની મર્યાદા વધારાશે

નવી દિલ્હી

ઈન્કમ ટેક્સ રિટર્ન દાખલ કરવા માટેની છેલ્લી તારીખને ૩૧મી જુલાઇ બાદ પણ વધારી દેવામાં આવે તેવી શક્યતા દેખાઇ રહી છે. સરકાર દ્વારા આ પાસા પર વિચારણા કરવામાં આવી રહી છે. નાણાં મંત્રાલયના એક વરિષ્ઠ અધિકારીએ માહિતી આપતા કહ્યુ છે કે જો આ નિર્ણય લઇ લેવામાં આવશે તો સરકાર છેલ્લા દિવસ્ સુધી સરકારને આ માહિતી આપશે. અધિકારીઓ કહી રહ્યા છે કે ટેક્સ પેયર્સન આ વર્ષ કેટલીક મુશ્કેલીનો સામનો કરવો પડ્યો છે. જેથી આ દ્રષ્ટિથી કહી શકાય છે કે ઇન્કમ ટેક્સ રિટર્ન દાખલ કરવા માટેની અવધિમાં વધારો કરવામાં આવી શકે છે. દાખલા તરીકે સીએ પર કામનો ખુબ બોજ છે. તેઓ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સને લઇને વ્યસ્ત છે.સુત્રોએ કહ્યુ છે કે સીએની પ્રથમ પ્રાથમિકતા તેમના બિઝનેસ ગ્રાહકોની જીએસટીને લઇને છે. પર્સનલ ઇન્કમ ટેક્સ રિટર્ન દાખલ કરવાની બાબત પણ પ્રાથમિકતાની યાદીમાં છે. એક વધુ કારણ આઇટીઆર માટે આધાર અને પેનને લિન્ક કરવા સાથે સંબંધિત છે. એક અધિકારીએ કહ્યુ છે કે હજુ માત્ર ૪૫ ટકા નોંધાયેલા ટેક્સ પેયર્સ છે. આસામ જેવા રાજ્યોને પુર હોવાના કારણે વધારે સમય મહેતલ આપવામાં આવી શકે છે.ઇન્કમ ટેક્સ રિટર્નને લઇને કારોબારીઓમાં ભારે ચર્ચા જોવા મળી રહી છે.

# રાધનપુર - સાંતલપુરમાં પૂર બાદની પરિસ્થિતિને પહોંચી વળવા સુચના

### આરોગ્ય મંત્રી શંકરભાઈ ચૌધરીએ રાધનપુર ટેસ્ટ હાઉસ ખાતે અધિકારીઓની બેઠક બોલાવી

રાધનપુર

રાધનપુર - સાંતલપુર તાલુકાઓમાં ભારે વરસાદ અને બનાસ નદીના પૂરે સર્જેલી તારાજીમાં નદી કાંઠાના ગામોની હાલત કફોડી બની ગઈ છે આજે પણ અનેક ગામમાં પાણી ફરી રહ્યા છે. ત્યારે પૂર બાદની પરિસ્થિતિને પહોંચી વળવા રાજયના આરોગ્ય મંત્રી શંકરભાઈ ચૌધરીએ શુક્રવારે સાંજે સરકારી રેસ્ટ હાઉસ ખાતે વિવિધ વિભાગના અધિકારીઓની બેઠક બલાવી હતી. જેમા આરોગ્ય મંત્રી તમામ અધિકારીઓને પૂર બાદની સ્થિતિ વણસે નહિ એ માટે આયોજન કરવા સુચના આપી હતી. આરોગ્ય વિભાગને ૧૫ દિવસનો દવાનો સ્ટોક લઈને ગોતરકા, અબિયાણા, અગીચાણા, મસાલી સહિતના મોટા ગામોમાં તબીબો સાથે ધામા નાખી કોઈ બિમારી વકરે નહિ તે માટે સુચના આપી હતી અને આરોગ્યની ટીમ એક - બે દિવસ માટે નહિ, પરંતુ લગાતાર ૧૫ દિવસ માટે કેમ્પ કરવા જણાવ્યું હતું આ ઉપરાંત પાણીની વિકટ સમસ્યા સર્જાવાની શક્યતાને ધ્યાનમાં રાખી રાધનપુર નગર પાલિકાના ચીફ ઓફિસર અગ્રવાલને બોર ઉપરથી ટેન્કર ભરીને તૈયાર રાખવા સુચના આપી હતી, અને જરૂર પડે ત્યાં પહોંચાડવા જણાવ્યું હતું. જોકે જીવા દોરી સમાન પાણીના વિભાગ પાણી પુરવઠાના એક પણ અધિકારીઓ બેઠકમાં ઉપસ્થિત રહ્યા ન હતા.

આરોગ્ય મંત્રી શંકરભાઈ ચૌધરીએ પ્રાંત અધિકારી એસ.ડી. ગિલ્વાને સમગ્ર સમસ્યાઓ ઉપર દેખરેખ રાખવા જણાવ્યું હતું. અને અસરગ્રસ્તોને પુરતા પ્રમાણમાં ફુડ પેકેટ અને જરૂરિયાતની ચીજો મળી રહે તેનું ધ્યાન રાખવા સુચના આપી તમામ રિપોર્ટ પહોંચાડવા જણાવ્યું હતું. ફુડપેકેટ પહોંચાડવા કે અન્ય મદદ માટે બે હેલિકોપ્ટર રાધનપુર ખાતે ઉતારવા પડે તો તેની પણ બાં-હેધરી આપી હતી જોકે આરોગ્ય મંત્રીએ ધારાસભ્ય નાગરજી ઠાકોરને પરિસ્થિતિના તાગ અંગે પુછપરછ કરતાં ધારાસભ્યને સાચી પરિસ્થિતિનો ખ્યાલ ના હોવાથી અને લોકો વચ્ચે ગયા ના હોવાથી ક્ષોભમાં મુકાઈ ગયા હતા. આરોગ્ય મંત્રીએ ભાજપના અગ્રણીઓ અને કાર્યકરોને પણ સતત સેવામાં રહેવા જણાવ્યું હતું

## મહેસાણા ડીવીઝનની ૧૧ ડેપોની ૭૩૭ એસ.ટી. ટ્રીપો રદ કરાઈ

મહેસાણા

મહેસાણા જિલ્લામાં એસ.ટી.તંત્ર દ્વારા તાજેતરની પરિસ્થિતિમાં ડીવીઝનના ૧૧ ડેપોની કુલ ૭૩૭ એસટીની ટ્રીપો રદ કરવામાં આવી છે.

ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, મહેસાણા અને પાટણ જિલ્લામાં એક સપ્તાહથી અવિરત પડી રહેલા વરસાદથી તમામ જિલ્લાના માર્ગો ધોવાઈ ગયા છે. જેના પગલે મહેસાણા એસટી ડીવીઝન દ્વારા કુલ ૭૩૭ ટ્રીપો રદ કરવામાં આવી છે. જેથી એસ.ટી.ની આવકને પણ નુકસાન થયેલ છે.

જે માર્ગો ધોવાઈ ગયા છે. તેની દુરસ્તી યુધ્ધના ધોરણે કરવામાં આવે તેવી લોકમાંગ ઉઠી છે.

## પાટણમાં વરસાદથી ગોળશેરીમાં એક મકાન ધરાશાઈ: સુરેલ ગામમાં એકનું મોત

પાટણ

પાટણ જિલ્લામાં વરસાદે ગત શુક્રવારે વિરામ લેતાં હારીજ, સોનલપુર, રાધનપુરના અસરગ્રસ્ત વિસ્તારોમાં ગતરોજ એનડીઆરએસ આર્મી અને સ્થાનિક તંત્ર દ્વારા પુરજોશમાં કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. હારીજના સુરેલ ગામે પાણીના પ્રવાહમાં તણાઈ ગયેલા એક વ્યક્તિનું મોત નિપજ્યું હતું. ઉપરાંત સમી અને હારીજ તાલુકાના ચાર ગામડાઓ હજુ પણ સંપર્ક વિહોણા છે. જ્યારે સમી- રાધનપુર હાઈવે હજુ પણ બંધ છે. કોઈપણ જાતનો વાહન વ્યવહાર થઈ શકે તેમ નથી.

સમી, રાધનપુર, સાંતલપુર, અને હારીજના પુરગ્રસ્ત વિસ્તારોમાંથી પાણી ઓસરતાં તંત્રને રાહત થઈ છે. તમામ અસરગ્રસ્ત વિસ્તારોમાં ફૂડ પેકેટોનું વિતરણ કરવામાં આવ્યું છે. હારીજના આરોગ્ય વિભાગની ૩૬ ટીમો દ્વારા આરોગ્ય તપાસ કાર્યવાહી ચાલુ છે. હારીજ ખાતે આવેલી મોડલ સ્કુલમાં અભ્યાસ કરતી ૪૫ વિદ્યાર્થીનીઓને ફૂડ પેકેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. સમી તાલુકાના નાયકા ગામે ત્રણ વર્ષની બાળકી પુરમાં તણાઈ ગઈ હતી. જેને બચાવીને સારવાર માટે ખસેડવામાં આવી હતી. અમરાપુર ગામમાં ૩ ઈજનેરો પાણીમાં ફસાયા હતા જેઓને આર્મી દ્વારા બહાર કઢાયા હતા.

સમી- હારીજ તાલુકાના ચાર ગામોમાં પૂરના પાણી હોવાથી સંપર્ક વિહોણા છે. જિલ્લામાં મોટાભાગની બસો બંધ છે. પાટણમાં ગત ગુરૂવારે પાંચ ઈંચ વરસાદ ખાબકતાં સર્વત્ર જળબંબાકાર જેવી સ્થિતિ સર્જાઈ હતી. જ્યારે શહેરમાં ગોળશેરીના નાકે આવેલ એક મકાન તૂટી પડ્યું હતું. જિલ્લામાં અનેક વિસ્તારમાં જુના મકાનો ધરાશાઈ થયેલ અને તિરાડો પણ પડી ગયેલ છે. શહેરના મોટાભાગના રસ્તા બિસ્માર બની ગયા છે. ઠેરઠેર ખાડા પડી જતાં વાહન ચાલકો મુશ્કેલીમાં મુકાયા છે.

## પાટણ જિલ્લામાં વહીવટી તંત્ર દ્વારા બચાવ અને રાહત કામગીરી પુરજોશમાં

પાટણ

જિલ્લા કલેકટર આનંદ પટેલે જણાવ્યું હતું કે, પાટણ જીલ્લામાં થયેલ ભારે વરસાદ અને બનાસ નદીના પુરના પાણીના કારણે વિકટ પરિસ્?થિતિ ઉભી થઇ છે. વિકટ પરિસ્થિતિમાં ગામોમાં ફસાયેલા લોકોને બચાવવા માટે જુદી જુદી ટીમો કાર્યરત કરી છે. ૫૩ જેટલા વ્?યકિતઓને હેલીકોપ્?ટર દ્વારા બહાર કાઢી સલામત સ્?થળે પહોંચાડવામાં આવ્યા છે. આબીયાણા ગામ તા.સાંતલપુરના વતની ઠાકોર જલારામભાઇની ઉંમર ૨૮ વર્ષની છે. જે ડાયાલીસીસથી પિડાય છે. તેમના માતા પિતા તરફથી સમાચાર મળતાં તેમને એર લિફ્ટથી બચાવવામાં આવ્?યા છે. ત્રણ મહિલાઓને પણ આ રીતે બચાવાઇ છે. ગામોમાં અંદરના ભાગોમાં પાણી ઓછા છે.

ગામની આજુ બાજુ રોડ ઉપર પાણી ભરાઇ ગયા છે. રોડ તુટી જવાથી ગામોનું જોડાણ થઇ શકતું નથી. જયાં જોડાણ થઇ શકતું નથી તે વિસ્તારમાં હેલીકોપ્?ટર મારફતે ૫૦ હજાર ફુડ પેકેટ વિતરણ કરવામાં આવ્યા હતા. રોડની કનેકટીવીટી ચાલુ થાય તે માટે રોડને ફોકસ કરવામાં આવ્યા છે. ૩૪ રસ્તાઓ ચાલુ કર્યા છે. ૨૭ રોડનું મરામતનું કામ ચાલુ છે.

આરોગ્ય માટે ૩૨૦ ટીમો કાર્યરત બનાવવામાં આવી છે. અલગ અલગ વિસ્?તારના ઘરોની મુલાકાત કરવામાં આવે છે.

સ્થળ ઉપર સારવાર થાય તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. અને આરોગ્?ય તંત્ર દ્વારા મેડીકલ કેમ્પનું આયોજન પણ કરવામાં આવી રહયું છે. પશુઓના મૃત્યુ થયા છે. તાત્કાલિક અસરથી ૩૪ ટીમો દ્વારા પી.એમ. કરી ૪૧૬ પશુઓનો નાશ કરવામાં આવ્?યો છે.

## સાંતલપુર તાલુકાના બાબરીમાં રસ્તા રીપેરીંગમાં આર્મીનો સહયોગ

રાધનપુર

સાંતલપુર તાલુકાના ગામોમાં ભારે વરસાદ અને વિનાશક પુરના કારણે મોટા ભાગના રસ્તાઓ ધોવાઈ ગયા છે.બાબરી ગામે પણ પાણીના વહેણમા માર્ગ બિસ્માર થઈ જવા પામ્યો હતો.જેને રિપેર કરવા માટે આર્મીનો પણ સહયોગ મળ્યો હતો.આ માર્ગ ઝડપી ચાલુ થાય તે માટે આર્મીના જવાનો પણ કામે લાગ્યા હતા.

# સાંતલપુર તાલુકાનાં લુણીયાણામાં ૮૦ ટકા પશુઓ તણાઈ ગયા




રાધનપુર

બનાસનદીના પૂરે છેવાડાનાં સાંતલપુર તાલુકાના ગામોમાં વ્યાપક તબાહી સર્જી છે, જેમાં લુણીયાણા ગામ પણ બાકાત રહ્યુ નથી.બનાસના ધસમસતા પાણીએ ગામને ચાર ભાગમાં વહેચી દીધુ છે ગામ સાથે જોડાયેલા બીજા ગામડા લુણીયાણા ઉનડી માર્ગ તૂટીને સાવ બિસ્માર બની જવા પામ્યો છે.ગામના દિલુભા ગોહિલના જણાવ્યા મૂજબ પૂર આવતા પશુઓને છોડી મુક્યા હતા.જેમાંથી ૮૦ ટકા પશુઓ તણાઈ ગયા છે.કાં'તો મોતને ભેટ્યા છે.ખેતરોમાં અને ગામની આજુ બાજુ આજે પણ પાણી વહી રહ્યા છે.જમીનોનું ધોવાણ ખુબ થયુ છે.

### જિલ્લાકક્ષાનો સ્વાતંત્ર્ય પર્વ ઈડર ખાતે યોજાશે

# જિલ્લા સંકલન અને ફરીયાદ સમિતિની બેઠક યોજાઈ

### સાબરકાંઠા જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક આજે જીલ્લા સમાહર્તા પી.સ્વરૂપની અધ્યક્ષતામાં મળી હતી

હિંમતનગર

સંકલન અને ફરિયાદ સમિતિની બેઠકમાં જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી રાજેન્દ્રસિંહ કુંપાવતના જિલ્લા ઉધોગ કેન્દ્રના લાભાર્થીઓને સહાય ઝડપી આપવા અંગે પ્રશ્ન રજૂ કર્યો હતો. ધારાસભ્ય શ્રીના પ્રાંતિજ અને તલોદ તાલુકામાં શહેરી વિસ્તારમાં પાણીના ગટર લાઇનને સુયોજિત બનાવવા તેમજ નગરપાલિકા વિસ્તારની સ્ટ્રીટ લાઇટને એલઇડી લાઇટ સત્વરે ફિટ કરવાને લગતા વિવિધ પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી હતી, જયારે ખેડબ્રહ્માના ધારાસભ્ય શ્રી અશ્વિનભાઇ કોટવાલના પોશીના તાલુકાના કલછાવાડ ગૌરીફળોનો રસ્તાનું સમારકામ કરવા, વિજયનગર તાલુકા પંચાયતનું નવિન મકાન બનાવવા અને દિધીયા પંચાયતનું મકાન બનાવવું ઉપરાંત સરહદી રાજય રાજસ્થાનને જોડતા રસ્તાઓનું નિર્માણ કરવાનું અને જમીન સંપાદનને લગતા પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી હતી, જેના નિરાકરણ માટે જિલ્લા સમાહર્તાશ્રી દ્વારા સબંધિત અમીકરણ અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી. ત્યારબાદ સંકલન સમિતિના બીજા તબકકાની કાર્યવાહીમાં સાબરકાંઠા જિલ્લા વરસાદની પરિસ્થિતિને લઇ જિલ્લા વહિવટીતંત્રની સતર્કતાથી કોઇ જાનહાનિ ન થવાના કારણે તમામ અધિકારીઓને અભિનંદન પાઠવ્યા હતાં. જયારે પાણીજન્ય રોગોથી બચવાના ઉપાયો અને આયુર્વેદના ઉપયોગીતા અંગેનુ પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યુ હતું

જિલ્લામાં આગામી ૧૫ ઓગસ્ટ સ્વાતંત્ર્ય પર્વ ઇડર ખાતે યોજાનાર હોઇ મોટી સંખ્યામાં લોકો ઉત્સાહભેર જોડાય તે દિશામાં કામગીરી કરવા જણાવ્યું હતું

બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી શ્રી હર્ષ વ્યાસ, જિલ્લા પોલીસ વડા શ્રી પ્રવિણ માલ, અધિક કલેકટરશ્રી વી.એલ.પટેલ સહિત અન્ય અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહયા હતા.

## રાધનપુરના શિતલ બંગ્લોઝમાં પાણી




રાધનપુર

રાધનપુર શહેરમાં હાઈવે ચાર રસ્તા પાસે ભાભર ત્રણ રસ્તા બાજુથી છેલ્લા પાંચ દિવસથી પાણી આવી રહ્યા છે.અને આજે પણ આ પાણી વહી રહંયા છે બે દિવસ પહેલા પાણીનો ધોધ વધુ હોવાથી શિશુ મંદિર અને શીતલ બંગ્લોઝમાં પાણી ફરી વળ્યા હતા.જેના કારણે રહીશોનાં જીવ પડીકે બંધાઈ જવા પામ્યા હતા જો કે હવે પાણી ઘટી ગયા છે પરંતુ ઉપર વાસમાંથી વધુ પાણી આવે તો શિતલ બંગ્લોઝના રહીશો માટે જોખમ છે.

## પાટણ જિલ્લાના અસરગ્રસ્ત વિસ્તારોમાં મેડીકલ કેમ્પો શરૂ કરાયા

પાટણ

અત્યારે હાલ ભારે વરસાદને કારણે પાટણ જિલ્લામાં ઉભી થયેલ પરિસ્થિતીમાં આરોગ્ય સેવાઓ

ઉપરાંત જિલ્લા પંચાયત પાટણ હસ્તકના જુદા જુદા વિભાગો દ્વારા કરવાની થતી કામગીરી અને તાલુકાના જુદા જુદા વિસ્તારોમાં ઉભી થયેલ પરિસ્થિતીની જાત માહિતી મેળવવા માટે શ્રી રાજેશ રાજયગુરૂ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી પાટણ અને ડૉ.એસ.કે.મકવાણા, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી પાટણ દ્વારા સંયુક્ત રીતે પાટણ જિલ્લાના છેવાડાના એવા રાધનપુર અને સાંતલપુર તાલુકાની તા.૨૮/૦૭/ ૧૭ ના રોજ મુલાકાત લીધેલ.

આ મુલાકાત દરમ્યાન વારાહી સ્કુલ ખાતે ચાલતા આરોગ્ય વિભાગના મેડીકલ કેમ્પની મુલાકાત લઇ આ વિસ્તારના લોકોને પુરતી આરોગ્યની સેવાઓ મળી રહે અને પુરતા પ્રમાણમાં દવાનો જથ્થો ઉપ્લબ્ધ રહે તે બાબતે ચર્ચા કરેલ. વારાહી ખાતે ડી.ડી.ઓ.શ્રી દ્વારા જાતે પાણીનું ક્લોરીનેશન પણ ટેસ્ટ કરેલ. ત્યારબાદ વારાહીથી અબિયાણાના રસ્તા ઉપર જઇ જરૂરિયાતવાળા લોકોને વાહનમાં ઉપ્લબ્ધ મેડીકલ

કીટમાંથી દવાઓ પુરી પાડેલ અને વચ્ચેથી પરત આવી ગોતરકા જવાના રસ્તા ઉપર મુલાકાત લઇ દ્રહ્ઇહ્ર ટીમ સાથે બોટ મારફતે જઇ જરૂરિયાતવાળા લોકો સાથે પરામર્શ કરેલ અને આરોગ્ય વિષયક બાબતોની વિગતો મેળવતાં ખાસ કરીને લોકોને ચામડીના રોગ અંગેની સમસ્યાઓ જાણવા મળેલ. જે અંગે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી સાથે પરામર્શ કરી જિલ્લામાં ચામડીના રોગ સંબંધિત જરૂરી દવાઓ મળી રહે તે અંગે સુચન કરેલ. અને આ બાબતે મુખ્ય આરોગ્ય અધિકારીએ પણ તાત્કાલિક આ બાબતે જરૂરી દવા ઉપ્લબ્ધ કરાવી તમામ તાલુકા અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોને પણ આ બાબતે વધારાની દવા ઉપ્લબ્ધ કરાવી કાર્યવાહી હાથ ધરેલ છે. આરોગ્ય કેન્દ્રો ખાતે અત્યારે હાલ પુરતી દવાઓ પણ ઉપલબ્ધ છે. અને પાણીજન્ય રોગચાળો ઉભો ન થાય તે માટે પુરતી ક્લોરીન ટેબ્લેટનું વિતરણ આશા અને આરોગ્ય કાર્યકરો મારફતે સર્વેલન્સની કામગીરી દરમ્યાન દરેક ઘરે મળી રહે તેવુ આયોજન પણ હાથ ધરવામાં આવેલ છે. વધુમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી રાધનપુર ખાતે બપોર બાદ આરોગ્યના મેડીકલ ઓફીસરો તથા મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર સાથે મીટીંગ કરી જરૂરી માર્ગદર્શન પુરૂ પાડેલ. આ સમયે ડો.એસ.કે.મકવાણા, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, ડો.એ.એસ. સાલ્વી, આર.સી.એચ.ઓ અને લાઇઝન અધિકારીશ્રી રાધનપુર તેમજ તાલુકા હેલ્થ ઓફીસરશ્રી હાજર રહેલ.

# કુદરતે તો કર્યું, હવે આપણુ કામ શરૂ થાય છે : વિજય રૂપાણી

**તમારા માટે હું પાંચ દિવસ બનાસકાંઠામાં જ રોકાવાનો છુ : અસરગ્રસ્તોને આશ્વાસન**

(વિષ્ણુ દવે)






(પ્રતિ.) થરાદ

થરાદમાં રવિવારે રાજયના મુખ્યમંત્રીએ તાલુકાના અસરગ્રસ્ત નાગલા ગામની મુલાકાત લીધી હતી અને પરિસ્થિતીનું નિરીક્ષણ કર્યું હતું. શાળામાં આશ્રય લઈ રહેલા અસરગ્રસ્તોને સંબોધતાં મુખ્યમંત્રીએ તમામ પ્રકારની મદદ કરવાની ખાત્રી અને આશ્વાસન આપતાં જણાવ્યું હતું કે ગુજરાતની પ્રજા બનાસકાંઠાની સાથે છે અને પોતે પણ પાંચ દિવસ તેમની વચ્ચે જ બનાસકાંઠામાં રોકવાના છે. કુદરતે તો કર્યું, હવે આપણુ કામ શરૂ થાય છે.

કૃષી મંત્રી ભુપેન્દ્રસીંહ ચુડાસમા,આરોગ્યમંત્રી શંકરભાઈ ચૌધરી, સામાજીક અને પછાત વર્ગનાં કલ્યાણ વિભાગ મંત્રી કેશાજી ચૌહાણ તથા થરાદના ધારાસભ્ય પરબતભાઈ પટેલ સહિત સચિવ અને જીલ્લા કક્ષાના અધિકારીઓના કાફલા સાથે રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ અતિવૃષ્ટીમાં પ્રભાવિત બનાસકાંઠાના થરાદના નાગલા ગામની મુલાકાત લીધી હતી.જ્યાં તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘના ચેરમેન જીવરાજકાકાના ધાબા પરથી ગામ અને સીમમાં ફરી વળેલા પાણીનું દુરબીનથી નિરીક્ષણ કર્યું હતું.અને પાણીએ કેવા પ્રકારનું નુકશાન કર્યું તેની માહિતી મેળવી હતી.ખેડુતોએ મુખ્યમંત્રીને બે હાથ જોડીને પાણીના કાયમી નિકાલ

અનુસંધાન પાના નં.૬

# દીઓદરમાં કોન્ટ્રાક્ટરોની આડોડાઈ : પ્રજા પરેશાન



(અશોક શેઠ)

તા.પ્રતિનિધિ દીઓદર

દીઓદર ખાતે પીવાના પાણીની નવીન પાઈપ લાઈનનું કામ શરૂ કરવામાં આવેલ છે.હાલે મેઘરાજા મન મુકીને વરસી રહ્યા છે. સરકારશ્રીની કોઈપણ પ્રકારના નવીન ખોદકામ ન કરવાની સુચના હોવા છતાં દીઓદરમાં નવીન પીવાની પાઈપ લાઈનના કોન્ટ્રાક્ટરો દ્વારા દીઓદરમાં ઠેર-ઠેર ખોદકામ શરૂ કરવામાં આવેલ અને ખોદકામ કરી પાઈપ લાઈન નાખી પુરતું પુરણ કર્યા વિના ચાલતી પકડવામાં આવતી હોઈ પ્રજા હેરાન પરેશાન થઈ રહી છે. એક તો સોસાયટી વિસ્તારના રસ્તાઓ નાના હોય તેમાં માંડ માંડ રોડ બન્યો હોય ત્યાં વચ્ચો વચ્ચ પાઈપ લાઈન માટે કોન્ટ્રાકટરો જે.સી.બી.થી ખોદાવી નાખે અને પછી તૂટેલા રોડના પથ્થરો પણ લેવા ન રહે અને ભોગવવાનું પ્રજાના ભાગે આવે છે. આ બાબતે યોગ્ય હલ કરવામાં આવે તેવી પ્રજાની માંગ છે. ઘરની બહાર કઈ રીતે નીકળવું પ્રજાજનોને તે પણ પ્રશ્ન થઈ રહ્યો છે જેમાં અભ્યાસ કરતાં નાના બાળકો પડી જવાની અને ઈજાગ્રસ્ત થવાની પુરે પુરી સંભાવના રહે છે.

# સરોત્રા રેલવે અકસ્માતમાં યુવકનું મોત

(પ્રતિ.) અમીરગઢ

અમીરગઢ તાલુકાના સરોત્રા રેલવે સ્ટેશન પર રેલવે અકસ્માતમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત ૩૫ વર્ષીય અજાણ્યા યુવકને સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. રેલવે અકસ્માત માં બે પગ અને એક હાથ ગુમાવનાર આ અજાણ્યા યુવકનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. જોકે, આ અજાણ્યા યુવકની ઓળખ થઈ ન હોવાનું જાણવા મળ્યું છે.

**કોંગ્રેસ તને ધારાસભ્યો પર ભરોસો નઈ કે..!!!**

# બનાસકાંઠાના કોંગી ધારાસભ્યો પૂર પીડિતોને ભગવાન ભરોસે મૂકી સહેલગાહે..!!!

**બાપુ ખેમામાં રહેલા બ.કાં.ના એક-બે ધારાસભ્ય કેસરિયો ખેસ ધારણ કરશે તેવી વકી**



સરહદી બનાસકાંઠા સહિત ઉત્તર ગુજરાતમાં આકાશી આફત વચ્ચે પૂરગ્રસ્ત પીડિતોને રેઢા મૂકી મુખ્ય રાજકીયો પક્ષો સત્તાની સાઠમારી ખેલી રહ્યા છે. ત્યારે રાજયસભા ની ચૂંટણીને લઈને થઈ રહેલા રાજકીય હોર્સ ટ્રેડિંગ વચ્ચે પુર પીડિતોને ભગવાન ભરોસે મૂકી કોંગી ધારાસભ્યો બેંગ્લુરની સહેલગાહે જતા તેના ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે.

એકબાજુ બનાસકાંઠા-પાટણ અને સાબરકાંઠા સહિત ઉત્તર ગુજરાતમાં મેઘ તાંડવને પગલે વ્યાપક તારાજી સર્જાઈ છે. ત્યારે બીજી બાજુ ઉપર આભ અને નીચે ધરતી જેવી પરિસ્થિતિમાં આવી ચૂકેલા પુર પીડિતોને ભગવાન ભરોસે મૂકી રાજયસભા ની ચૂંટણી માટે ભાજપ-કોંગ્રેસ રાજકીય દંગલ ખેલી રહ્યા છે. જે વિષય "ટોક ઓફ ધ ટાઉન" જ નહીં પણ "ટોક ઓફ ધ સ્ટેટ" બન્યો છે.

ગુજરાતમાં રાજયસભાની ૩ બેઠકોની ચૂંટણીને લઈને રાજકીય સમરાંગણ સર્જાયું છે. જેમાં પૂર પીડિતોના આંસુ, વ્યથા, વેદના અને વલોપાત ભુલાયો છે. કોંગ્રેસ ના ૬ ધારાસભ્યોએ કેસરિયો ખેસ ધારણ કરતા ઊંઘતી ઝડપાયેલી કોંગ્રેસે "ઘોડા નાસી છૂટ્યા બાદ તબેલાને તાળું મારવાનો" પ્રયાસ કરતા પોતાના ૪૦ જેટલા ધારાસભ્યોને બેંગ્લુરની સહેલગાહે રવાના કરી દીધા છે. એકબાજુ પૂર પીડિતોની હાલત બદથી બદતર બની છે. ત્યારે બીજી બાજુ

**ટોક ઓફ ધ ટાઉન**
**સંજય જોશી**

કોંગ્રેસના ધારાસભ્યો ફાઈવ સ્ટાર હોટલમાં જલસા કરી રહ્યા હોવાના અહેવાલ સાંપડ્યા છે.

જોકે, કોંગ્રેસના ગઢ સમા બનાસકાંઠા જિલ્લામાં કુદરત રૂઠતા ભારે ખાનાખરાબી વચ્ચે ૬૦થી વધુ માનવ જિંદગીઓ સાથે હજારથી વધુ પશુઓ મોતને ભેટી છે. તો વળી, જે પૂર હોનારતમાં જીવી ગયા છે. તેઓ પણ ઓશિયાળા બની પોતે બચી ગયા હોવાનો વસવસો વ્યક્ત કરે તેવી યાતનામય પરિસ્થિતિમાં મુકાયા છે. ત્યારે પૂરગ્રસ્ત પીડિતોના આંસુ લુછવાને બદલે કે તેમના વચ્ચે જઈ તેમને સાંત્વના પાઠવવાને બદલે બનાસકાંઠાના કોંગ્રેસના ૬ ધારાસભ્યો પણ પૂર પીડિતોને ભગવાન ભરોસે મૂકી બેંગ્લુરની વાટ પકડી છે. જે મોકો ઝડપી લેતા ભાજપે આ વિષયને સોશિયલ મીડિયા સહિત પ્રિન્ટ-ઈલેક્ટ્રોનિક મીડિયામાં હાઈલાઈટ કરી કોંગ્રેસના ધારાસભ્યોને પ્રજા સામે બે કોડીના કરી મુકવામાં કઈ બાકી રાખ્યું નથી. જોકે, પ્રજા કે મતદારો આ વિષયને કેટલો ગંભીરતાથી લે છે. તેતો આવનારી વિધાનસભાની ચૂંટણીના પરિણામો બતાવશે..!!!

## ડૂબતી નૈયામાંથી કોણ કેસરિયા કરશે ???

બનાસકાંઠાના કોંગ્રેસના ધારાસભ્યો પ્રજાને આપત્તિના ટાણે રેઢા મૂકી બેંગ્લુર જતા રહ્યા હોવાની બાબતને પાલનપુર આવેલા પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ પણ બેજવાબદાર ગણાવી હતી. આવા ટાંણે ન જવું જોઈએ તેવી ટકોર કરી હતી. જોકે, પાલનપુર સરકીટ હાઉસ ખાતે પ્રદેશ ભાજપ મહામંત્રી કે.સી. પટેલ સાથે બાપુએ ગુફ્તગુ કરી હોવાને પગલે અનેક તર્ક-વિતર્ક વહેતા થયા છે. ત્યારે બનાસકાંઠામાંથી પણ એકાદ-બે કોંગી ધારાસભ્યો ભાજપમાં હનુમાન કૂદકો મારે તેવી ચર્ચાએ વેગ પકડ્યો છે. જેમાં બાપુએ ખજુરાહોવાળી કરી ત્યારે બાપુના ખોળામાં બેસી જઈ મંત્રીપદું મેળવનાર પૂર્વ મંત્રીના પુત્ર અને વર્તમાન ધારાસભ્ય મહેશભાઈ પટેલ તથા બાપુના સમર્થક વડગામના ધારાસભ્ય મણિલાલ વાઘેલા પણ કેસરિયા કરે તેવી ચર્ચાઓ "ટોક ઓફ ધ ડિસ્ટ્રિક્ટ" બની છે. ત્યારે ભાવિના ગર્ભમાં શું છુપાયેલું છે તેતો આવનારો સમય જ બતાવશે..!!!

# સાચા અસરગ્રસ્તો લાભથી વંચિત ન રહે તંત્રને તકેદારી રાખવા સૂચના : કેશાજી ચૌહાણ



(અશોક શેઠ)

તા.પ્રતિનિધિ દીઓદર

બનાસકાંઠા જીલ્લામાં તથા પાટણ જીલ્લામાં ભારે વરસાદ સાથે પુરની પરિસ્થિતિ નિર્માણ પામેલ છે. જેમાં બનાસકાંઠા જીલ્લાના ધાનેરા-લાખણી તથા કાંકરેજ પંથકમાં તેમજ રાધનપુર-સાંતલપુર તાલુકાના ગ્રામીણ વિસ્તારોમાં મોટા પાયે નુકશાન થયેલ છે.જે ગામોમાં નુકશાન થયેલ છે ત્યાં સરકાર દ્વારા સર્વેની કામગીરી શરૂ કરવામાં આવેલ છે.ગુજરાત રાજયના રાજય કક્ષાના મંત્રીશ્રી કેશાજી ચૌહાણે તમામ અધિકારી તથા કર્મચારી ગણને જણાવેલ છે કે સાચા

અનુસંધાન પાના નં.૬

# કોંગ્રેસના ધારાસભ્યો ડરના માર્યા બેંગ્લોર ગયા છે : અહેમદ પટેલ

ડીસા

એક તરફ ગુજરાતમાં વરસાદી કહેર જોવા મળી રહ્યો છે તો બીજી તરફ રાજકીય સર ગરમી પણ ઉફાન પર જોવા મળી રહી છે. તાજેતરમાં જ કોંગ્રેસના ધારાસભ્યો પુર પીડિતોની સહાય ના બદલે બેંગ્લોર રિસોર્ટમાં પહોંચી ગયા બાદ તુલ પકડેલા મામલે આજે કોંગ્રેસના સાંસદ અને રાજયસભાના ઉમેદવાર એહમદ પટેલે મોટો ઘટસ્ફોટ કર્યો છે.તેમને ધારાસભ્યો ડર ના માર્યા બેંગ્લોર પહોંચી ગયા છે તેમ જણાવ્યું હતું.

કોંગ્રેસના સંસદસભ્ય અને રાજયસભાના ઉમેદવાર એહમદ પટેલ,ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકી,પૂર્વ પ્રમુખ સિદ્ધાર્થ પટેલ આજે બનાસકાંઠા જીલ્લાની મુલાકાતે પહોંચ્યા હતા.ગુજરાતમાં પુર બાદ સર્જાયેલી પરિસ્થિતિના નિરીક્ષણ માટે મોડા મોડા પધારેલા કોંગ્રેસના આ દિગ્ગજ નેતાઓ આજે પુરની પરિસ્થિતિ બાદ લગભગ સપ્તાહ નિરીક્ષણ કરવા આવ્યા હતા.



ભરત સુંદેશા

અનુસંધાન પાના નં.૬

# કાંકરેજ તાલુકાના પૂરગ્રસ્ત લોકોની કોંગ્રેસ અગ્રણીઓએ મુલાકાત લીધી

**એહમદ પટેલ, ભરતસિંહ સોલંકી, સિધ્ધાર્થ પટેલ, જગદીશ ઠાકોર સહિત બ.કાં. - પાટણ જિલ્લાના આગેવાનોએ મૃતકોના સ્વજનોને મળી આશ્વાસન આપ્યું**



યશપાલસિંહ ટી.વાઘેલા

તા.પ્રતિ. થરા

કાંકરેજ તાલુકામાં બનાસનદીના ઘોડાપૂર બાદ સર્જાયેલી સ્થિતિ સામે તંત્ર કે પ્રજા કોણ વામણું સાબીત થયું તે કહેવું મુશ્કેલ છે પણ માનવ - પશુ જાનહાનીની સાથે આર્થિક પાયમાલી ભારે થઈ છે. જેમાં કાંકરેજ તાલુકાના ખારીયા આજુબાજુના વિસ્તારમાંજ ૩૪ જેટલી લાશ મળી છે ને અસંખ્ય પશુઓ મૃત્યુ પામ્યા છે ત્યારે ગઈકાલે મુખ્યમંત્રી વિજયરૂપાણીની મુલાકાત સાંજના સુમારે કોંગ્રેસ અગ્રણી રાજયસભાના ઉમેદવાર એહમદ પટેલ, કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકી, પૂર્વ પ્રમુખ સિધ્ધાર્થ પટેલ જગદીશ ઠાકોર સહિત બનાસકાંઠા - પાટણ જિલ્લાના કોંગ્રેસ આગેવાનોએ થરા ઠાકોર બોર્ડીંગ ખાતે રાહત કેમ્પની મુલાકાત લીધી હતી જયાં એક જ પરિવારના ૧૭ સ્વજનો પૂરના પાણીમાં તણાઈને મૃત્યુ પામ્યા તેમને તથા બીજા પૂર ગ્રસ્ત લોકોને મળીને આશ્વાસન આપ્યું હતું. અને અહીથી વિવિધ પૂરગ્રસ્ત વિસ્તારોમાં મોકલવામાં આવતી રાહત સામગ્રીનું નિરીક્ષણ કરી માહિતી મેળવી હતી. ત્યાંથી ઝાઝાવડા વાળીનાથ ધર્મશાળા

અનુસંધાન પાના નં.૬

# એક સપ્તાહ બાદ પણ વાવ પંથકમાંથી પૂરના પાણી હજુ ઓસર્યા નથી



(વિષ્ણુ પરમાર)

(તા.પ્રતિનિધિ) વાવ

જુલાઈ - ૨૦૧૫ ના વિનાશક પૂર બાદ ફરી જુલાઈ - ૧૦૧૭ માં વાવ પંથકમાં રાજસ્થાનની નદીઓનું વહેણ આવતાં અને ૨૦ ઈંચથી વધુ વરસાદ પડતાં નીચાણવાળા ગામોની ચારે તરફ પાણી ભરાઈ ગયા છે. જો કે પૂરને ૧૦ દીવસ વિતવા છતાં હજુ સુધી પુરના પાણી ગામમાંથી ઓસર્યા નથી. હજુ પરિસ્થિતિ જૈસેથે જેવી છે. વધુ પડતા પાણીના ભરાવાના લીધે મચ્છરનો ઉપદ્રવ વધ્યો છે.

રાજસ્થાનની નદીઓના વહેણ અને વધુ પડતા વરસાદથી નીચાણવાળા વિસ્તારો જેવા કે મોરીખા, માડકા, ભાચલી, ભાટવર, નાળોદર, લોદ્રાણી, ગોલગામ, ભાખરી, પ્રતાપપુરા, ઢીમા, ચુવા, ગંભીરપુરા, બાલુંત્રી, કારેલી, મી.ચારણ, ટડાવ જેવા ગામોમાં વિકટ પરિસ્થિતિ સર્જાઈ છે. વાવ પ્રતિનિધિએ પૂર ગામોની

અનુસંધાન પાના નં.૬

# ઢીમાની કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયની ૧૦૦ દિકરીઓનો પુરમાં આબાદ બચાવ

**એન.ડી.આર.એફ.ની મદદથી પાણીમાંથી બહાર કઢાઈ**



વર્ધાજી ચૌહાણ

પ્રતિનિધિ ઢીમા

તાજેતરમાં આવેલા ભયંકર પુરથી સમગ્ર બનાસકાંઠામાં ભારે તરાજી સર્જવા પામી છે ત્યારે વાવ તાલુકાની ઢીમા ગામની આવાસીય કન્યા વિદ્યાલયામાં ૧૦૦ દિકરીઓ નિવાસી અભ્યાસ કરે છે. વાવ, થરાદ, સુઈગામ તાલુકાની અલગ - અલગ ગામમાંથી અભ્યાસ કરતી બાળકીઓને સમય સુચકતાના લીધે જુદા જુદા ગામના વાલીઓને પૂર પૂર્વે ટેલિફોનિક જાણ વોર્ડન સી.અર.સી. દ્વારા કરતાં વાલીઓ આવીને લઈ ગયા હતા. પરંતુ કેટલાક વાલીઓ તુટેલા રસ્તાને લીધે આવી ન શકવાના કારણે

અનુસંધાન પાના નં.૬

## મુસ્લિમ બિરાદરોએ પણ માનવ ધર્મ જગાવ્યો...




*ધાનેરામાં પૂરના કારણે ભારે તરાજી સર્જાઈ છે. દરેક જગ્યાએથી શહેરને ફરી બેઠુ કરવા સહાયનો ધોધ વરસી રહ્યો છે. ત્યારે મુસ્લિમ બિરાદરોએ પણ ધાનેરામાં અસરગ્રસ્તોને રાહતસામગ્રી આપવા સહિત મંદિરો તથા શેરીઓના કાદવને દુર કરી સફાઈ કાર્ય હાથ ધર્યુ હતું. અત્યારે ધર્મના નામે કેટલાક લોકો ઝેર ફેલાવી રહ્યા છે તેની સામે આ મુસ્લિમ બિરાદરોએ પૂર અસરગ્રસ્તોને મદદ આવી માનવ ધર્મ નિભાવ્યો હતો. (એન.કે.મોદી)*

**ભૈયા મેરે રાખી કે બંધન કો નિભાના...**

# રેશમની દોરીના બદલે કલાત્મક રાખડીઓનું ચલણ



વિનોદ બાંડીવાલા

ડીસા

ભાઈ - બહેનના નિર્મળ અને નિર્ભેળ પ્રેમને ઉજાગર કરતા રક્ષાબંધન પર્વ આડે હવે ગણતરીના દિવસો બાકી રહ્યાં છે. ત્યારે ડીસા સહિત જિલ્લાની બજારોમાં અવનવી કલાત્મક અને ફેન્સી રાખડીઓ બજારની શોભામાં અભિવૃધ્ધિ કરી રહી છે.

શ્રાવણી પૂનમ એટલે કે બળેવના દિવસે રક્ષાબંધન પર્વની ઉજવણી સદીઓથી હર્ષોલ્લાસભેર ઉજવણી કરવામાં આવે છે. બહેનના સ્નેહથી ભીંજયેલો સૂતરનો દોરો ભાઈની રક્ષા કરે છે. બદલામાં ભાઈ પણ બહેનની તમામ પ્રકારે રક્ષા કરવાનું વચન આપે છે. ભૂતકાળમાં રાણી પદમાવતીની મુસ્લિમ બાદશાહ હુમાયુએ રક્ષા કરી હોવાના દાખલા ઈતિહાસમાં મોજુદ છે. દ્રોપદીએ પણ પોતાની સાડીનો છેડો ફાડી ભગવાન શ્રીકૃષ્ણને રાખડી બાંધી હોવાનો ઉલ્લેખ મહાભારતમાં છે. મતલબ રક્ષાબંધનની ઉજવણી આદિકાળથી ચાલી આવે છે. પરંતુ સમયના વહેણ પ્રમાણે ઉજવણીમાં ધરખમ ફેરફાર જોવા મળે છે. અગાઉ બહેન ભાઈના હાથે રેશમની બનેલી રાખડી બાંધતી હતી. પરંતુ આ પરંપરા હવે ભૂલાઈ ગઈ છે. રેશમની પરંપરાગત દોરીના બદલે હવે બજારોમાં વિવિધ પ્રકારની ફેન્સી રાખડીઓ ઠલવાઈ છે. જે ૧૦ થી માંડી ૧૦૦૦ રૂપિયાના ભાવે મળી રહી છે. હાલમાં અતિ ભારે વરસાદ પડી રહ્યો છે. તેથી રાખડી બજાર ઠંડુગાર છે પરંતુ હવે રક્ષબંધનનું પર્વ નજીક આવતા જ મહિલાઓ રાખડીઓ ખરીદવા ઉમટી પડશે. તેવી વેપારીઓને આશા બંધાઈ છે.

**રક્ષાબંધન નજીક આવતા બજારોમાં કલાત્મક રાખડીઓનું આકર્ષણ**